Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૧૧
તા.૨૦-૧૨-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૪ પોષ સુદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૮ સૂર્યાસ્ત : ૦૫:૫૯

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૨.૩ | વડોદરા | ૧૭.૪ |
| અમદાવાદ | ૧૭.૬ | સુરત | ૨૦.૦ |
| ગાંધીનગર | ૧૬.૫ | નલિયા | ૧૧.૬ |

ચાંદી : ૩૭,૫૦૦ સોનું : ૨૯,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# મુખ્યમંત્રી પદ માટે સસ્પેન્સ : ગુજરાતનો નાથ કોણ ?

## નવ સીટીંગ પ્રધાનો હાર્યા હોઇ પ્રધાનમંડળમાં નવા ચહેરાઓને તક : સરદાર પટેલ સ્ટેડિયમ, સાબરમતી રિવરફ્રન્ટ અને ગાંધીનગરના મહાત્મા મંદિર સહિતના ત્રણ સ્થળમાંથી કોઇ એક પર શપથવિધિ સમારોહ યોજાશે



અમદાવાદ

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭માં ફરી એકવાર સત્તા જાળવી રાખવામાં સફળ થયેલી ભાજપ દ્વારા હવે પરિણામો બાદ નવી સરકારની રચના અને શપથવિધિ સમારોહની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ વખતની ચૂંટણીમાં સાત સીટીંગ પ્રધાનો હાર્યા હોઇ પ્રધાનમંડળમાં નવા ચહેરાઓને તક મળે તેવી પૂરી શકયતા છે. તો બીજીબાજુ, ભાજપ સરકારમાં આ વખતે મુખ્યમંત્રીનો ચહેરો વિજય ભાઇ રૂપાણીના નામ સાથે રિપીટ કરાય છે કે, નવા કોઇ ચહેરા પર પસંદગી ઉતારાય છે તે મુદ્દો પણ અત્યારે સૌથી મોટી ચર્ચામાં છે. આ વખતે ભાજપનો શપથવિધિ સમારોહ સરદાર પટેલ સ્ટેડિયમ, સાબરમતી રિવરફ્રન્ટ અને ગાંધીનગર મહાત્મા મંદિર સહિતના ત્રણ સ્થળમાંથી કોઇ એક પર યોજાય તેવી શકયતા છે. શપથવિધિ સમારોહ ત્રણ સ્થળોમાંથી કયાં યોજી શકાય તેમ છે અને તેના અનુસંધાનમાં ટ્રાફિક, વીવીઆઇપી મહાનુ ભાવોની આવન જાવનની સરળતા, પાર્કિંગ, સુરક્ષા સહિતના ફેકટરને ધ્યાનમાં રાખી રાજયના મુખ્ય સચિવ જે.એન.સિંઘે આજે અમદાવાદ જિલ્લા કલેકટર અવન્તિકાસિંઘ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓના કાફલા સાથે સરદાર પટેલ સ્ટેડિયમ, સાબરમતી રિવરફ્રન્ટ અને ગાંધીનગર મહાત્મા મંદિરની મુલાકાત લઇ તમામ શકયતાઓ ચકાસી હતી અને શપથવિધિ સમારોહ યોજવા સંબંધી તમામ પાસા ધ્યાનમાં લીધા હતા. નવી સરકારનો શપથવિધિ સમારોહ આમ તો, તા.૨૫મી ડિસેમ્બરે યોજાય તેવી શકયતાઓ સેવાઇ રહી છે પરંતુ મુખ્ય સચિવ જે.એન. સિંઘના મતે, જો તંત્ર અને સરકારની સૂચના નિર્દેશાનુસાર તે વહેલો એકાદ બે દિવસમાં પણ યોજાઇ શકે છે. ભાજપ દ્વારા નવી સરકારની રચના અને પ્રધાન મંડળમાં કયા કયા પ્રધાનોને સમાવવા તે સહિતની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. અનુસંધાન પાના નં.૬

## મુખ્યમંત્રી રૂપાણીની સાથે અન્ય મજબૂત વિકલ્પ શોધાઈ રહ્યો છે

**પદ માટેનો અંતિમ નિર્ણય મોવડીમંડળ કરશે**

અમદાવાદ

ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ભાજપની ભલે જીત થઇ હોય પરંતુ હિમાચલમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર પ્રેમકુમાર ધુમલની હાર બાદ હવે ભાજપ માટે નવો ચહેરો લાવવાની સમસ્યા સર્જાવવા પામી છે જયાં એક તરફ ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી વિજય રૂપાણીનો રાજકોટમાં ભવ્ય વિજય થયો છે ત્યાં બીજી તરફ હિમાચલમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર એવા પ્રેમકુમાર ધુમલની હાર બાદ હવે પક્ષ નવો ચહેરો લાવી અને સરપ્રાઇઝ આપી શકે છે. સૌથી મોટો સવાલ એ છે કે, ગુજરાતમાં અને હિમાચલમાં નવા મુખ્યમંત્રી કોણ બનશે આ અટકળોની વચ્ચે એમ માનવામાં આવી રહ્યું છે કે, મુખ્યમંત્રી કોણ બનશે તે અંગેનો નિર્ણય વિધાયક દળની બેઠક મળશે જેમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરાશે. વિજય રૂપાણીએ મુખ્યમંત્રી તરીકે ચૂંટણી લડી છે. એટલે એમ માનવામાં આવી રહ્યું છે કે, તેમને જ પક્ષ દ્વારા મુખ્યમંત્રી તરીકે ફરી બાગડોર સોંપાઇ શકે છે. આમ છતાં અંતિમ નિર્ણય હાઈકમાન્ડના આદેશ ઉપર લેવામાં આવશે. ગુજરાતમાં ભાજપને ૯૯ બેઠક મળી છે. વડાપ્રધાન તરીકે અનુસંધાન પાના નં.૬

## મહેસાણામાં પરિણામ બાદ કોંગીની ત્રિદિવસીય ચિંતન શિબિર થશે

**ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને પદાધિકારીઓ ભાગ લેશે ૨૨મીએ રાહુલ ગાંધી ચિંતન શિબિરમાં આવે તેવી વકી**

અમદાવાદ

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ હવે આવતીકાલથી કોંગ્રેસની ત્રણ દિવસની ચિંતન શિબિર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કચેરી ખાતે મળવા જઇ રહી છે. તા.૨૦થી ૨૨ ડિસેમ્બર સુધી એમ ત્રણ દિવસની આ ચિંતન શિબિરમાં આ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની હારના કારણો અને ફેકટરની સમીક્ષા અને મનોમંથન થશે. ચિંતન શિબિરમાં કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, હારી ગયેલા સિનિયર નેતાઓ શકિતસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા સહિતના પદાધિકારીઓ અને આગેવાનો હાજર રહેશે. તો, તા.૨૨મી ડિસેમ્બરે ચિંતન શિબિરના છેલ્લા દિવસે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી પણ તેમાં ભાગ લેવા આવે તેવી શકયતા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે. છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં સત્તાનું શાસન જમાવીને બેઠેલી ભાજપ ફરી એક વખત પોતાની સત્તા બચાવવામાં સફળ થઇ ગઇ, જેની સામે કોંગ્રેસ આ વખતે તેની તરફેણનું વાતાવરણ હોવાછતાં અને હાર્દિક પટેલ, જીગ્નેશ મેવાણી અને અલ્પેશ ઠાકોર એ ત્રણેય આંદોલનકારી યુવા નેતાઓનો સાથ અને પીઠબળ મળવા છતાં સત્તા સુધી પહોંચવામાં નિષ્ફળ રહી. અલબત્ત, કોંગ્રેસ આ વખતની અનુસંધાન પાના નં.૬

## ગુજરાત : આપ, બસપ કરતા તો નોટાને વધુ મતો

નવી દિલ્હી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદારો દ્વારા નોટા અથવા તો કોઇ ઉમેદવાર પસંદ નથી તેવા વિકલ્પ ધરાવતા બટનનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો છે. આંકડા પરથી આ મુજબની સાબિતી મળી જાય છે. ઈવીએમ પર આ બટન દબાવનાર આંગળીની સંખ્યા આમ આદમી પાર્ટી, એનસીપી અને બહુજન સમાજ પાર્ટીને મળેલા વોટ કરતા વધારે રહી છે. ઈવીએમમાં નોટા મારફતે મતદારો તેમની એવી ભાવના દર્શાવે છે કે ચૂંટણી મેદાનમાં ઉતારી દેવામાં આવેલા ઉમેદવાર પૈકી કોઇ ઉમેદવાર તેમને પસંદ નથી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૫૫૧૨૯૪ મતદારો દ્વારા નોટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### લોકોએ ભાજપને આપ્યો મેસેજ

## ગુજરાતના પરિણામોએ ભાજપને ભારે આંચકો આપ્યો : રાહુલ ગાંધી

**પરિણામ બાદ રાહુલે મૌન તોડતા ફરી એકવખત રાફેલ અને જય શાહના મામલે મોદી ઉપર આકરા પ્રહાર કર્યા**

નવીદિલ્હી

ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભાના પરિણામો બાદ અંતે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાની ચુપકીદી તોડતા કહ્યું કે, લોકોએ જે નિર્ણય આપ્યો છે તેઓને તે સ્વીકાર કરે છે પરંતુ આ પરિણામ એ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંને માટે બોધપાઠ લેવા બરોબર છે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, દેશની જનતા હવે ભાજપના ષડયંત્રો સમજવા લાગી છે અને આવનારા સમયમાં આની અસર જોવા મળશે. તેમણે એમ પણ કહ્યું કે, આ પરિણામો એ કોંગ્રેસ અને મારા માટે નૈતિક મનોબળની જીત છે. રાહુલે ગુજરાત પરિણામો અંગે ટિપ્પણી કરતા કહ્યું કે, આ પરિણામોએ વડાપ્રધાન મોદી અને ભાજપને એવો સંકેત આપ્યો છે કે, જો તમારામાં ગુસ્સો અને ક્રોધ છે તો તે તમને કામ નહીં આવે. કેટલો પણ ગુસ્સો હોય, કેટલા પણ પૈસા હોય અને કેટલો પણ પાવર હોય પરંતુ પ્રેમ તેને હરાવી દે છે અને આ પ્રેમ મને દેખાયો છે. ગુજરાત અને હિમાચલમાં લોકોએ આપેલા પરિણામ અંગે આભાર માનતા તેમણે કહ્યું કે, આ બંને રાજ્યોના પરિણામો માટે હું રાજ્યોની જનતાનો આભાર માનું છું. રાહુલે કહ્યું કે, રસપ્રદ વાત એ છે કે, ચૂંટણી જીત્યા બાદ મોદી જેમ કહી રહ્યા છે તેમ આ તેમના વિકાસની ચૂંટણીની જીત છે. જીએસટી ઉપર લોકોએ મુકેલા વિશ્વાસની જીત છે પરંતુ તેમના ભાષણમાં ક્યાંય તેમણે વિકાસ કે જીએસટીનો ઉલ્લેખ કર્યો ન હતો. આ તબક્કે વડાપ્રધાનની વિશ્વસનીયતા ઉપર પણ ખુબ મોટો સવાલ થાય છે. આવનારા સમયમાં આ વિશ્વસનીયતા લોકોમાં છવાયેલી છે કે કેમ તે અંગે જોવા મળશે.

### સરકારી કર્મચારીઓની જેમ જ વધારીને ૨૦ લાખ કરવા તૈયારી

## ખાનગી સેક્ટરના કર્મીઓ માટે ગ્રેચ્યુટી લિમિટ વધારવા તૈયારી

**પેમેન્ટ ઓફ ગ્રેચ્યુટી સુધારા બિલ સંસદમાં રજૂ કરાયા બાદ હવે આશા વધી ગ્રેચ્યુટીની રકમ દરેક વર્ષ માટે ૧૫ દિવસના વેતનના આધારે નક્કી થાય છે**

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે હવે ખાનગી સેક્ટરના કર્મચારીઓ માટે ગ્રેચ્યુટી લિમિટ વધારી દેવા અને મૈટરનિટી લીલ આપવા માટે લોકસભામાં બિલ રજૂ કરી દીધુ છે. આ બિલ રજૂ કરવામાં આવ્યા બાદ ખાનગી સેક્ટરમાં કામ કરતા કર્મચારીઓને રાહત મળે તેવી શક્યતા છે. પ્રાઈવેટ સેક્ટરમાં ગ્રેચ્યુટી લિમિટ સરકારી કર્મચારીઓની જેમજ વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવે તેવી શક્યતા છે. શ્રમ પ્રધાન સંતોષ કુમાર ગંગવારે પેમેન્ટ ઓફ ગ્રેચ્યુટી બિલ સંસદમાં રજૂ કર્યા બાદ આને લઈને આશા વધી ગઇ છે. પેમેન્ટ ઓફ ગ્રેચ્યુટી એક્ટ ૧૯૭૨ને ફેક્ટરીઓ, ખાણ, ઓઈલફિલ્ડ, પ્લાનટેશન, પોર્ટ, રેલવે, દુકાનો અને અન્ય સ્થાનોમાં નોકરી કરતા કર્મચારીઓ માટે લાગુ કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા હતી. તે ૧૦થી વધારે કર્મચારીઓવાળી સંસ્થામાં ઓછામાં ઓછા પાંચ વર્ષની નોકરી પૂર્ણ કરનાર કર્મચારીઓ માટે લાગુ થાય છે. આ ઉપરાંત મૈટરનિટી બેનિફિટ એક્ટ ૨૦૧૭ મારફતે મૈટરનિટી લીવને ૧૨ સપ્તાહથી વધારીને ૨૬ સપ્તાહ સુધી કરી દેવામાં આવનાર છે.તમામ જાણકાર નિષ્ણાંતો કહે છે કે ગ્રેચ્યુટીની રકમ નોકરીના દરેક વર્ષ માટે ૧૫ દિવસના વેતનના આધાર પર નક્કી કરવામાં આવે છે. તેની મહતમ મર્યાદા અનુસંધાન પાના નં.૬

### ગુજરાત વિધાનસભામાં નજીવા તફાવતની જીત

## રાજ્યસભાની ભાજપની બેઠકો પર અસર દેખાશે

**આગામી વર્ષે નાણામંત્રી અરુણ જેટલી ઉપરાંત પુરુષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા અને શંકર વેગાડ નિવૃત્ત થશે**

નવીદિલ્હી

ગુજરાત વિધાનસભામાં ભાજપને બહુમતિ મળ્યા બાદ પણ પક્ષને રાજ્યસભાની દ્રષ્ટિએ નુકસાન થઇ શકે છે. આગામી વર્ષે માર્ચ માસમાં સંસદના ઉપલા સદનમાં ૫૦ નવા સભ્યો દેશના ૧૪ રાજ્યોમાંથી ચૂંટી કાઢવામાં આવશે જેમાં ચાર સીટ રાજ્યસભાની ગુજરાતના ક્વોટાની છે. ગુજરાતમાં ૯૯ સીટો સાથે બહુમતિ મેળવનાર ભાજપને હવે ચાર બેઠકોમાંથી બે બેઠકો મળી શકે છે. બાકીની બે બેઠકો કોંગ્રેસના ખાતામાં જશે. ૧૮૨ બેઠકોવાળી ગુજરાત વિધાનસભામાં ચાર બેઠક રાજ્યસભાની ફાળવવામાં આવી છે. જેમાં ૩૬ ધારાસભ્યોની સામે એક બેઠકનો સમાવેશ થાય છે. ભાજપના સોમવારે ૯૯ ધારાસભ્યો ચૂંટાયા છે જ્યારે કોંગ્રેસના ૮૦ ધારાસભ્યો ચૂંટાયા છે. આ ગણતરીના આધારે બંને પક્ષોને રાજ્ય સભાની બે-બે સીટ મળવા જઈ રહી છે. રાજ્ય સભાની ચાર બેઠકો ઉપર ગુજરાત તરફથી પ્રતિનિધિત્વ કરી રહેલા ચારેય પ્રતિનિધિઓ વર્ષ ૨૦૧૮માં નિવૃત્ત થઇ રહ્યા છે. આ પરિસ્થિતિમાં એપ્રિલમાં ભાજપના ચાર રાજ્યસભાના સાંસદ પોતાનું સત્ર પુરુ કરી રિટાયર્ડ થશે જેમાં કેન્દ્ર સરકારના નાણામંત્રી અરુણ જેટલી ઉપરાંત પુરુષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા અનુસંધાન પાના નં.૬

### નાણામંત્રી અરુણ જેટલીએ આપેલો સ્પષ્ટ સંકેત

## પેટ્રોલ -ડીઝલને જીએસટી દાયરામાં ટૂંકમાં જ લવાશે

**પેટ્રોલિયમ પ્રોડક્ટની વધતી કિંમતો મામલે નાણામંત્રીએ રાજ્યો દ્વારા વસુલાતા વિવિધ વેરાને જવાબદાર ઠેરવ્યા**

નવીદિલ્હી

પેટ્રોલ અને ડીઝલને પણ જીએસટીના દાયરામાં લાવવા અંગે નાણામંત્રી અરુણ જેટલીએ આજે સંકેત આપ્યો છે. જેટલીએ એક મહત્વપૂર્ણ નિવેદન કરતા કહ્યું કે, હાલ એક સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે જેમાં પેટ્રોલિયમ પ્રોડક્ટ કે જેમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી આ ત્રણેય ચીજોને જીએસટી વ્યવસ્થા હેઠળ લાવવા કેવા પ્રકારનું માળખુ કે આયોજન ઘડી અને અમલ કરી શકાય. નાણામંત્રીએ એમ પણ કહ્યું કે, અમને આશા છે કે, પેટ્રોલ અને ડીઝલ અને પેટ્રોલિયમ પ્રોડક્ટને પણ જીએસટીના દાયરામાં લાવવાની બાબત પર રાજ્યો પોતાની સહમતિ દર્શાવશે. રાજ્યસભામાં વિપક્ષી સાંસદો દ્વારા પેટ્રોલિયમ પ્રોડક્ટોને જીએસટીના દાયરામાં લાવવા અંગે કરવામાં આવેલા સવાલનો જવાબ આપતા નાણામંત્રી અરુણ જેટલીએ કહ્યું કે, અમે પણ પેટ્રોલિયમ પ્રોડક્ટને જીએસટીની વ્યવસ્થા હેઠળ લાવવાના પક્ષમાં છીએ. રાજ્યસભામાં પૂર્વ નાણામંત્રી અનુસંધાન પાના નં.૬

## ભારત-શ્રીલંકાની વચ્ચે કટક ટ્વેન્ટી-૨૦ને લઇ રોમાંચ

કટક

ટેસ્ટ અને વનડે શ્રેણી બાદ હવે ભારત અને શ્રીલંકા વચ્ચે ટ્વેન્ટી મેચની શ્રેણી શરૂ થઇ રહી છે. ત્રણ ટ્વેન્ટી-૨૦ મેચોની શ્રેણી પૈકીની પ્રથમ મેચ આવતીકાલે કટક ખાતે રમાનાર છે. શ્રીલંકા તરફથી સ્પીડ સ્ટાર લાસિત માલિંગા રમનાર નથી. ભારતીય ટીમ રોહિત શર્માના નેતૃત્વમાં મેદાનમાં ઉતરનાર છે. કટક મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. વિશાખાપટ્ટનમ ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ વનડે મેચમાં ભારતે શ્રીલંકા ઉપર આઠ વિકેટે એક તરફી જીત મેળવી હતી.

## વિચાર વૈભવ...

### હું તો જાણું છું ને!

સવારના નવ વાગ્યાની આસપાસનો સમય હતો.

પોતાના હાથના અંગૂઠા પર લીધેલા ટાંકા કઢાવવા માટે એક દાદા પરદેશના એક નર્સિંગ હોમનાં વેઈટિંગ રૂમમાં બેઠા હતા. ડ્યુટિ પરની નર્સ પોતાના કામમાં થોડી વ્યસ્ત હતી. પોતે ઉતાવળમાં છે એવું દાદાએ નર્સને એકાદ- બે વખત કહ્યું એટલે નર્સે એમનો કેસ હાથમાં લીધો. દાદાના અંગૂઠા પરનો ઘા જોયો, બધી વિગત જોઈ. એ પછી એ નર્સે અંદર જઈ ડૉક્ટરને જાણ કરી. ડૉક્ટરે દાદાના ટાંકા કાઢી નાખવાની નર્સને સૂચના આપી.

નર્સે દાદાને ટેબલ પર સૂવડાવ્યા. પછી પૂછ્યું, 'દાદા! તમારી ઉતાવળનું કારણ હું પૂછી શકું? કોઈ બીજા ડૉક્ટરને બતાવવા માટે જવાનું છે?'

'ના બહેન! પરંતુ ફલાણા નર્સિંગ હોમમા મારી પત્નીને દાખલ કરેલી છે. એની સાથે નાસ્તો કરવાનો સમય થઈ ગયો છે. છેલ્લાં પાંચ વરસથી એ નર્સિંગ હોમમાં મારી પત્ની દાખલ થયેલી છે.'

'પાંચ વરસથી? શું થયું છે એને?' નર્સે પૂછ્યું.

'એને સ્મૃતિભ્રંશ-અલ્ઝાઈમર્સનો રોગ થયેલો છે.' દાદાએ જવાબ આપ્યો.

મોં પર સહાનુભૂતિના ભાવ સાથે નર્સે ટાંકા કાઢવાની શરૂઆત કરી. એકાદ ટાંકાનો દોરો ખેંચતી વખતે દાદાથી સહેજ સિસકારો થઈ ગયો એટલે એમનું ધ્યાન બીજે દોરવા નર્સે ફરીથી વાત શરૂ કરી, 'દાદા! તમે મોડા પડશો તો તમારાં પત્ની ચિંતા કરશે કે તમને ખિજાશે. ખરા?'

દાદા બે ક્ષણ નર્સ સામે જોઈ રહ્યા. પછી બોલ્યા, 'ના! જરા પણ નહીં. એ ચિંતા પણ નહીં કરે અને ખિજાશે પણ નહીં, કારણ કે છેલ્લાં પાંચ વરસથી એની યાદશકિત સંપૂર્ણપણે ચાલી ગઈ છે. એ કોઈને ઓળખતી જ નથી હું કોણ છું એ પણ એને ખબર નથી!'

નર્સને અત્યંત નવાઈ લાગી. એનાથી પુછાઈ ગયું 'દાદા! જે વ્યકિત તમને ઓળખતી પણ નથી એના માટે તમે છેલ્લાં પાંચ વરસથી નિયમિત નર્સિંગ હોમમાં જાઓ છો? તમે આટલી બધી કાળજી લો છો, પરંતુ એને તો ખબર જ નથી કે તમે કોણ છો?'

દાદાએ નર્સનો હાથ પોતાના હાથમાં લઈ હળવેથી કહ્યું, 'બેટા! કોને ખબર નથી કે હું કોણ છું, પરંતુ મને તો ખબર છે ને કે એ કોણ છે?'

દાદાની આંખોના ખૂણામાં ભીનાશ આવી ગઈ અને નર્સની આંખોમાં આંસુ!

સાચો પ્રેમ એટલે.. સામી વ્યક્તિનો જેમ છે તેમ સંપૂર્ણ સ્વીકાર જે છે તેનો સ્વીકાર, ભવિષ્યમાં જે હશે તેનો સ્વીકાર અને જે કંઈ નહીં હોય તેનો પણ સ્વીકાર!

## બેસણું



સ્વ.નાથીબેન મેહાભાઈ ચૌધરી
સ્વ.તા.૧૯/૧૨/૨૦૧૭
મંગળવાર

અમારા પૂજ્ય માતૃશ્રી નાથીબેન મેહાભાઈ ચૌધરીનું દુઃખદ અવસાન તા.૧૯/૧૨/૨૦૧૭ ને મંગળવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્ગતનું બેસણું સમાજના રીતરિવાજ મુજબ તા.૨૨/૧૨/૨૦૧૭ ને શુક્રવારના રોજ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

મુ.રતનપુરા, પો.ભીલડી, તા.ડીસા, જિ.બનાસકાંઠા
સમય : ૮ થી ૧૨ કલાકે, મો.૯૪૨૬૩૩૬૮૨૫

લિ.

| | |
|---|---|
| ચૌધરી નાગજીભાઈ મેહાભાઈ - પુત્ર | ચૌધરી સ્વ.અમરાભાઈ સામતાભાઈ |
| ચૌધરી પેથાભાઈ મેહાભાઈ - પુત્ર | ચૌધરી માનસુંગભાઈ સામતાભાઈ |
| ચૌધરી દેવાભાઈ મેહાભાઈ - પુત્ર | ચૌધરી કાનજીભાઈ સામતાભાઈ |
| ચૌધરી કલ્યાણભાઈ મેહાભાઈ - પુત્ર | ચૌધરી હરજીભાઈ સામતાભાઈ |
| ચૌધરી નાગજીભાઈ માધાભાઈ - ભત્રીજા | ચૌધરી સ્વ.જગમાલભાઈ ત્રિકમાભાઈ |
| ચૌધરી શીવાભાઈ ત્રિકમાભાઈ - ભત્રીજા | ચૌધરી ભેમાભાઈ ત્રિકમાભાઈ |

સમસ્ત ગુડોલ પરિવાર, રતનપુરા (ભીલડી)

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુઃખાવો • યાદશક્તી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર • સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફિઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

**સૂર્યોદય - ૭.૧૮ સૂર્યાસ્ત - ૫.૫૯**

## તિથિદર્શન
પોષ સુદ-૨ બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ સુદ : બીજ બુધવાર નક્ષત્ર:મુળ સવારે ૧૦.૧૦ પછી પૂર્વ ષાઢા યોગ :વૃદ્ધિ કરણ :બાલવ આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)મોઢે આવેલો કોળિયો છીનવાઇ જાય. પડવા-વાગવાથી સંભાળવું.**
**વૃષભ : (બ.વ.ઉ.) આરોગ્ય અંગે સાવચેત રહેવું હિતાવહ. અણધાર્યો લાભ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.**
**કર્ક : (ડ.હ.)કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**સિંહ : (મ.ટ.) મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.**
**કન્યા : (પ.ઠ.ણ.) મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ મળે.**
**તુલા : (ર.ત.) મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.**
**વૃશ્ચિક :(ન.ય.) વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.**
**ધન : (ભ.ફ.ધ.)ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.**
**મકર : (ખ.જ.)લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.)ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય**
**મીન : (દ.ચ.જ.થ.) અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે**

# ધાનેરા વિવેકાનંદ કેમ્પસનું ગૌરવ

તા પ્રતિ. ધાનેરા

શ્રી ધાનેરા તાલુકા યુવક પ્રગતિ સંચાલિત સ્વ. સોનાબેન હીરાભાઈ ગુડોલ આદર્શ પ્રા.શા.(વિવેકાનંદ કેમ્પસ)માં સંગીત શિક્ષણ તરીકે ફરજ બજાવતા બારોટ જશવંતભાઈ મફાભાઈ જેમને ચાલુ સાલ.૨૦૧૭ ના યુવા મહોત્સવ. રાજયકક્ષા એ ગઝલ શાયરી લેખન સ્પર્ધા, પાલીતાણા મુકામે તા.૧૮-૧૨-૧૭ ના રોજ યોજાયેલ જેમાં ભાગ લઈ રાજયકક્ષાએ ''દ્વિતિય'' સ્થાન મેળવીને શાળા તેમજ સંસ્થાનું ગૌરવ વધારેલ છે. તે બદલ શાળાના આચાર્ય રમેશભાઈ સેન, સંસ્થાના પ્રમુખ રાયમલભાઈ પટેલ અને સંસ્થાના મંત્રી દિનેશભાઈ પટેલ સ્ટાફગણ અને સંસ્થાના સદસ્યોએ અભિનંદન પાઠવીને ઉજ્જળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે.

# નવી સરકારનું પ્રથમ બજેટસત્ર નવા સંકુલમાં મળશે

ગાંધીનગર

બજેટસત્ર નવા વિધાનસભા સંકૂલમાં મળશે. નવી સરકારનું પ્રથમ બજેટસત્ર નવા સંકૂલમાં મળશે. મહત્વનું છે કે વિધાનસભાના નવા સંકુલનું ૭૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. ૧૨૦ કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલા વિધાનસભા સંકુલનું મોટાભાગનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. નવા સંકુલમાં ૨૨૦ ધારાસભ્યોની બેઠકની ક્ષમતા ધરાવતા આ વિધાનસભા સંકુલનું રિનોવેશન કામ ૧૫ ફેબ્રુઆરી સુધી પૂર્ણ થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતિથી ભાજપની જીત થઇ છે. જેમાં કોંગ્રેસે ભાજપને કડક ટક્કર આપી છે. ત્યારે ભાજપ નવા મુખ્યમંત્રી અને નવા મંત્રીમંડળની તૈયારી કરી રહ્યું છે. નવા મંત્રીમંડળ જેનું ગાંધીનગરમાં બજેટસત્ર નવા વિધાનસભા સંકૂલમાં મળશે.

નવા વિધાનસભા સંકુલનું ૭૦ ટકા કામ પૂર્ણ થઇ ચૂક્યું છે. જયારે ૩૦ ટકા કામ ઝડપીથી પૂર્ણ કરવામાં આવી રહ્યું છે. આ ૧૨૦ કરોડના ખર્ચે નિર્માણ થઇ રહેલ સંકુલમાં ૨૨૦ જેટલા ધારાસભ્યોની બેઠક થઇ શકે એટલી ક્ષમતા છે. સુત્રોના જણાવ્યા અનુસાર, આ સંકુલની કામગીરી ૧૫ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ થઇ શકે છે.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૨૦.૧૨.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નવી તેજી સંદર્ભે નિફ્ટી ફ્યુચર ૧૦૪૦૪ પોઈન્ટ નો સ્ટ્રોંગ સપોર્ટ...!!!**

**તા. ૧૯.૧૨.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૪૭૨ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૩૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૦૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૦૫ પોઈન્ટ થી ૧૦૫૧૭ પોઈન્ટ, ૧૦૫૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૫૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૯.૧૨.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૭૧૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૬૬૪ પોઈન્ટના પ્રથમ અને ૨૫૫૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૭૭૦ પોઈન્ટ થી ૨૫૮૦૮ પોઈન્ટ, ૨૫૮૮૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૮૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**મહેન્દ્રા & મહેન્દ્રા (૧૫૪૯) :- ઓટો ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૫૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૫૧૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૫૭૩ થી રૂ.૧૫૮૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૫૮૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૩૫૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૩૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૩૧૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૬૭ થી રૂ.૧૩૭૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**ડીવીઝ લેબ (૧૦૬૪) :- રૂ.૧૦૪૭ નો પ્રથમ તેમજ રૂ.૧૦૩૦ ના બીજા સપોટ-'થી ફાર્મા સેક્ટર નો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૭૭ થી રૂ.૧૦૮૧ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૯૨૮) :- રીફાઇનરી સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૪૨ થી રૂ.૯૫૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૧૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**એકસિસ બેન્ક (૫૫૬) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૪૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૬૭ થી રૂ.૫૭૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

**ડો.huœe (૨૪૦૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૪૪૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૩૮૭ થી રૂ.૨૩૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૪૬૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**HDFC લિમિટેડ (૧૭૧૩) :- રૂ.૧૭૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૭૪૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૬૯૭ થી રૂ.૧૬૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૭૪૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૭૫) :- બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૬૯૦ ના સ્ટોપલોસથી વેચાણ લાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૬૬૦ થી રૂ.૧૬૪૪ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!**

**ભારત પેટ્રો (૫૩૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રીફાઇનરી સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૧૭ થી રૂ.૫૦૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૫૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**યશ બેન્ક (૩૧૩) :- રૂ.૩૨૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૩૭ ના સ્ટોપલોસે વેચવાલાયક બેન્ક સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૦૩ થી રૂ.૨૯૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૩૩૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!

## બંને પક્ષ માટે આકરી કસોટી

# આગામી વર્ષે ૮ રાજયમાં વિધાનસભાની ચૂંટણી થશે

બેંગ્લોર

આગામી વર્ષે દેશમાં જે રાજયોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવવા જઇ રહી છે તેમાં કર્ણાટક ઉપરાંત ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડની સાથે મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને મિઝોરમ વિધાનસભાનો પણ સમાવેશ થાય છે. ગુજરાત અને હિમાચલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળા ભાજપને મળેલી બહુમતિ બાદ અને વર્ષ ૨૦૧૯માં આવી રહેલી લોકસભાની ચૂંટણી અગાઉ આગામી વર્ષે યોજાનારી આ તમામ વિધાનસભાની ચૂંટણી માટે વિપક્ષ કોંગ્રેસની સાથે ભાજપનો પણ લિટમટટેસ્ટ સાબિત થશે. કેમ કે ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી આવશે તે અગાઉ આ તમામ રાજ્યોમાં ભાજપ કેવું પ્રદર્શન કરે છે તેના ઉપર વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીના પરિણામ ઉપર તમામ દારોમદાર રહેશે.

# ગુજરાતના પરિણામો જોતાં મોદી સરકાર બજેટમાં ખેડૂલક્ષી પગલાં જાહેર કરશે...?

ન્યુ દિલ્હી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો ગઈકાલે આવ્યા બાદ ભલે ભાજપને સત્તા મળી છે પરંતુ તેની ઘણી બેઠકો ઘટી ગઈ છે માટે મોવડી મંડળ અને સરકાર ચિંતામાં છે. કોંગ્રેસે જોરદાર દેખાવ કર્યો છે માટે હવે આગામી કેન્દ્રીય બજેટનું સ્વરૂપ પણ બદલાઈ જવાનું છે અને કૃષિ પર તેમજ ખેડૂતો તરફ વધુ લક્ષ્ય આપવામાં આવે તેવી શક્યતા છે. આમ ગુજરાતમાં નબળા દેખાવને લીધે બજેટનું ડાયરેક્શન ફેરવી નાખવાની ફરજ પડી છે.

ફેબ્રુઆરીમાં કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી સંસદમાં બજેટ રજૂ કરશે અને તેમાં મોટાભાગે કૃષિ પર વધુ ધ્યાન આપવામાં આવશે અને ગ્રામ્ય ઈકોનોમીને વધુ મજબૂત બનાવવા તરફ લક્ષ્ય આપીને તે મુજબના પગલાં જાહેર કરાશે. એ જ રીતે જીએસટીથી ધ્યાન હટાવીને હવે એમએસપી તરફ મોદી સરકારને વળવાની ફરજ પડશે. એમએસપી એટલે લઘુત્તમ ટેકાના ભાવને ઉત્તેજન આપવું પડશે.

અરૂણ જેટલીએ વાતચીત કરતાં આ સંકેત આપ્યો છે અને કહ્યું છે કે ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં આવેલા પરિણામો ખેડૂતોની નારાજગીનો સંકેત આપે છે. હવે સરકાર એમની સમસ્યાઓનું મૂલ્યાંકન કરશે અને તેને ઉકેલવા તરફ ધ્યાન આપશે. ગ્રામ્ય ભારતમાં વધુ ખર્ચ કરવાને બદલે ખેડૂતોની સમસ્યા ઉકેલવા તરફ ધ્યાન અપાશે છતાં ગ્રામ્ય ઈકોનોમીને મજબૂત બનાવવા માટે સરકારે પગલાં લેવા પડશે. એમણે એમ પણ કહ્યું કે ગુજરાત અને હિમાચલમાં જે જીત થઈ છે તેને અમે જીએસટીને લોકોનો ટેકો મળ્યો છે તેમ ગણશું. જીએસટીની સામે જે હોબાળો થઈ રહ્યો છે તે ખોટો છે.

કેન્દ્રીય કૃષિમંત્રી રાધામોહનસિંઘે કહ્યું છે કે સરકાર હવે ખેડૂત કલ્યાણ સ્કીમો તરફ વધુ ધ્યાન આપશે અને તેને પ્રોત્સાહન આપશે અને તેનો વ્યવસ્થિત અમલ થાય તેવી સિસ્ટમ ગોઠવશે. ખાસ કરીને લઘુત્તમ ટેકાના ભાવના પેમેન્ટમાં કોઈ વિલંબ ન થાય તેની વ્યવસ્થા થશે. ખેડૂતોની ઈક્રમ ડબલ થાય તેવા અમારા પ્રયાસ રહેશે અને એમનું ઉત્પાદન વધે તેવા પગલાં બજેટમાં આવશે. કેટલાક રાજ્યોમાં હજુ પણ ખેતવિકાસ બરોબર નથી અને એમને લઘુત્તમ ટેકાના ભાવ વધુ આપવામાં આવશે. ફેબ્રુઆરીમાં રજૂ થનારું આ બજેટ મોદી સરકારનું છું બજેટ હશે કારણ કે ત્યારબાદ ૨૦૧૯માં ચૂંટણી આવવાની છે અને એટલા માટે જ આ છેલ્લા બજેટમાં પોતાનું નબળું પડેલું ગ્રામ્ય લેવલ ઉંચુ લાવવા માટે બજેટમાં પ્રયાસ થશે અને ખેડૂતોને આકર્ષવાની કોશિશ થશે.

## આજે દિલ્હીમાં મળશે ભાજપની પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક

ન્યુ દિલ્હી

ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણી બાદ ભાજપની કેન્દ્રીય પાર્લામેન્ટરીની બેઠક આવતીકાલે મળશે. અમિત શાહના નેતૃત્વમાં મળનારી કેન્દ્રીય પાર્લામેન્ટરીની બેઠક આવતીકાલે સાંજે ૬ વાગ્યે દિલ્હી ખાતે મળશે. આ બેઠકમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીમાં જીત બાદ મુખ્યમંત્રીના નામો પર ચર્ચા થશે. તેમજ આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહેશે.

# નેશનલ કક્ષાએ એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલના વિદ્યાર્થીને ગોલ્ડમેડલ



ડીસા

ડીસા શહેરની સૌથી જુની અને પ્રતિષ્ઠિત એવી સર ચાર્લ્સ વોટસન હાઈસ્કૂલના ધો.૧૨ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી અજય રવિન્દ્રપ્રસાદ કનોજીયાએ તાજેતરમાં જગ્તીયાલ, તેલંગાણા રાજયમાંરાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરી ૬૩ મી નેશનલ સ્કૂલ ગેમ્સ-૨૦૧૭-૧૮ બોયઝ અન્ડર-૧૯ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રાષ્ટ્રકક્ષાએ રમી ઓલરાઉન્ડર દેખાવ કરી સર્વોચ્ચ એવો ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે.

આ સિધ્ધી પ્રાપ્ત કરી અજય કનોજીયાએ શાળા શહેર સહિત બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. જે બદલ શાળાના આચાર્ય વી.કે.મોદી અને સમગ્ર શાળા પરિવારે અજય કનોજીયા અને શાળાના માર્ગ દર્શક વ્યાયામ શિક્ષકો વી.કે.પરમાર અને પી.એમ જોષીને બિરદાવી શુભકામનાઓ પાઠવેલ.

## ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં

# ૭૯૩ અપક્ષમાંથી માત્ર ત્રણ વિજેતા બની શક્યા

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની બે તબક્કામાં યોજાયેલી ચૂંટણી અને ત્યારબાદ ૧૮મી ડિસેમ્બરના રોજ આવેલા પરિણામ બાદ એવી રસપ્રદ વિગત બહાર આવવા પામી છે જેમાં ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો ઉપર કુલ મળીને ૭૯૩ જેટલા અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝુંકાવ્યું હતું. જે પૈકી માત્ર ૩ અપક્ષ ઉમેદવારો જીતવામાં સફળ રહ્યા છે. ગુજરાતમાંથી વડગામની બેઠક પરથી જિગ્નેશ મેવાણી, લુણાવાડાની બેઠક પરથી રતનસિંહ મગનસિંહ રાઠોડ અને મોરવાહડફ બેઠક પરથી ભુપેન્દ્રસિંહ ખાંટ અપક્ષ ઉમેદવાર તરીકે જીતવામાં સફળ રહ્યા છે. કોંગ્રેસ સમર્થિત જિગ્નેશ મેવાણીએ ભાજપના ઉમેદવારને હાર આપી હતી. આમ ૧૮૨ બેઠકો ઉપર નસીબ અજમાવનારા ૭૯૩ અપક્ષ ઉમેદવારોમાંથી માત્ર ત્રણ જ અપક્ષો જીતનો સ્વાદ ચાખી શક્યા છે.

# ગુજરાતમાં બેઠકો ઘટતા રાજ્યસભાની સીટ પર અસર થશે

ન્યુ દિલ્હી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો વિજય મળ્યો છે, પરંતુ આ જીત પાર્ટીની રાજ્ય સભાની સીટો ઓછી થઈ જશે. ગઈ સાલ માર્ચમાં સંસદનાં ઉચ્ચ સદનમાં ૫૦ નવા સભ્ય દેશનાં ૧૪ રાજ્યોમાંથી ચંટાશે. આમાંથી ચાર સીટો રાજ્યસભાની ગુજરાતનાં કોટામાંથી છે. ૯૯ સીટો પર વિધાનસભામાં વિજય નોંધાવ્યાં બાદ હવે ચારમાંથી ફક્ત બે જ સીટો પર ભાજપની કમાન રહેશે. બાકીની બે સીટો કોંગ્રેસનાં ખાતામાં જશે.

૧૮૦ સીટો વાલી ગુજરાત વિધાનસભામાં ચાર સીટો (૩૬ વિધાયકો પર એક રાજ્યસભા સીટ) છે. ભાજપનાં ૯૯ વિધાયક છે અને કોંગ્રેસનાં ૭૯. આ ગણતરી મુજબ આ બંને પાર્ટીઓને રાજ્ય સભાની બે સીટો મળશે. રાજ્યસભાની ચાર સીટો પર ગુજરાતનાં તારેય પ્રતિનિધિ આવતા વર્ષે ૨૦૧૮માં રિટાયર થવા જઈ રહ્યાં છે.

એપ્રિલમાં ભાજપનાં ચાર રાજ્યસભા સાંસદ પોતાનું સત્ર પૂરું કરી રિટાયર થશે. જેમાં નાણામંત્રી અરુણ જેટલી, પુરુષોત્તમ રુપાલા, મનસુખ માંડવડિયા અને શંકરભાઈ વેગાડ છે. આ સમયે રાજ્યસભામાં ગુજરાતથી ૧૧ સાંસદ છે, જેમાંથી નવ ભાજપનાં છે. આવતા વર્ષે યોજાનારી ચૂંટણીમાં આ સંખ્યા ઘટીને સાત સુધી રહી જશે.

રાજ્યસભામાં ભાજપની બે બેઠકો ગુજરાતને કારણે ભલે ઘટી ગઈ હોય, પરંતુ પાર્ટીને ઉત્તરપ્રદેશથી સાત બેઠકો અને મહારાષ્ટ્રથી બે બેઠકો મળશે. હિમાચલ પ્રદેશના પરિણામોને કારણે ભાજપ હિમાચલની રાજ્યસભાની બેઠક જાળવી રાખશે. આવતા વર્ષે હિમાચલથી રાજ્યસભા સાંસદ જે.પી.નડ્ડા પણ નિવૃત્ત થવાના છે.

# ગુજરાતમાં આપના તમામ ઉમેદવારોની ડિપોઝિટ ગુલ, ૧૬ને ૫૦૦થી ઓછા મત

ન્યુ દિલ્હી

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની જબરદસ્ત હાર થઇ. છઇઁએ અહીંયા ૨૯ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા, પરંતુ હવે સોમવારે પરિણામો સામે આવ્યા તો તમામના જામીન જપ્ત થઇ ગયા. ૧૬ ઉમેદવારોને ૫૦૦થી પણ ઓછા મત મળ્યા. ફક્ત એક સીટને છોડીને નોટાની સંખ્યા આપના મતો કરતા અઢી ગણી વધારે રહી. તેનાથી ઝારખંડ, દક્ષિણ અને મધ્યપ્રદેશમાં ચૂંટણી પહેલા પગદંડો જમાવવાનો પ્રયત્ન કરી રહેલી આપને મોટો ઝટકો લાગ્યો. બેકફૂટ પર આવેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિત પાર્ટીના તમામ મોટા નેતા મૌન ધરીને બેઠા છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતની કુલ ૧૮૨ સીટોમાંથી બીજેપીને ૯૯, કોંગ્રેસને ૭૭ અને અન્યને ૬ પર જીત મળી છે.

ગુજરાતમાં નોટા (ર્દ્બહી ્‌કં ી છર્હ્વદ્બી)માં આપ કરતા અઢી ગણા વધારે વોટ પડ્યા. પાર્ટીને તમામ સીટો પર આશરે ૨૯ હજાર વોટ મળી શક્યા, જ્યારે ૭૫,૮૮૦ વોટર્સે તમામ પાર્ટીઓના ઉમેદવારોને રદિયો આપીને ઈવીએમમાં આપેલા નોટાના વિકલ્પને પસંદ કર્યો. આપના ફક્ત એક ઉમેદવારને નોટા કરતા વધારે વોટ મળ્યા. કાટરગામ સીટ પર આપને ૪૧૩૫ વોટ મળ્યા અને ૧૬૯૩ લોકોએ નોટાનું બટન દબાવ્યું.

પરિણામો પર ગુજરાતના પાર્ટી પ્રવક્તા હર્ષિલ નાયકે ન્યુઝ એજન્સીને કહ્યું કે ઉમેદવારોની લિસ્ટ જાહેર કરવામાં વિલંબ અને સેન્ટ્રલ લીડરનું કેમ્પેઇનમાંથી બાકાત રહેવું હારનું સૌથી મોટું કારણ છે. પહેલા તો એ જ સ્પષ્ટ ન હતું કે ચૂંટણી લડવી છે કે નહીં. લીડરશીપે ઘણા સમય પછી ચૂંટણી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો. તેનાથી નુકસાન થયું.

# ઉણ વિદ્યાસંકુલને વોટરકુલરની ભેટ મળી


યશપાલસિંહ ટી.વાઘેલા

તા પ્રતિ. થરા

કાંકરેજના તાલુકા ઉણ વિભાગ કેળવણી મંડળ સંચાલીત વિદ્યાસંકુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઠંડા પાણીની સુવિધા મળી રહે તેવા ઉમદા ઉદ્દેશથી થરાના વેપારી જયરામભાઈ ઈચ્છા રામભાઈ ઠક્કર (કોટક) દ્વારા તેમના ધર્મપત્ની સ્વ.સરસ્વતી બેનના સ્મરણાર્થ વોટરકુલરથી ભેટ આપવામાં આવી શ્રી ઉણ કેળવણી મંડળ દ્વારા પ્રહલાદભાઈ આઈ.ઠક્કરે તેમના નિવાસ સ્થાને જઈ સન્માન પત્ર-શાલ અર્પણ કરી જયરામભાઈ કોટકનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે તેમના સુપુત્રો નિરંજનભાઈ કોટક, વિજયભાઈ કોટક, પુત્રી જયોસનાબેન, પૌત્રવધુ શ્વેતા એસ.પી.ઠક્કર, જસીબેન, ગીતાબેન વિગેરે હાજર રહ્યા હતા.

# દેશમાં પ્રથમવાર મોદી સરકાર રોજગાર પોલીસી લાવશે

ન્યુ દિલ્હી

દેશમાં પ્રથમવાર જ મોદી સરકાર રોજગાર પોલીસી લઈને આવી રહી છે. તેના મારફત કવોલિટી જોબની તકો સર્જવામાં આવશે. આ નવી નીતિને સંભવતઃ આગામી કેન્દ્રીય બજેટમાં જાહેર કરવામાં આવે તેવી શકયતા છે. જો કે, આ માટેનો ખરડો સંસદમાં ૨૦૧૯ પહેલાં લાવવામાં આવશે. જોબ પોલિસીથી દેશમાં રોજગાર વધારવાના પ્રયાસ થશે અને તેના માટે વ્યવસ્થિત રોડમેપ બનાવવામાં આવી રહ્યો છે. દેશના વર્કફોર્સમાં દર વર્ષે ૧ કરોડ યુવા બેરોજગારોને જોડીને એમને કમાતા કરી દેવાની યોજના છે. સંગઠિત ક્ષેત્રમાં રોજગારની તકો વધુ પ્રમાણમાં ઉભી થાય તેવી કોશિષ થશે.

અત્યાર સુધી દેશના કુલ ૪૦ કરોડ જેટલા વર્કફોર્સમાંથી ફકત ૧૦ ટકા રોજગાર સંગઠિત ક્ષેત્રમાં છે. ઉદ્યોગોને સંગઠિત ક્ષેત્રમાં લાવવા માટે નાણાકીય છૂટ અને રાહત પણ આપવામાં આવશે. છેલ્લા ઘણા સમયથી નોકરી વગરનો વિકાસ એમ કહીને મોદી સરકારની નીતિની ટીકા થઈ રહી છે અને બેરોજગારી વધી રહી છે માટે દેશની પ્રથમ રોજગાર નીતિ લાવવાની સરકારને ફરજ પડી છે.

હવે સરકાર એવા પગલા લેવા માગે છે જેનાથી લોકોની આવક વધે અને ગરીબી રેખાથી ઉપર આવવાની ગરીબોને તક મળે. ઉદ્યોગ સંગઠન સીઆઈઆઈના પ્રવકતાએ કહ્યું છે કે, વિકાસ દરમાં વૃધ્ધિ લાવવા માટે માળખાગત ક્ષેત્ર, કોમોડિટી, ઉત્પાદન ક્ષેત્ર કનઝયુમર ગુડઝ અને સર્વિસીઝ ક્ષેત્રનો વિકાસ જરી છે.

આ બધા જ ક્ષેત્રોમાં વધુમાં વધુ નોકરીઓ મળે અને પછી તે અપગ્રેડ થાય તે ખૂબ જ જરી છે અને આ માટે મોદી સરકાર અસરકારક પગલા ભરવા માગે છે.

# ક્રાઈમ પટ્રોલ રજૂ કરે છે ખાસ શ્રેણી – બ્લેક હેડ્લાઈન્સ!

સોની એન્ટરટેઈમેંટ ટેલિવિઝનના ક્રાઈમ પટ્રોલ કાર્યક્રમે દેશના ખૂણેખૂણાથી ઓછા ગંભીર એવાગુનાહિત મામલાઓને હમેશા ઉજાગર કર્યા છે અને લોકોને સતર્ક રહેવા બદલની જાગરુકતા ફેલાવી છે.દરેક કેસ સમાજની કાળી બાજુ બતાવતી હોય છે. આ કાર્યક્રમ હવે એવી ગુનાહિત કેસો લઈ આવી રહ્યો છે, જે ગુનાઓ ખૂબ જ ગાજયા હતા. આ સપ્તાહથી સૂત્ર સંચાલક અનૂપ સોની દેશને હચમચાવી મૂકનાર ગુનાહિત મામલાઓ દર્શકો માટે લઈને આવી રહ્યા છે.'બ્લેક હેડ્લાઈન્સ' શીર્ષક વાળી આ શ્રેણીમાં દેશમાં વાસ્તવમાં બનેલ ગુનાઓ વ્યાપક રીતે અને નાટ્યમય સ્વરૂપમાં રજૂ થશે, જેમાં ક્રૂરતા, અત્યાચારઅને અનૈતિકતા ભરેલી છે. આ એવા ગુનાઓ છે જે તે-તે સમયે બહુ જ ગાજયા હતાં અને તે માંથી કેટલાક આજે પણ સ્મરણમાં રહેલ છે. આ શ્રેણીમાં છેતરપિંડી, નિરાશા, આપઘાત, નકલી એન્કાઉન્ટર, આતંકવાદ, ડ્રગ્સ, સત્તા જેવા વિષયોને લગતા ગુનાઓનું ભય પેદા કરે એવું ચિત્રણ હશે, જે દર્શકોને સતર્ક કનાર અને સમાજમાં રહેલ ગુનાહિત પ્રવૃતિઓ પ્રત્યે સાવધાન કરનારું હશે.

# મનોરંજનને બેગણું કરો... મોજમસ્તીને બેગણી કરો!




આ નાતાલમાં સ્ટાર ગોલ્ડે દર્શકોને બેગણું મનોરંજન, બેગણો રોમાંચ અને બેગણી મોજમસ્તી આપવા માટે વચનબદ્ધ થતાં સાંતાની હેટ ધારણ કરી છે. આ બ્લોકબસ્ટર હાઉસે વર્ષની સૌથી ઉત્સુકતા જગાવનારી ફિલ્મમાંથી એક જૂડવા ૨નું વૈશ્વિક ટેલિવિઝન પ્રસારણ કરવાની જાહેરાત કરી છે. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર લગભગ રૂ. ૨૦૦ કરોડનો વકરો કર્યો હતો અને દુનિયાભરમાં ચાહકોનાં મન જીત્યાં હતાં, જે હવે ૨૪ ડિસેમ્બર, ૨૦૧૭ના બપોરે ૧ વાગ્યાથી ટેલિવિઝન પર પદાર્પણ કરશે.

ફિલ્મની જાહેરાત કરાઈ ત્યારથી જૂડવા ૨એ સતત અખબારોમાં મથાળાં બનાવ્યાં હતાં અને દર્શકોમાં પણ ભારે ઉત્સુકતા જગાવી હતી, જે ભાગ્યે જ કોઈ ફિલ્મ માટે જોવા મળે છે. સુપરહિટ ગીતોથી પ્રતીકાત્મક ડાયલોગ સુધી જૂડવા ૨ બ્લોકબસ્ટર હિટ બનવા માટે જરૂરી બધી જ સામગ્રી ધરાવતી હતી અને તે હિટ નીવડીને રહી છે. આ ફિલ્મ રિલીઝ થતાં જ ચાહકોએ થિયેટરોમાં ભીડ જમાવી હતી. વરુણ ધવનનો ઉત્તમ કોમિક ટાઈમિંગ, ડેવિડ ધવનની દિગ્દર્શન નિપુણતા અને જેકલીન ફરનાન્ડીસ તથા તાપસી પન્નુના જાદુએ જૂડવા ૨ને તેની ૧૯૯૦ની ઓરિજિનલ તરીકે પ્રતીકાત્મક તરીકે ઊભરી આવવાની સિદ્ધિ મેળવી છેઆ નાતાલમાં તહેવારની મોજમસ્તી બેગણી કરવાનું ભૂલશો, ફક્ત સ્ટાર ગોલ્ડ પર! જોતા રહો જૂડવા ૨, ૨૪ ડિસેમ્બર, રવિવાર, બપોરે ૧ વાગ્યાથી.

# દિયોદર બેઠક ઉપર શિવાભાઈ ભુરિયાની જીત થતાં રૈયા ગામમાં વિજયોત્સવ મનાવાયો


ચેતન કોઠારી

પ્રતિનિધિ રૈયા

દિયોદર પંથકમાં શિવાબાના નામથી જાણીતા શિવાભાઈ ભુરીયા રૈયા જિલ્લા સીટના સદસ્ય તથા દિયોદર માર્કેટયાર્ડના ચેરમેન તથા વિવિધ સરકારી મંડળીઓ સાથે સંકળાયેલા છે. તેઓ શિવાબાપાના નામથી પ્રખ્યાત છે. તેઓ દિયોદર વિધાનસભામાં વિજયી બનતાં ઢોલ- નગારા સાથે અબીલ ગુલાબના છાંટણા સાથે તેમનું વિજય સરઘસ રૈયા ગામમાં આવ્યું હતું. વિવિધ ગામોમાં તેમનું કંકુ - તિલકથી બહુમાન કરવામાં આવ્યું હતું. તેઓએ રૈયામાં આવીને તેમને શિવજી મંદિરના દર્શન કર્યા. તથા ગામલોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમની સાથે અનિલભાઈ માળી, ભરતસિંહ વાઘેલા, બી.કે.જોષી, નરસિંહભાઈ દેસાઈ, ભારતીબેન ચૌધરી તેમજ રૈયાના વડીલો પ્રવિણભાઈ વોરા, ધનાભાઈ પટેલ, નાગજીભાઈ પટેલ, અણદાભાઈ આકોલીયા, પરાગભાઈ પિલીયાતર, બાબુભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ, વાઘાભાઈ પટેલ તથા ડાયાભાઈ પાંણ, હેમરાજભાઈ પાંણ, ભારમલભાઈ કાથરોટીયા, માનસુંગભાઈ પટેલ, રઘુભાઈ મંત્રી, વિનોદભાઈ આકોલીયા, શૈલેષભાઈ પાંણ, શેકરભાઈ પાંણ, રઘુભાઈ પાંણ, જયંતિભાઈ આકોલીયા, ચોથાભાઈ પટેલ, હિરાભાઈ પટેલ, નાથાભાઈ પટેલ, સરપંચ વાઘાભાઈ પરમાર વગેરે જોડાયા હતા.

# ચૂંટણીના પરિણામ બાદ સોશિયલ મીડીયામાં અવનવા સંદેશા વાયરલ

તા.પ્રતિ થરા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પરિણામ આવી ગયું છે. પરંતુ પરિણામને લઈ ચર્ચાઓનું બજાર ભર શિયાળે ગરમાગરમ રહ્યું છે. ઠેર ઠેર જો અને તોની રસપ્રદ ચર્ચાઓ છેડાઈ રહી છે. ત્યારે સોશિયલ મીડીયા શું કામ પાછળ રહે? સોશિલ મીડીયામાં પણ પરિણામ બાદ અવનવી લોક હૃદયને અસર કરતી કોમેન્ટો વાયરલ થવા પામી છે.

★ પ્રજાએ એક કાંકરે ચાર પક્ષી વિંધ્યા

- વિકાસને વાધાવ્યો
- સરકારના કાન આમળ્યાં
- જાતિવાદને ફગાવ્યો

-અમુક અબૃદ્ધને સમજાવ્યું કે અમીત નરેન્દ્ર છે ત્યાં સરકાર તમારાથી ના પડે.

★ અલ્પેશ અને જીગ્નેશ કંઈ પણ કર્યા વિના ધારાસભ્ય થઈ ગયા અને પાટીદારો ઘણું બધું કરીને પણ ખરાબ રીતે હારી ગયા.

સમજુ પાટીદારો બચી ગયા બાકીના હાર્દિક સાથે છેતરાઈ ગયા.

★ કોંગ્રેસ ત્રણ પથ્થર મેળવવા માટે ત્રણ હીરા ગુમાવવા પડયા જીગ્નેશ, અલ્પેશ અને હાર્દિક જ્યારે શક્તિસિંહ ગોહીલ, સિદ્ધાર્થ પટેલ, અર્જુન મોઢવાડીયા.

★રાહુલ જહાં ભી હો ઘર આ જાઓ,માઁ પરેશાન હૈ કોઈ કુછ નહિ કહેગા, સારી જિમેદારી મણિશંકર અંકલ ઔર સિબ્બલ અંકલને લે લી હૈ.

★ હવે જે ૧૮૨ ધારાસભ્યો ચૂંટાયા છે તેમની અને તેમના પરિવારની ભરણ પોષણની જવાબદારી આપણા માથે છે. માટે હવે ધંધામાં ધ્યાન આપો.

★ કિસાન કે વાહન પર ટોલ ટેક્સ લગેગા મગર કીસી મંત્રી કી ગાડી પર નહિ! ક્યોકી કિસાન હરામ કી ખાતા હૈ ઔર મંત્રી મહેનત કી ! ધન્ય મેરે દેશ કી સરકાર ...

★ અરે કોઈ જોડ તોડ કરકે ૯૯ ઔર ૪૪ કો ૫૬ ઈંચી તો બનાઓ રે - ગુજરાત - હિમાચલ

★ કેશાજીના ગાડાના બળદ ગાંધીનગરના ગોદ રે પહોંચતા વિચાર બદલ્યો કે, મારે તો જવું શિયાળાની સરકારમાં ...

★ સિઝરિયન થતા થતા રહી ગયું. ભાજપની નોર્મલ ડીલીવરી થઈ હાલ વિકાસની તબીયત સારી છે. ૯૯ કિ.ગ્રા નો છે. ૧૫૦ કિલો ગ્રામનો સોનો ગ્રાફીમાં બતાવતા હતા.. પણ છેલ્લી ઘડીએ ખોરાક ના લેતાં વજન ઓછું આવ્યું ૯૯ કિ.ગ્રામ નો છે.

# ભીલડી મત વિસ્તારમાં નવા ધારાસભ્યનો ઋણ સ્વીકાર


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

દિયોદર વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યમંત્રી કેશાજી ચૌહાણની સામે ધારાસભ્ય તરીકે વિજય પ્રાપ્ત કરી નવા ચુંટાયેલા ધારાસભ્ય શિવાભાઈ ભુરીયા ભીલડી ખાતે આવીને મતદારોનો આભાર માન્યો હતો. અને રેલી સ્વરૂપે ભીલડીના રાજમાર્ગો પર ફરી લોકોનો આભાર માન્યો હતો. શિવાભાઈ ભુરીયાએ જણાવ્યું હતું કે તમામ કોમના લોકોએ મારામાં વિશ્વાસ મુકી મને ચુંટીને ધારાસભ્ય તરીકે ચૂંટવા બદલ હું ભીલડી પંથકનો સદાય ઋણી રહીશ અને વિકાસના કામોમાં હું અગ્રેસર રહીશ તેવું જણાવ્યું હતું.

પૂ.ડોંગરેજી મહારાજની પવિત્ર ભૂમિ...

# માલસર ખાતે ૫ જાન્યુઆરીથી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ કથા યોજાશે

પ્રતિનિધિ વડોદરા

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના નર્મદા તટે આવેલા પૂ.ડોંગરેજી મહારાજની પવિત્ર ભૂમિ એવા માંગલ્ય ધામ માલસરના સત્યનારાયણ મંદિરના પ્રાંગણમાં તા.૫ મી જાન્યુઆરીથી શ્રીમદ્ ભાગવત જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. એ માટેની તૈયારીઓ મહંતશ્રી જગન્નાથજી ગુરૂ પ્રેમદાસજી મહારાજ દ્વારા કરવામાં આવી રહી છે.

શિનોર તાલુકાના ઉભયતટ્ટ પાવની મા નર્મદાજીના તટે આવેલા સત્યનારાયણ મંદિર ખાતે ગુરૂદેવ પ્રેમદાસજી મહારાજના આશીર્વાદથી સદ્ગુરૂ પરમહંસશ્રી માધવદાસજી મહારાજની લક્ષ્મી પુણ્યતિથિની મંગલ સ્મૃતિમાં શ્રી શુકદેવજી સ્વરૂપ પ.પૂ.બ્ર.શ્રી ડોંગરેજી મહારાજશ્રી એ ૩૩ વર્ષ કથામૃત પાન કરાવ્યું હતું. તે અનુસાર તા. ૫ જાન્યુઆરીથી ૧૨ મી જાન્યુઆરી સુધી સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩-૩૦ વાગ્યાથી ૬-૩૦ કલાક સુધી વડોદરાવાળા પૂ.શ્રી પ્રદ્યુમન શાસ્ત્રીજીની વ્યાસપીઠ પર શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. કથાનો પ્રારંભ તા. ૫ મીને શુક્રવારે બપોરે ૪ વાગ્યાથી થશે. નંદમહોત્સવ (જન્મોત્સવ) તા. ૧૦ ને બપોરે ૧૨ વાગ્યે થશે. જ્યારે કથા વિરામ તા. ૧૨ ને સાંજે ૫:૩૦ કલાકે થશે. આ જ્ઞાનયજ્ઞ બાદ તા. ૧૩ ને શનિવારે હરિ શોભાયાત્રા સવારે ૮-૩૦ વાગ્યે નીકળશે. બાદ સદ્ગુરૂ પાદૂકા પૂજન સવારે ૧૦:૩૦ કલાકે અને બપોરે ૧૨ વાગ્યે મહાપ્રસાદનું આયોજન થયું છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ દરમ્યાન સત્યનારાયણ મંદિર દ્વારા ભક્તોને રહેવા, પ્રસાદ (જમવા) ની વ્યવસ્થા, નર્મદા પરિક્રમાવાસ તેમજ દરિદ્રનારાયણને ભોજન પ્રસાદ, રાહત દવાખાનુ, ગૌશાળા, અખંડ રામધૂન કિર્તન, પક્ષીઓને દાણ ચણ, સંતોની સેવા તેમજ દર પુનમે દરિદ્રનારાયણને અન્ન વિતરણના કાર્યક્રમ યોજાતો હોવાનું પણ મહંતશ્રી જગન્નાથજી મહારાજે જણાવ્યું હતું.

# કાંકરેજ વિધાનસભાના ઉમેદવાર કિર્તીસિહ વાઘેલા વિજયી થતાં મુંડેઠા ગામે સ્વાગત કરાયું


સાદુળસિંહ વાઘેલા

પ્રતિનિધિ મુંડેઠા

ડીસા તાલુકાના મુંડેઠા ગામે ભાજપ ના ઉમેદવાર કિર્તીસિહ વાઘેલા ને મુંડેઠા ગ્રામજનો દ્વારા કિર્તીસિહ વાઘેલા નું ભવ્ય સ્વાગત કરવા મા આવ્યું જેમાં મુંડેઠા ગામ ના અગ્રણી ઓ યુવાનો નકળંગ યુવક મંડળ તેમજ ભાઈ બહેનો ઉપસ્થિત રહી મુડેઠા શંકર ભગવાન ના મંદિર થી નકળંગ ભગવાન ના મંદિર સુધી ગ્રામજનો સ્વાગત ની તૈયારી કરેલ જેમાં કિર્તીસિહ વાઘેલા મુંડેઠા ગામે પધાર્યા ૧કિમી સુધી ભવ્ય સ્વાગત કરવા મા આવેલ જેમાં કિર્તીસિહ વાઘેલા નકળંગ ભગવાન ના મંદિરે દર્શન કર્યા હતા જેમાં મુડેઠા ગામે ભવ્ય સ્વાગત કરાયું હતું તેમાં મુડેઠા ગ્રામજનો દ્વારા ઢોલ ડીજે ના તાલે કિર્તીસિહ વાઘેલા ને ફુલહાર પહેરાવીને સાફો માંથે પહેરાવી ને અંબિલ ગુલાલ ની છોળો ઉડતા કેસરીયો માહોલ છવાયો હતો.

# કાંકરેજના નવા ધારાસભ્યના નિવાસસ્થાને શુભેચ્છાની હેલી


વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ વિધાનસભા-૧૫ ના ભારતીય જનત પાર્ટીના વિજયી બનેલ કિર્તીસિંહ વાઘેલાના માદરે વતન કાંકરેજના ખારિયા ગામે તેમના ફાર્મ હાઉસ ઉપર વિજયના વધામણાં થતાં શુભેચ્છા પાઠવવા માટે મોટી સંખ્યામાં દરેક સમાજના આગેવાનો અને લોકો ઉમટી પડ્યા હતા. ફૂલહાર અને સાલથી કિર્તીસિંહ વાઘેલાનું ઉષ્માભર્યું સ્વાગત કાંકરેજ સહિત બનાસકાંઠા જિલ્લાની પ્રજાએ કર્યું હતું ભા.જ.પના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલા એક એવો ચહેરો છે જે દરેક સમાજને સાથે રાખી ચાલનાર છે અને તેઓ નાત-જાતના ભેદભાવમાં બિલકુલ માનતા નથી જેથી દરેક સમાજ તેમને ચાહે છે ૨૦૧૨ માં સામાન્ય મતોથી હાર થતાં વર્ષ-૨૦૧૭માં પુનઃરિપીટ થતાં જંગી બહુમતીથી કાંકરેજની દરેક સમાજની પ્રજાએ ખોબલે ખોબલે મત આપી વિજયી બનાવતાં તેમના નિવાસસ્થાને આનંદની હેલી ઉભરાણી છે.

# પ્રજા વચ્ચે રહી સતત સેવાકીય કાર્યો કરતો રહીશ : ગોવાભાઈ રબારી



ડીસા

ડીસા વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારીએ જણાવ્યું હતું કે ડીસા મત વિસ્તારની તમામ જનતાનો નિર્ણય હું સ્વીકારૂ છુ. ચૂંટણી સમયે મને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ સહકાર અને હુંફ પુરી પાડનાર તમામ મતદાર ભાઈ બહેનો, સ્નેહીજનો, વડીલો, અગ્રણી તથા કાર્યકર મિત્રો તેમજ તમામ પ્રજાજનોનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂ છું. હું હંમેશા પ્રજાની વચ્ચે રહી પ્રજાકીય અને સેવાકીય કાર્યો માટે સતત પ્રયત્નશીલ રહીશ. પ્રજાજનોના પ્રશ્નોના નિરાકરણ માટે સદાય તત્પર રહીશ.

વિરાટ છરીપાલક સંઘનું ખેરવામાં આગમન

# સંઘમાં ચૌદ રાજલોક તીર્થ વંદનાની સંગીતમય સંવેદના સંપન્ન


વસંત બારોટ

સુરત

દીક્ષાદાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્ન સુરીશ્વરજી મ.સા. તથા આચાર્ય શ્રી રશ્મિરત્ન સુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી શંખેશ્વર મહાતીર્થથી વિરાટ છારી પાલક સંઘ પાંચમાં દિવસે ખેરવા પહોંચ્યો. શ્રી શત્રુંજય મહાતીર્થના

તીર્થ યાત્રિકોને સંબોધિત કરતાં જૈનાચાર્યશ્રી ગુણરત્ન સુરીશ્વરજી મ.સા.એ કહ્યુ કે સંઘયાત્રા છે અહોભાવની યાત્રા છે. પ્રત્યેક ક્ષણોને મહોભાવથી ભરવાની છે. ૧૪ રાજલોકમાં શાશ્વત - સૈંકડો મદિરો છે. અમુક મંદિરો એના છે જે દુર્ગમ પ્રદેશોમાં આવેલા છે. અમુક એવા છે. જ્યાં માત્ર દેવતાઓ જઈ શકે છે. તીર્થયાત્રા સાથે આ તમામ તીર્થોની ભાવયાત્રા બેડો પાર કરનારી છે. આચાર્યશ્રી રશ્મિરત્ન સુરીશ્વરજી મ.સા. એ કહ્યુ કે ચૌદ રાજલોકના તમામ જીવોને અભયદાન આપવાની આ કાડ સંયમયાત્રામાં છે. છારીપાલક તીર્થ યાત્રામાં પ્રભુભક્તિએ જિનશાસન પ્રત્યેના અહોભાવને વધારવાનો છે. એ અહોભાવ કરોડો ભવોના પાપોને ધોઈ નાખે છે. અમો ધર્મ અને દવાની તુલના કરતા કહુ કે દવા રોગ દુર કરે છે. એમ ધર્મ દોષોને દુર કરે છે. ધર્મ હૃદય સુધી પહોચે તો માણસ શાંત થાય છે. સંયમ ચાલી રહેલી સુરિપ્રેમ બુલેટ ટ્રેનની જોવા લોકો ઉમટે છે.

સંઘપતિ મોહનલાલ શંકરલાલજી ત્રોણી તથા તેમના યુવા પુત્રે શીતલ શીરીન અને ચિંતનભાઈ ગામે ગામ તીર્થયાત્રા કરતા યાત્રિકોની ભક્તિ ૫ છાબ દ્વારા પરમાત્માની ભક્તિ, ખજુર વિતરણ, હજારો જેકેટ, બ્લેકેટ અનુકંપા જીવદયા અનુકંપા અને માણવસેનાના પણ અદભુત કામો કરી રહ્યા છે. તા.૧૪ મી તારીખે પાલીતાણા સંઘ પહોંચશે.

# બનાસકાંઠા માધ્યમિક શિક્ષક સંઘની સાધારણ સભા યોજાઈ



પ્રતિ. સિસરાણા

સંદિપની આશ્રમ શિક્ષક ભવન ખાતે બ.કાં.જિલ્લા શિક્ષક સંઘની સાધારણ સભા તથા પ્રતિનિધિ સભા યોજવામાં આવી જેમાં મોટી સંખ્યામાં શિક્ષક મિત્રોએ હાજરી આપી. સભાની શરૂઆત મહામંત્રી ગિરીશભાઈ રાવલે સાધારણ સભા અને પ્રતિનિધિ સભાનો ઠરાવ રજૂ કરીને કરવામાં આવેલ. આ સભામાં પૂર્વ બોર્ડ સદસ્ય અમસિંહભાઈ ચૌહાણ, મા.શિ.સંઘના પ્રમુખ નાગજીભાઈ ડી. રાજપુત, સભાના અધ્યક્ષ વ્યાયામ મંડળના પ્રમુખ હેમરાજભાઈ પવાયા, ઉપપ્રમુખ ભરતભાઈ જી.પંડ્યા, હરેશભાઈ ડાભી, હરપાલસિંહ પઢિયાર (કોષાધ્યક્ષ), ગિરિશભાઈ વણસોલા અને મિડિયા કન્વીનર સુભાષભાઈ વ્યાસ અને અન્ય શિક્ષક ગણ મોટી સંખ્યામાં હાજર રહેલ હતો. સભામાં કારોબારી સભ્યો, રાજ્ય પ્રતિનિધિઓ, બનાસકાંઠા સંપાદક મંડળ વગેરેની નિયુક્તિ કરવામાં આવેલ હતી. સભામાં શિક્ષકોના પ્રશ્નોને બાપુએ વાચા આપી. મોટી સંખ્યામાં શિક્ષણ ગણે હાજર રહી સભાને સફળ બનાવી હતી. અન્ય પદાધિકારી અને હોદેદાર સભામાં હાજર રહેલ હતા.

# ઓપરેશન ઓલઆઉટ : બે ત્રાસવાદીઓને ઠાર કરાયા

શોપિયન

જમ્મુ કાશ્મીરના શોપિયન જિલ્લામાં એક ભીષણ અથડામણમાં સુરક્ષા દળોએ જેશના બે ત્રાસવાદીઓને મોતનો ઘાટ ઉતારી દીધા છે. ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. આ અથડામણને લઈને આસપાસના વિસ્તારોમાં પણ ઉત્તેજના રહી હતી. અથડામણમાં એક જવાન ઘાયલ થયો હોવાના હેવાલ મળ્યા છે. શોપિયન જિલ્લાના બટમુરાન ગામમાં એક ઘરમાં ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ સેના અને અન્ય સુરક્ષા દળોએ ઓપરેશન હાથ ધર્યુ હતુ. સુચના મળ્યા બાદ સેના, સીઆરપીએફ અને જમ્મુકાશ્મીર પોલીસે ઓપરેશન હાથ ધર્યુ હતુ. ખતરો નિહાળ્યા બાદ છુપાયેલા ત્રાસવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો હતો. જો કે સામ સામે અથડામણ દરમિયાન બન્ને ત્રાસવાદીઓ ઠાર થયા હતા. જમ્મુકાશ્મીર પોલીસના અધિકારી મુનીર ખાને કહ્યુ છે કે બન્ને ત્રાસવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. જમ્મુકાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના હેતુથી ઓપરેશન ઓલઆઉટ હાથ ધરવામાં આવ્યુ છે. ઓપરેશન ઓલઆઉટમાં હજુ સુધી વર્ષ ૨૦૧૭માં ૨૦૦થી વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. તેમની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક જપ્ત કરવામાં આવ્યા છે. ગયા વર્ષે સુરક્ષા દળોની કાર્યવાહીમાં ૧૬૫ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ વર્ષે ત્રાસવાદી ઘટનામાં શહીદ થયેલા સુરક્ષા દળોના જવાનોની સંખ્યા ૭૭ નોંધાઈ ગઈ છે. જમ્મુ કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક એસપી વૈધે કહ્યુ છે કે વર્ષ ૨૦૧૮માં પણ કેટલાક નવા પડકારો રહી શકે છે. જો કે સ્થિતી હવે ધીમે ધીમે સામાન્ય બની રહી છે. ત્રાસવાદીઓને ખદેડી મુકવા માટે ઓપરેશન જારી રહ્યુ છે. જમ્મુકાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાની દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. અલગતાવાદીઓ સામે સકંજો મજબુત કરાયો છે.

નિમણૂંક અંગેની પીઆઈએલમાં હાઈકોર્ટનો હુકમ

# ૮ સપ્તાહમાં કાયમી ડીજીપીની વરણી કરવા સરકારને આદેશ

અમદાવાદ

ગુજરાત રાજયમાં છેલ્લા બે વર્ષથી રાજયના પોલીસ મહાનિર્દેશક(ડીજીપી)ની કાયમી નિમણૂંક નહી થતી હોવાના મુદ્દે કરાયેલી અગત્યની જાહેરહિતની રિટ અરજીમાં આજે ગુજરાત હાઈકોર્ટે ૮ સપ્તાહમાં કાયમી ડીજીપીની નિમણૂંક કરવા રાજય સરકારને મહત્વનો આદેશ કર્યો છે. ચૂંટણી પૂર્ણ થઈ જતાં અને આચારસંહિતાની બાબત હવે રહેતી નહી હોઇ હાઇકોર્ટે રાજયમાં ડીજીપીની નિમણૂંક અંગે મહત્વનો હુકમ કરી પિટિશનનો આખરે નિકાલ કર્યો હતો. પૂર્વ આઈપીએસ અને એડવોકેટ રાહુલ શર્મા દ્વારા કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા હતા કે, રાજય સરકાર દ્વારા છેલ્લા ઘણા સમયથી રાજયના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) જેવા મહત્વના હોદ્દા પર કાયમી નિમણૂંક કરવામાં આવતી નથી. જેના કારણે રાજયમાં પોલીસતંત્રની સાથે સાથે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સીધી અસરો પડી રહી છે. સરકાર દ્વારા હાલ ઇન્ચાર્જ ડીજીપીથી કામ ચલાવાઇ રહ્યું છે પરંતુ તે યોગ્ય ના કહી શકાય. બીજીબાજુ, પોલીસનું પણ મોરલ ડાઉન થઇ રહ્યું છે. ગત તા.૪-૪-૨૦૧૬ના રોજ પી.પી.પાંડેને ઇન્ચાર્જ ડીજીપી પદેથી હટાવાયા હતા., ત્યારબાદ ગીથા જોહરીને પણ ઇન્ચાર્જ ડીજીપી તરીકેનો કાર્યભાર સોંપાયો છે. પોલીસ એક્ટ-૨૦૦૭માં કાયમી ડીજીપીની નિમણૂંકની સ્પષ્ટ જોગવાઇ હોવાછતાં સરકાર દ્વારા તેનું પાલન કરવામાં આવી નથી રહ્યું., તેથી હાઇકોર્ટે રાજયમાં ડીજીપીની કાયમી નિમણૂંક કરવા સરકારને આદેશ કરવો જોઇએ.આ કેસમાં હાઇકોર્ટે સરકારને તેનું વલણ સ્પષ્ટ કરવા જણાવી જવાબ માંગ્યો હતો. જેમાં સરકારે ગઇ મુદતમાં જણાવ્યું હતું કે, કાયમી ડીજીપીની નિમણૂંક મામલે સરકાર ગંભીર છે અને તેની પર વિચારણા ચાલી રહી છે પરંતુ હાલ વિધાનસભા ચૂંટણીને લઇ રાજયમાં ચૂંટણી આચારસંહિતા લાગુ પડી ગઇ હોઇ હવે સરકાર આ નિમણૂંક હાલ કરી શકે તેમ નથી કારણ કે, તમામ વહીવટી સત્તાઓ હવે ચૂંટણીપંચ હસ્તક થઇ ગઇ છે.

અનુસંધાન પાના નં.૬

હાર્દિક પટેલનું નિવેદન

# ભાજપ મારી સામે કાનૂની કાર્યવાહીની તૈયારી કરે

અમદાવાદ

પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલે કહ્યું છે કે, રાજ્યમાં ભાજપની સરકાર તેમના વિરુદ્ધ હવે કાનૂની કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે પરંતુ તે ડર્યા વગર પોતાનું આંદોલન ચાલુ રાખશે. હાર્દિકે આ નિવેદન ચૂંટણી પરિણામ આવ્યા બાદ ટ્વિટ કરીને આજે કર્યું છે. તેણે કહ્યું કે, ભાજપ મારી સામે કાયદાકીય કાર્યવાહીની તૈયારી કરી રહ્યું છે. ભલે કોઇ વાંધો નહીં પણ હું પાછળ નહીં હટુ. લોકો માટે મારી લડાઈ ચાલુ રાખીશ. તેણે કહ્યું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ એક સબળ વિપક્ષના રુપમાં ઉભરી આવ્યું છે. આપણે એ જોવું જોઇએ કે, વિપક્ષની ભૂમિકા ભજવતા કોંગ્રેસ કેવી-રીતે લોકોની સેવા કરે છે.

અનુસંધાન પાના નં.૬

# વડાપ્રધાન મોદી દ્વારા કરાયેલ ટિપ્પણી મામલે ભારે હોબાળો

નવીદિલ્હી

સંસદમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને લઈને આજે વધુ એક વખત ભારો હોબાળો જોવા મળ્યો હતો. બીજી તરફ નાણામંત્રી અરુણ જેટલીએ વિપક્ષ કોંગ્રેસના નેતાઓની આ મામલે આજે મુલાકાત કરી હતી. જેટલીએ મંગળવારે રાજયસભામાં સભ્યોના હંગામાની વચ્ચે સમાધાન કરવાની કોશિશ કરતા વિપક્ષી નેતાઓ સાથે અલગ બેઠક કરવાની તૈયારી બતાવી હતી. સદનમાં ચાલી રહેલા ગતિરોધની વચ્ચે જેટલીએ આગતિરોધને દૂર કરવા માટે વિપક્ષના નેતાઓની મુલાકાત પણ લીધી હતી. કોંગ્રેસ અને વિપક્ષો વચ્ચે ગત શુક્રવારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ વિશે કરવામાં આવેલી ટિપ્પણીને લઈ ભારે હંગામો ચાલી રહ્યો છે. લોકસભામાં ભારે હંગામા બાદ સ્પીકર સુમિત્રા મહાજને સદનની કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી તો રાજયસભામાં વિપક્ષ નેતા ગુલાબ નબી આઝાદે વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલી આ ટિપ્પણી દુર્ભાગ્યપૂર્ણ બતાવતા કહ્યું કે, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની નિષ્ઠા અને દેશ પ્રેમ ઉપર સંદેહ કરી શકાય નહીં. આ પરિસ્થિતિ વચ્ચે રાજયસભામાં આજે પણ તાનાશાહી નહીં ચલેગી અને પીએમ મોદી માફી માંગે તેવા સુત્રોચ્ચારની સાથે

અનુસંધાન પાના નં.૬

# ગુજરાત મોડલ ખખડ્યુ, ભાજપે ખુશી મનાવવા જેવી જીત મેળવી છે ?

મુંબઈ

શિવસેના સતત ભાજપ સામે ટોણા મારીને આક્ષેપો કરી રહ્યું છે. ગુજરાતમાં ભાજપની ફરી સરકાર બની. પરંતુ બેઠકો ઘટતાં શિવસેનાએ ગુજરાત મોડલ પર સવાલ ઉઠાવ્યા છે. શિવસેનાના મુખપત્ર સામનામાં સંપાદકીય લેખમાં શિવસેનાએ ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ભાજપને જીતની શુભેચ્છા પાઠવી છે, પરંતુ સાથે જ કોંગ્રેસને મજબૂત વિરોધી પક્ષ તરીકે સફળતા મેળવી હોવાનું પણ લખ્યું છે. ઉપરાંત ગુજરાતમાં ભાજપના દોઢસોથી વધુ બેઠકના દાવા સામે સોનો આંકડો પણ ન મેળવતા એમ લખ્યું કે ગુજરાત મોડલ લડખાયું છે. તે ૨૦૧૯માં ધરાશાયી ન થાય તે માટે પણ સંદેશ આપ્યો છે. પોતાના જ ગુજરાતમાં વડાપ્રધાન મોદી માટે મોટો પડકાર હતો. એક સમયે દેશની રાજનીતીમાં જે સ્થાન કોંગ્રેસનું હતું તે હવે ભાજપે લીધુ છે. સંપાદકીય લેખમાં લખાયુ છે કે, જીત થવાની જ હતી માટે ઉજવણીની તૈયારી પહેલાથી જ થવા માંડી હતી. પણ ઉજવણી કરી શકાય, નાચી-ગાઇ શકાય, ખરેખર તેવી જીત ભાજપને મળી છે ? ૧૫૦ બેઠકનો દાવો કરાતો હતો, પણ ૧૦૦ જેટલા આંકડા સુધી પહોંચવામાં પણ શ્વાસ અદ્ધર થઇ ગયા છે.

# તંત્રી સ્થાનેથી ...

## તમારો આહાર જ તમારી ઔષધિ છે.

## કોલસા કૌભાંડમાં ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી આખરે દોષિત

ગુજરાતની સૌથી મોટી મહાનગરપાલિકા દ્વારા નવા બજેટ માટે તૈયારીઓ શરૂ થઈ ચુકી છે અને તમામ ખાતાઓમાંથી આવક જાવકની વિગતો મંગાવામાં આવી રહી છે. અમદાવાદ મ્યુ.તંત્ર દ્વારા ૨૦૧૮/૨૦૧૯ ના સામાન્ય બજેટ અંગે વહીવટીતંત્રે કવાયત શરૂ કરી દીધી છે. કહેવાય છે કે નવા બજેટનું કદ ૭૦૦૦ કરોડ આસપાસ રાખવામાં આવે તેવી ધારણા વ્યક્ત કરાઈ છે. અમદાવાદ જેવા મહાનગરમાં ખાસ કરીને શહેર અને પરા વિસ્તારના માર્ગો જે ઉબડ ખાબડ બની ચુક્યા છે. કેટલીક અંડર ગ્રાઉન્ડ ગટરોના પાણી પીવાની પાઈપ લાઈનમાં આવી જવાના જે બનાવો તાજેતરમાં બન્યા હતા. તેવી નિષ્ક્રયતા ચાલી શકે નહિ. છેલ્લા બે ત્રણ ચોમાસાથી અમદાવાદના જે માર્ગોની સ્થિતિ બેહાલ બની ચૂકી છે. તેને સુધારવા માટેના પ્રયત્નો શા માટે થતા નહિં હોય? તો અમુક વિસ્તારમાં જ્યાંથી વરસાદી પાણી જતું હતું. તેવા વિસ્તારમાં આડેધડ મકાનો અને કોમ્પલેક્સો બનાવી દેવાતા પાણી જાય ક્યાં? પાણીને જવાનો કોઈ માર્ગ ન હોય ત્યારે જે તે વિસ્તારમાં બે - ચાર દિવસ સુધી વરસાદી પાણીનો ભરાવો થતાં ડેન્ગ્યુ અને ચીકનગુનિયા જેવા રોગોએ દેખા દીધી હતી.

બજેટમાં ખાસ કરીને રોડ રસ્તાને સુવિધા પૂર્ણ બનાવવા માટે વધુ નાણાંની જોગવાઈ થાય તે જરૂરી છે. કહેવાય છે કે મ્યુ.બજેટની તૈયારી ગત ઓક્ટોબર માસથી હાથ ધરવામાં આવી હતી. જે પ્રક્રિયા હજુ ચાલુ છે. મ્યુ.તંત્રના નાણાં ખાતાએ પાઠવેલી સુચના મુજબ સને ૨૦૧૮/૧૯ નું વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવા માટે આવક અને ખર્ચનાં અંદાજ તૈયાર કરી મોકલવા માટે વિવિધ ખાતાઓએ પોતાની કામગીરી શરૂ કરી દીધી છે. નાણાં ખાતાએ બજેટ તૈયાર કરવા તેમજ વિવિધ વિભાગોને બજેટ ફાળવણી માટે ઝોન કોડ, બોર્ડ કોડ, ડિપાર્ટમેન્ટ કોડ, એકાઉન્ટ કોડ અને પ્રોજેક્ટ કોડ તથા એકાઉન્ટ હેડની વ્યવસ્થા કરવામાં આવે છે.

મ્યુનિ.ની આવકનો મુખ્ય સ્ત્રોત ગણાતા પ્રોપર્ટી ટેક્સ વિભાગને ટેક્સની ગત વર્ષની, આવક તથા નવા વર્ષમાં કેટલીક આવક થવાનો અંદાજ છે. તે તમામ પ્રકારની વિગતો પણ મેળવવામાં આવી રહી છે.

મ્યુ.તંત્રના જનરલ બજેટમાં વી.એસ.હોસ્પિટલ, એએમટીએસ સ્કૂલ બોર્ડ તથા એમ.જે. પુસ્તકાલયને જે ગ્રાન્ટ આપવામાં આવે છે. તેવી આ તમામ સંસ્થાઓએ પણ પોતપોતાની રીતે બજેટ તૈયાર કરી સ્ટે. કમિટિમાં મંદિર કરાવવા તાકીદ કરવામાં આવી છે.

આશ્ચર્યની વાત એ છે કે મ્યુનિ. ના નાણાં ખાતાએ નવા વર્ષની બજેટની તૈયારી માટે ઓક્ટોબર માસમાં લાગતા વળગતા વિભાગો અને સ્વાયત્ત સંસ્થાઓને જાણ કરી દીધી હોવા છતાં કેટલાક વિભાગોમાંથી ઓનલાઈન બજેટ તૈયાર કરવા માટે બજેટ તૈયાર કરતાં કર્મચારી અધિકારીઓના જરૂરી રાઈટ લેવામાં આવ્યા નથી. તેના કારણે બજેટની કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે. અમદાવાદ નગરમાં નવા બજેટમાં ખાસ કરીને સમગ્ર માર્ગોનું નવિનીકરણ અતિ જરૂરી છે.

## રામકૃષ્ણ (યુવાન સ્વામી રામદેવ) ની ભૂમિકા ભજવવા માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા, નમન જૈન



નવી દિલ્લી / મુંબઇ - રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા, નમન જૈન, જેમણે લોકપ્રિય બોલીવુડની ફિલ્મોમાં ચિલર પાર્ટી, જય હો અને રણજાના જેવા અભિનય કુશળતાથી પ્રેક્ષકોને હાંસલ કર્યા છે, તેઓ બધા જ રામકીશાન (યુવાન સ્વામી રામદેવ) ) ડિસ્કવરી જીતેના લોન્ચ શોમાં સ્વામી રામદેવઃ એક સંઘર્ષ જી.સી.સી ચેનલ 'ડિસ્કવરી જીતે' ટૂંક સમયમાં જ શરૂ થઈ જશે અને લાખો લોકો પ્રેરણા આપનારા લક્ષ્યોને ધ્યાનમાં રાખીને ડિસ્કવરીની બિન-વાર્તાલાપ વાર્તા કહેવાશે અને જીવનચરિત્રો કરતા મોટા દ્વારા વાસ્તવિક જીવનના શ્રેષ્ઠ મનોરંજનને રજૂ કરશે. સ્વામી રામદેવઃ એક સંપ્રદાય નામથી નનામીના જીવનથી સ્વામી રામદેવની રસપ્રદ અને પ્રેરણાદાયી મુસાફરીને એક પ્રસિદ્ધ યોગ ગુરુ, બિઝનેસ મોગલ અને રાષ્ટ્રીય ચિહ્ન સાથે એક સ્ક્રીપ્ટ આત્મકથારૂપ શ્રેણી છે. આ શોનું નિર્માણ અજય દેવગન ફિલ્મ પ્રોડક્શન્સ અને વોટરગેટ પ્રોડક્શન દ્વારા તૈયાર થાય છે. "આ આત્મકથારૂપ ફિલ્મ શ્રેણીથી વિશાળ અપેક્ષાઓ છે અને અમે એ સુનિશ્ચિત કરવા માગીએ છીએ કે જે કોઈ વ્યક્તિ બંધબેસતું હોય તે સંપૂર્ણ રીતે રામકૃષ્ણની ભૂમિકા ભજવે છે, પ્રેક્ષકોની જેમ, પ્રથમ વખત, જાણવા મળશે સ્વામી રામદેવના પ્રારંભિક દિવસો વિશે નમન જૈન તેની વય માટે અત્યંત પ્રતિભાશાળી છે અને તેણે મનમોહક કામગીરી કરી છે. ""તેમના જીવનચરિત્રમાં સ્વામી રામદેવના બાળપણમાં રમવાનું એક સન્માન છે. આ કાર્ય સરળ ન હતું, કારણ કે સ્વામી રામદેવને એક બાળક તરીકે અનેક પડકારોનો સામનો કરવો પડ્યો હતો અને મારા માટે એક નાના ગામમાં સમાવિષ્ટ સામાજિક તણાવને સમજવું અગત્યનું હતું. મને તેમની શૈલી અપનાવવા અને પાત્રને ચિત્રિત કરવા માટે પણ એક પડકાર હતો. "

### આત્મચિંતન

## વિભૂતિ રહિત સંપદા નિરર્થક છે.

જેટલો શ્રમ અને મનોયોગ સંપદાના ઉપાર્જનમાં લગાવવામાં આવે છે. એટલું જ ધ્યાન અને પ્રયાસ સદગુણોના અભિવર્ધન પર કેન્દ્રિત કરવામાં આવે તો તે આત્મપરિષ્કારનો લાભ અસાધારણ રીતથી મળશે. સદગુણોની સુગંધથી અંતઃકરણ હંમેશા સુવાસિત રહે છે. સત્કર્મોમાં નિરત રહેવાથી આત્મસંતોષનો એવો આનંદ છવાયેલો રહે છે કે જેની તુલના સંપત્તિના ઉન્માદથી કોઈ પણ પ્રકારે કરી શકાય નહિ.

પરિષ્કૃત સ્વભાવના કારણે પોતાના વ્યવહારમાં જે શાલીનતા ઉત્પન્ન થાય છે, તે સંપર્કમાં આવનારને પ્રભાવિત કર્યા વિના રહેતી નથી. ગુણ, કર્મ અને સ્વભાવના પરિષ્કારથી નિખરેલું વ્યક્તિત્વ એટલું વધારે આકર્ષક હોય છે કે તેની ઉપર સહજતાથી લોકશ્રદ્ધા ન્યોછાવર થાય છે. સુવિકસિત ફૂલ ઉપર જેવી રીતે પતંગિયા અને મધમાખીઓ ફરે છે, તેવી જ રીતે દસે દિશાઓમાં સદભાવનાની વર્ષા પરિષ્કૃત વ્યક્તિત્વ ઉપર અનાયાસ થતી રહે છે.

વિભૂતિવાનોને સંપદાઓથી વંચિત રહેવું પડતું નથી. કદાચ એ ના પણ મળે તો પણ તેનું આંતરિક વિશેષતાો જ તેને પ્રસન્નચિત્ત રાખવા માટે પર્યાપ્ત છે. તેનાથી વિપરીત જેની પાસે વિભૂતિ રહિત સંપદાઓ મળેલ છે, તેઓ આંતરિક ઉદ્વેગો અને બહારના આક્રમણોથી હંમેશા દુઃખી જ રહ્યા કરે છે. સંપદાનો લાભ ત્યારે જ છે જ્યારે તે વિભૂતિઓની સાથે જોડાયેલ હોય.- **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ગઝલનો ગરવો ભેખધારી...

''મૈં ગઝલ કા મિશનરી હૂં, જહાં જાતા ગઝલ ગાતા. ગઝલકી જિક્ર (ચર્ચા) કરના મેરા કામ હૈ. ગઝલ કો પેશ કરના, ગઝલકારોં કો આગે લાના ઔર ગઝલકા માહૌલ બનાના મેરા ઉસૂલ હૈ. સાઠ સાલ સે ગઝલ કે સાથ મેરા રિશ્તા રહા હૈ.''રુસ્વા મઝલૂમી ઉર્ફે પાજોદ દરબાર સાહેબે આ વાક્ય શબ્દોથી ના કહ્યું હોત, તો ય એમનું ડીસામાં આવવું એ જ એનો સૌથી મોટો પુરાવો હતો. કારણ કે પંદર દિવસ પહેલાં જ એમનાં બેગમ સાબિરાજહાં જન્નતનશીન થયાં છે. પંદર દિવસમાં તો માતમ (શોક) પણ ના ઊઠે. હિન્દુ સમાજમાં તો તેર દિવસ પાક્કા શોકના હોય. ને પંદરમે દિવસે રુસ્વા મઝલૂમી ડીસામાં ગઝલના કાર્યક્રમમાં આવે...?...? હું ને ભગવાનદાસ બંધુ નિમંત્રણ આપવા ગયા ત્યારે જ મનમાં ડર હતો. મુસાફિર પાલનપુરીએ ફોનમાં કહેલું- 'દરબાર સાહેબ બહુ ગમગીન છે. એમને ગમમાંથી છોડાવવા માટે જ પાલનપુરના એમના બનેવી એહમદમીયાં કુરેશી એમને પાલનપુર લઈ આવેલા.

અમે એમને મળ્યા. લાગણીથી છલોછલ ભરેલો ઈન્સાન છે. એટલે ગળગળા થઈ ગયા, પણ બહુ ગમમાં હતા. વાત કરતાં કરતાં એ અટકી જાય. અચાનક સ્તબ્ધ બની જાય. અમારા ચહેરા સામે એકીટશે જોયા કરે... પછી બોલતાં બોલતાં ભૂલી જાય. એકલા ને એકલા જાણે કોઈ અદૃશ્ય સાથે વાત કરતા હોય, એવું લાગે. ઘણીવાર વાત કરતાં કરતાં શબ્દો ધીમા પડતા જાય ને હોઠ ફફડે... શબ્દો અંદરને અંદર ઘૂંટાઈને શમી જાય; આપણને સમજાય પણ નહીં. ક્યાંક બોલતાં બોલતાં વાત તૂટી જાય પછી સાંધવાનો પ્રયત્ન કર્યા વગર અમારી સામે જુએ અને એવી રીતે જુએ કે જાણે કાંઈક ખોવાઈ ગયું છે....! અમારી આંખના દર્પણમાં એ શું ઢૂંઢતા હશે...?...?

વર્ષો સુધી પડછાયો સાથે ને સાથે હોય અને અચાનક પડછાયો ખોવાઈ જાય તો કેવું લાગે? સાઈઠ વર્ષ સુધી બેગમ સાબિરાજહાં એમનો પડછાયો બનીને રહ્યાં હતાં..!! ને આજ પોતાના પડછાયા વગર એ કેટલા અસહાય હતા? ડીસા ગેસ્ટહાઉસમાં બહાર પડેલાં કપડાં બેગમાં મૂકવા તેમણે હાથમાં લીધાં એ હાથમાં કપડું લઈને ફેરવે- મૂકે - ફરી પાછું ઉપાડે. સંકેલવાનો પ્રયત્ન કરે પણ કાંઈ મેળ બેસે નહીં. જ્યારે પોતે પાજોદરના દરબાર હતા ત્યારે પગમાં બૂટ પહેરાવનાર ચાકરો અલગ અને કોટ પહેરાવનારા ચાકરો ય અલગ હતા...! નવાબી ઠાઠ ચાલ્યો ગયો. રુસ્વા અમીરમાંથી એકાએક ફકીર જેવા બની ગયા ત્યારે એમનાં બેગમ સાબિરાજહાંએ એમને સંભાળવાની બધી જવાબદારી ઉપાડી લીધી. એમની સાથે ને સાથે રહ્યાં. એમની દરેક જરૂરિયાત પૂરી કરે. યાદ રાખીને દવા આપે. આજ બેગમ સાહિબાની ગેરહાજરીમાં ડીસા ગેસ્ટ હાઉસમાં જિંદગીમાં પહેલીવાર જાતે કપડાં સંકેલવાનો સમય આવ્યો. ત્યારે કમબખ્ત કપડાં સંકેલાય નહીં..! એટલે એ વારંવાર મથ્યા કરે. જ્યારે એ મથામણમાં એ સફળ ના થયા, ત્યારે લાચાર બનીને તેમણે મુસાફિર પાલનપુરીને કહ્યું- ''મુસાફિર, યે કપડે કી તહ ઠીક બેઠતી નહીં હૈ. ઈસ કો જરા ઠીક કર દો ન...!'' બેગમની અલવિદા આ કાંઈ પહેલીવાર મહેસૂસ નહીં થઈ હોય... પણ આ તો અમારી હાજરીમાં બનેલી ઘટના...!

વર્ષો સુધી જેના આલંબનથી ઊભા હોઈએ અને એ વૃક્ષ જ તૂટી પડે તો...? વિખરાયેલી વેલ જેવા દરબાર સાહેબ અમારી આંખના દર્પણમાં બેગમ સાહિબાનો પડછાયો ઢૂંઢતા હતા..! હું ને બંધુ એમને નિમંત્રણ આપી બેઠા હતા ને એ ના કહી શકતા ન હતા...

આમ તો એ પુરૂષ છે.. પાછા જૂના રાજવી, એટલે રડી ન પડે... પણ એમની આંખ સામે જોઈએ તો કાંઈક ભીનું ભીનું વરતાય...

આવી સ્થિતિમાં ય ગઝલના કાર્યક્રમની વાત આવીને તેમણે કબૂલ કર્યું કે એ આવશે. ને આવી ગમગીન દશામાં પણ તેઓ ડીસાના રસિક કલાજનોને જોઈને ખીલી ઊઠ્યા.

આમ તો ગઝલના દુનિયામાં એવું છે કે જ્યારે રુસ્વા મઝલૂમીનું નામ આવે ત્યારે ગઝલ સમ્રાટ અમૃત ઘાયલ અને શૂન્ય પાલનપુરીનું નામ અભિન્નપણે એમની સાથે જોડાઈ જાય છે. જાણે એ વગર એ અધૂરા હોય તેમ...! પણ રુસ્વાની ઓળખ કેવળ એમના આ બે મિત્રો દ્વારા જ સીમિત કરવી એ બરાબર નથી. રુસ્વા એ બન્નેને ચાતરીને પણ એક અલગ હસ્તી છે. એમનો સ્વીકાર'રુસ્વા મઝલૂમી' તરીકે થાય. હા એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે થાય... એટલું કાર્ય એમના દ્વારા થયું છે. જિગર મુરાદાબાદી અને જોશમલિહાબાદી જેવા ભારતના પ્રસિદ્ધ શાયરો ગુજરાતના એક ખૂણે પાજોદ ને શોધતા શોધતા આવી પહોંચે.. એ શું સામાન્ય સિદ્ધિ કહેવાય? ગઝલને પાજોદના દરબારમાં પનાહ મળી છે અને તે પણ એવા સમયે કે જ્યારે ગુજરાતી સાહિત્યમાં ગઝલનું સ્થાન અણમાનીતી રાણી જેવું હતું...!! અણમાનીતા છોડને પોતાના દરબારમાં રોપવાનું કામ તો 'રુસ્વા' જેવી સખ્શીયત જ કરી શકે...!! આમ તો કેવળ ગઝલ જ શું કામ? કલાકાર માત્ર માટે એમને ફખ્ર: એટલે તો કોઈપણ કલાનો કસબી, કલાકાર, શાયર, ચિત્રકાર કે સંગીતકાર એમના દરબારમાં આવે ત્યારે એ દિલદાર બનીને વર્ષી પડે. ને આ વરસવાનું ય કેવું...? બધું એક ધારું... મેઘ શ્રાવણમાં શરવડાં વરસાવે. ભાદરવે ભીનું કરી જાય ને આસોમાં તો ચાળા બતાવીને થોડાં ટીપાં નાખી જાય. પણ રુસ્વા તો અષાઢ હોય કે આસો. ઉતરતા ચોમાસે ય એ અષાઢ જેવું વરસ્યા.

વરસાદ મહેલ નથી જોતો... ઝુંપડી નથી જોતો. કેવળ કલાકારો માટે જ નહીં; રુસ્વા પાજોદની જનતા માટે ય વરસી પડતા. જ્યારે રુસ્વાએ પોતાનું પાજોદનું રજવાડું ભારત સરકારને સોંપી દીધું ને એ પાજોદ છોડને ચાલી નીકળ્યા. ત્યારે એમનો મહેલ તેમણે પાજોદના વૈષ્ણવ સમાજને સોંપી દીધો. ડીસાની રુસ્વાની મુલાકાત વખતે કાર્યક્રમમાં તેમને પૂછવામાં આવ્યું કે- 'બાબરી મસ્જિદ વિષે આપનો અભિપ્રાય શું છે?'

તેમણે એનો ખૂબ સુંદર ઉત્તર આપતાં કહ્યું કે - ''મેં કોઈ પોલિટિક્સ કા આદમી નહીં હૂં; મૈં કોઈ લીડર નહીં હૂં; મૈં કોઈ મશહૂર જાહિદ (ધર્મગુરુ) ભી નહીં હૂં; (નોટ કિયા જાય- આપણી માન્યતા છે કે એનો ઉકેલ રાજકારણીઓ, ધર્મગુરુઓ અને નેતાઓ પાસે છે) મૈં તો સિર્ફ સાહિત્યકા એક આમ આદમી હૂં.'' કહીને એ હસી પડ્યા. પછી કહે ''મને એક જગ્યાએ આવો સવાલ પૂછાયો હતો અને મેં તેનો ઉત્તર આપ્યો હતો તે જ ઉત્તર અહીં આપું એમ કહીને તેમણે એનો સુંદર ઉપાય બતાવ્યો. જે આપણા રાજકારણીઓ અને ધર્મગુરુઓને જરા પણ પસંદ ના આવે. તેમણે કહ્યું કે- ''પાંચ સાફ દિલના સાચા અને પવિત્ર હિંદુઓ અને પાંચ પાક મુસલમાનોને બાબરી મસ્જિદના એ સ્થાને બેસાડવામાં આવે. ઉપરથી ઈશ્વર એમને આદેશ કરે કે મંદિર બનાવો તો મંદિર બનાવવું અને જો અલ્લાહ આદેશ કરે કે મસ્જિદ બનાવો તો મસ્જિદ બનવાવી. પણ જો ઈશ્વર કે અલ્લાહ એકેય કાંઈ આદેશ ના આપે તો સમજવું કે ઉપર ઈશ્વર અને અલ્લાહ વચ્ચે સમજૂતી થઈ ગઈ છે. ઉપર કોઈ ઝગડો નથી.'' આ વાત તેમણે એ વખતે કહીએ તો જાહેરમાં. પણ બીજે દિવસે સવારમાં મને કહે કે-

''બાબરી મસ્જિદ કે બારે મેં ઔર તો મૈં ક્યા બતાઉં? મગર વહાં જો બાત ન કહ સકા... વો બાત આપ કો બતાઉં...?'' કહીને ખૂલ્લામાં બધા માણસોની હાજરીમાં ન કહી શકાયેલી... ન બોલાયેલી પેલી વાત તેમણે કહી.

''મૈંને અપના પાજોદ કા નવાબી મહલ વૈષ્ણવ સમાજ કો દે દિયા ઉસ વક્ત ઉસ સમાજ કો મૈંને ગુજારીશ કી કિ યહ મહલ કલા કા મંદિર બના હુઆ થા. અબ ભી ઉસે મંદિર બનાયે રખોગે તો મુજે તસલ્લી હોગી...''

**ક્રમશઃકનુ આચાર્ય**

## બિગ બજાર પબ્લિક હૉલિડે સેલ ૨૨ થી ૨૫ ડિસેમ્બર

ફ્યૂચર ગ્રુપની અગ્રણી હાઈફર માર્કેટ શ્રેણી બિગ બજાર દેશના પોતાના ૨૪૦થી વધુ બિગ બજાર સ્ટોર્સ પર ૨૨ થી ૨૫ ડિસેમ્બરે એક મેગા શોપિંગ ફેસ્ટિવલ 'પબ્લિક હૉલિડે સેલ' લઈને આવી રહ્યું છે. આ વર્ષ આ પબ્લિક હૉલિડે સેલ ગ્રાહકો માટે સૌથી યાદગાર રહેશે કેમકે પેહલી વાર બિગ બજાર શોપિંગથી પહેલા પોતાના દરેક ગ્રાહકોને વિશેષ ક્રેડિટ આપશે જેનો ઉપયોગ ગ્રાહક પબ્લિક હૉલિડે સેલ દરમ્યાન કરી શકે છે. બિગ બજારની આ પબ્લિક હૉલિડે સેલમાં કરયાણાનો સામાન, હોમ ફેશન, કપડે, ઈલેક્ટ્રોનિક તથા અન્ય ઉત્પાદનોની વિશાળ શ્રેણી પર અનેક આકર્ષક ઓફર અને ડીલ્સ આપવામાં આવશે. પબ્લિક હૉલિડે સેલમાં પરિવારના દરેક સભ્ય માટે આકર્ષક ઑફર ઉપસ્થિત રહેશે. ચાર દિવસના આ સેલમાં ઉત્પાદનો અને તેની વિશાળ શ્રેણી પર શાનદાર ઑફર્સ આપવામાં આવશે. ફેશન ઉત્પાદનોની શ્રેણીમાં પુરુષો, મહિલાઓ તથા બાળકોના કપડાની ખરીદી પર ગ્રાહક વિશેષ ડીલ્સ અને ઓફર્સ અંતર્ગત ૫૦ ટકાની છૂટ પણ મેળવી શકે છે. ખાદ્ય વસ્તુઓની શ્રેણીમાં સફોલા ગોલ્ડ ઓઈલનો ૫ લીટર જાર જેની કિંમત રૂ. ૭૫૦ છે, તે રૂ. ૭૧૫ની કિંમત પર ઉપલબ્ધ રહેશે. આની સાથે જ એક લીટરનું પાઉચ પણ મફત આપવામાં આવશે. ઘરના સાજો સામાનની વસ્તુઓ, જેમ કે બેડશીટ્સ, ધાબળા વગેરે પર ૩૦ ટકાની છૂટ પણ આપવામાં આવશે.

## સિવિલ સેવા પરીક્ષા ૨૦૧૮ : ચાણક્ય આઈએએસ એકેડમીએ પ્રારંભિક પરીક્ષા માટે ટેસ્ટ સીરીઝની ઘોષણા કરી

સિવિલ સેવા પરીક્ષા ૨૦૧૮ને લક્ષ્ય બનાવીને આની પ્રારંભિક પરીક્ષાની તૈયારીઓમાં લાગેલા વિદ્યાર્થીઓ માટે ખુશ ખબર છે. દેશની જાણીતી કોચિંગ સંસ્થા ચાણક્ય આઈએએસ એકેડમીએ પ્રારંભિક પરીક્ષા માટે બહુપ્રતીક્ષિત ટેસ્ટ સીરીઝની ઘોષણા કરી છે. આનાથી પરીક્ષાર્થી પોતાની તૈયારી ઝડપી અને યોગ્ય દિશામાં કરી શકશે.આ ટેસ્ટ સીરીઝ હિન્દી અને અંગ્રેજી બંને માધ્યમોના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ હશે. આમાં કુલ ૪૦ પેપર હશે, જેમાંથી ૩૦ પેપર સામાન્ય અધ્યયન (જીએસ) અને ૧૦ પેપર સિવિલ સેવા યોગ્યતા પરીક્ષણ (સીએસએટી)થી જોડાયેલા હશે. વિદ્યાર્થી પોતાની જરૂરિયાત અનુસાર ટેસ્ટ સીરીઝનું પુરુ પેકેજ કે જીએસ ટેસ્ટ પેપર કે સીએસએટી સ્ટ પેપર ખરીદી શકશે. ચાણક્ય ટેસ્ટ સીરીઝ શાનદાર સફળતા મેળવવા ઈચ્છુક દરેક વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મદદરૂપ પાઠ્યસામગ્રી સાબિત થશે, કેમકે આ યૂપીએસસીની તૈયારીનું સ્તર વધારવામાં સહયોગી છે. પરીક્ષાર્થીઓની સુવિધાને જોતા આ ચાણક્ય પ્રીલિમ્સ ટેસ્ટ સીરીઝને દરેક રીતે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ ક્લાસરૂમ ફોર્મેટ ઉપરાંત ઓનલાઈન પણ મેળવી શકાય છે અને ડાકના માધ્યમથી પણ મંગાવી શકાય છે. અનુભવી નિષ્ણાંતો દ્વારા આ ટેસ્ટ સીરીઝને આ રીતે તૈયાર કરવામાં આવી છે કે આમાં સિવિલ સેવા પ્રારંભિક પરીક્ષાનો પૂરો અભ્યાસક્રમ આવી જાય. એવામાં પ્રીલિમ્સ માટે જી-જાનથી લાગેલા પરીક્ષાર્થીઓને આ ટેસ્ટ સીરીઝથી પોતાની તૈયારીનું સ્તર તપાસવામાં ખૂબ મદદ મળશે.

ચાણક્યની પ્રીલિમ્સ ટેસ્ટ સીરીઝને યૂપીએસસીની પરીક્ષા માનદંડોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. સિવિલ સેવા પ્રારંભિક પરીક્ષાની જેમ આમાં પ્રત્યેક ટેસ્ટ પેપરને હલ કરવા માટે પરીક્ષાર્થીને બે કલાકનો સમય આપવામાં આવશે. જીએસના પેપરમાં ૧૦૦ પ્રશ્ન જ્યારે સીએસએટીના પેપરમાં ૮૦ પ્રશ્ન આપવામાં આવશે. ચાણક્ય એકેડમીની તરફથી ટેસ્ટ સીરીઝની સાથે ઉત્તરવહી આપવામાં આવશે. આમાં ઉત્તરની નિષ્ણાંતો દ્વારા તૈયાર વ્યાખ્યા પણ સામેલ હશે. આની મદદથી પરીક્ષાર્થી પોતાની ભૂલોને સુધારીને તૈયારી મજબૂત કરી શકશે.

## ટાઈમ્સ નેટવર્ક દ્વારા ડિજિટલ ઈન્ડિયા સમિટ અને એવોર્ડસ ૪.૦નું આયોજન

ભારતમાં વિશાળ મીડિયા કોંગ્લોમરેટ ટાઈમ્સ ગ્રૂપના એક ભાગ ટાઈમ્સ નેટવર્ક દ્વારા તેની 'ટાઈમ્સ નેટવર્ક ડિજિટલ ઈન્ડિયાસમિટ એન્ડ એવોર્ડસ ૪.૦'ની ચોથી એડીશનનું આયોજન આજે કરવામાં આવ્યું હતું. ભારતના અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ આસમિટનો હેતુ 'ડિજિટલ ઈન્ડિયા'ના વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટેના ફ્રેમવર્ક અને મહત્ત્વના પડકારો અને પગલાંઓના વિચારવિમર્શશ્રેણીબદ્ધ ચર્ચાઓ દ્વારા કરવાનો હતો 'ડિજિટલ ઈન્ડિયા કે જે સરકારનું ફ્લેગશીપ ઈનિશિયેટીવ છે જે ગરીબો અને પછાત લોકોને સશક્ત કરવા અને મદદરૂપ થવા માટે તૈયાર કરાયેલું છે. આજે આપણા દેશમાં ૧ બિલિયનથી વધુ મોબાઈલ ફોન ૩૫૦ મિલિયન સ્માર્ટફોન્સ છે જે દેશની ડિજિટલ ઓળખ આપે છે. ઓછા ખર્ચની ટેકનોલોજી ઈન્ક્લુઝિવ ગ્રોથ માટે મહત્ત્વપૂર્ણ છે.' 'છેલ્લા ૩ વર્ષથી ડિજિટલ ઈન્ડિયા સમિટ એન્ડ એવોર્ડસ ડેલિગેટ્સ અને પાર્ટિસિપન્ટ્સ એમ બંને તરફથી જોરદાર પ્રતિસાદ મેળવે છે. ભારતને ડિજિટલી સશક્ત કરવાના ઉદ્દેશથી ડિજિટલ ઈન્ડિયા સમિટની ચોથી એડિશન ડિજિટલ ડિવાઈડ અને મજબૂત સિક્યુરિટી આર્કિટેક્ચર વચ્ચેની કડી તથા ઉપાયો અને તકો શોધવા તરફનું પગલું છે.'

## 'હો હો' હોલસમ આલમન્ડ્સ સાથે તમારી ક્રિસમસને આનંદપૂર્ણ બનાવો



વર્ષનો ફરી આ સમય આવ્યો છે, એવો સમય કે જેમાં આપણે રેડ, ગ્રીન અને વ્હાઈટ રંગો સાથે તેમજે ખૂબ ક્રિસમસ કેક સાથે તથા રોશની સાથે બધું આનંદપૂર્ણ બનાવવા માગીએ છીએ. હા, રજાઓનો આનંદ ત્યારે વધે છે જ્યારે વર્ષમાં ક્રિસમસનો તહેવાર આવે અને નવા વર્ષના આગમનને આવકારવાનું હોય છે. આ સમયે આપણે આપણા માટે પણ નવા વર્ષે કેટલાક સંકલ્પો કરતા હોઈએ છીએ.

જો કે આપણા દેશમાં ઉજવાતા અન્ય તહેવારોની જેમ ક્રિસમસ પણ ખાનપાન અને ઉજવણીથી ભરપૂર હોય છે. આ પ્રકારની ઉજવણીથી આખરે રજાઓ આપણું વજન વધારવામાં યોગદાન આપે છે અને તેમાં બ્લડ સુગર લેવલ કે બેડ એલડીએલ કોલેસ્ટ્રોલ વધવાનું જોખમ પણ રહે છે.ન્યુટ્રીશનિસ્ટ કોમલ પટેલ ક્રિસમસ દરમિયાન સ્વસ્થ રહેવા માટેના પોતાના મંતવ્યો આપતા કહે છે, 'તહેવારના આ સમયમાં, બિનઆરોગ્યપ્રદ ખોરાક લેવાનું સરળ બની જતું હોય છે. આ ખાદ્ય ચીજો સામાન્ય રીતે બિનઆરોગ્યપ્રદ ફેટ, કાર્બોહાઈડ્રેટ અને પ્રોસેસ્ડ સુગર આપે છે. આપણે આમ પણ હાઈ કાર્બોહાઈડ્રેટ કલ્ચરમાં રહેતા હોવાથી ડાયાબિટીસ કેપિટલ ગણાતા આપણા દેશમાં લોકો આ રીતે વધુ પ્રમાણમાં તેનો વધારો શરીરમાં કરી દેતા હોય છે. હું સલાહ આપીશ કે આલમન્ડ્નો ઉપયોગ અનહોલસમ સ્નેક્સના સ્થાને કરવો જોઈએ. રિસર્ચ દર્શાવે છે કે બદામ કે જે પ્રોટીન અને ડાયેટરી ફાઈબર્સનો સ્ત્રોત છે જે બ્લડ સુગર યોગ્ય રીતે જાળવવામાં મદદ કરે છે. તે ટાઈપ ટુ ડાયાબિટીસ ધરાવતા લોકોનું બ્લડ સુગર લેવલ પણ સુધારે છે અને કાર્બોહાઈડ્રેટ ફૂડ્સની અસરથી સર્જાતા વધુ બ્લડ સુગર લેવલને ઘટાડે છે, કેમકે તે વધવાથી ઈન્સ્યુલિન સ્તર પણ ફાસ્ટિંગ વખતે અસર પામતું હોય છે.'

## માધુરી દિક્ષીત અને જયા બચ્ચને શીન દાસને પિયા અલબેલામાં તેના નવા અવતાર માટે પ્રેરિત કરી



ઝી ટીવીના પ્રસિદ્ધ કાલ્પનિક નાટ્યશ્રેણી પિયા અલબેલાએ પૂજા (શીન દાસ) અને નરેન (અક્ષય મહાત્રે)ની અંતરંગ પ્રેમકથાથી દર્શકોના દિલ જીતી લીધા છે. આગલા એપિસોડમાં પૂજા અને નરેનના સંબંધોએ મુશ્કેલી જોઈ છે, જ્યાં પૂજા એક બંધૂકની ગોળીથી બચી જાય છે, પરંતુ તેના બદલામાં તેની યાદશક્તિ ગુમાવી બેસે છે. પરિસ્થિતિ વધુ ત્યારે વણસે છે, જ્યારે ડોક્ટર એવું કહે છે, કે પૂજાની સ્થિતિમાં સુધારો નહીં આવી શકે અ તે ૮ વર્ષના નાના બાળક જેવું વર્તન કરવાનું ચાલું કરે છે, જેનાથી નરેન વિખરાઈ જાય છે. સંપૂર્ણપણે પરિસ્થિતિ જાણતો હોવા છતાં નરેન પૂજાને છોડતો નથી અને તેને આ મુશ્કેલ સમયમાં સાથ આપવા માટે વચન આપે છે. બાળક બનેલી પૂજા ઘણી વખત બાલીશ હરકતોથી ક્રોધ કરે છે અને નરેન ધીરજ પૂર્વક તેનું ધ્યાન રાખીને રક્ષણ કરે છે. "શું નરેન અને પૂજા ફરીથી તેનું સામાન્ય જીવન જીવી શકશે?વધુ જાણવા માટે જોતા રહો પિયા અલબેલા દર સોમવારથી શુક્રવાર સાંજે ૮.૩૦ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

## Maersk ટ્રેડ ફાયનાન્સે ભારતમાં ૧૦૦ ગ્રાહકોનું સિમાચિહ્ન વટાવ્યુઃ

અમદાવાદ

ડેન્માર્ક સ્થિત એ પી મોલર સ્ક્રીજિનો એક ભાગ માર્સ્ક ટ્રેડ ફાયનાન્સ ભારતમાં અને વિશ્વમાં તેનાં ગ્રાહકોને આંતરરાષ્ટ્રીય બજારોમાં શિપમેન્ટસ માટે નાણા પૂરા પાડવાની અનોખી પધ્ધતિ અપનાવી રહી છે. વર્ષ ૨૦૧૬માં આરંભાયેલી સ્ક્રીજિ ટ્રેડ ફાયનાન્સ ભારતમાં ગ્રાહકોને એક્સપોર્ટ ફાયનાન્સ સોલ્યુશન પૂરા પાડે છે. સ્ક્રીજિ ટ્રેડ ફાયનાન્સે અત્યાર સુધીમાં વિવિધ સેક્ટરોમાં ૧૦૦ ગ્રાહકોને ફાયનાન્સ પુરું પાડ્યું છે અને આવતા ૧૨ માસ સુધીમાં ૨૦૦ મિલિયન ડોલરનું ધીરાણ ભારત સ્થિત વ્યાપારોમાં પુરું પાડવાનો ઈરાદો ધરાવે છે. ડિજીટલ પ્લેટફોર્મ મારફતે ઓફર થતી Maersk ટ્રેડ ફાયનાન્સ સર્વિસ તે Maersk લાઈન શિપિંગ કસ્ટમર્સને ઉપલબ્ધ છે. આ સેવા ગ્રાહકો માટે વન શોપ સ્ટોપ પુરવાર થાય છે કે જે ગુડઝના અને નાણાનો પ્રવાહનું સંચાલન કરે છે. આ નાણાથી ગ્રાહકો શિપમેન્ટ માટેની ચુકવણી કરી શકે છે અથવા નવા ઓર્ડરોમાં રોકાણ કરી શકે છે, Maersk લાઈનની કાર્ગો શિપિંગ સર્વિસીસ પણ લઈ શકે છે. આ સેવા તે Maersk નું ગ્રાહકલક્ષી અન્ય પગલું છે.

## હમ પાંચ ફિર સે નવી સીઝન હમ પાંચ અબ આયેગા અસલી માઝા સાથે વારતારેખામાં વળાંક લાવે છે



૧૯૯૦નો હિટ શો, જે હમ પાંચ ફિર સે તરીકે વૈવિધ્યપૂર્ણ મનોરંજન ચેનલ બિગ મેજિક સાથે કમબેક કરી ચૂક્યો છે તેની વારતારેખામાં નવો વળાંક આવી રહ્યો છે. હમ પાંચ અબ આયેગા અસલી મઝા નામ અનુસાર દર્શકોને હાસ્યનો રોજનો ડોઝ આપશે, જેથી દર્શકો દિવસની વ્યસ્તતા પછી થાક દૂર કરવાનો અને ખડખડાટ હસવાનો મોકો મળશે. શોમાં મોજૂદ કલાકારો સાથે અમુક નવા કલાકારો, નવું સ્થળ ઉમેરાવા સાથે અમુક વધુ હાસ્યસભર વારતારેખાનો ઉમેરો થવાનો છે. શોએ બધા વયજૂથના દર્શકો માટે મનગમતો હાસ્યસભર ખજાનો બની ગયો છે ત્યારે હવે વારતા બનારસના ગામમાં જઈ રહી છે. ગ્રામીણ કલ્પના એ વારતારેખા માટે અનુકૂળ પાર્શ્વભૂ બની રહેશે, કારણ કે આનંદ માથુર તેની ૫ દીકરીઓને તેમનાં મૂળમાં પાછી આવવા માટે કઈ રીતે વર્તન કરવું તે શીખવશે.પાર્શ્વભૂમાં આનંદ માથુરની માતા દુલારી દેવી ફરતે વારતા વીટળાયેલી છે, જે ભૂમિકા ગુડ્ડી મારુતિ ભજવી રહી છે. તે ગામની મુખિયા તરીકે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતી જોવા મળશે, જે પોતાના હોદ્દા પરથી નિવૃત્ત થવા માગે છે, પરંતુ પોતાનો વારસો સક્ષમ હાથોમાં જાય એવું ચાહે છે. આરંભમાં તે પોતાનો સહાયકને હવાલો સંભાળવાનું વિટારે છે, પરંતુ પછી પોતાનો પુત્ર અને સહાયક વચ્ચે અનુકૂળ ઉમેદવાર કોણ બની રહેશે તે વિશે મૂંઝવણમાં મુકાય છે. બીજી બાજુ ૫ બહેનો તેની હરકતોથી વાજ આવવાની નથી, જેને લીધે આનંદ માથુરને હંમેશાં ખડેપગે રહેવું પડે છે. મૂલ્યો અને પરંપરાનો બોધ આપવા માટે ગામમાં લાવવા બદલ બહેનો પિતાથી એકદમ નારાજ છે, જેને લીધે ગામમાં આ પરિવારનો ઘેલો પ્રવાસ શરૂ થાય છે, જે હાસ્ય અને પડકારોથી ભરપૂર હશે.માથુર પરિવાર સાથે બિગ મેજિક પર તેમના સાહસિક પ્રવાસમાં જોડાઓ, સોમથી શુક્ર, રાત્રે ૯.૩૦

## સોની YAY! સાથે જિંગલ ઓલ ધ વે




લાઈટ્સ, કેન્ડી, ડેકોરેશન્સ, કૂકીઝ અને તેથી વધુ રોમાંચક... સાંતા! જો આપણે બાળક હોત તો આપણને આ બધું જ મળે એવી ચાહત રાખી હોત, પરંતુ જો અમે એમ કહીએ કે આ હોલીડે સીઝનમાં બાળકોને આથી પણ વિશેષ મળશે તો? આ ક્રિસમસમાં સોની રૂછરૂ!સાંતાની હેટ ધારણ કરીને તેની કેમ્પેઈન જિંગલ ઝોલમાલ સાથે ભરપૂર મસ્તી અને ખુશી લાવવા માટે વચનબદ્ધ છે.

ટેલિવિઝન પર પ્રથમ ફિલ્મની સફળતા પછી ચેનલ બીજી ફિલ્મ હની બની કા સ્પેસ એડવેન્ચર લાવવા માટે સુસજ્જ છે. કારણ કે થોડો પણ રોમાંચ કોન નહીં ગમે? મોજમસ્તીભર્યું આઉટ સ્પેસ એડવેન્ચર ફિલ્મ યુવાનોને ચાર બેસ્ટ ફ્રેન્ડ્સ હની, બની, ઝોરદાર અને પોપટની વાકતા સાથે મનોરંજિત કરે છે. આ ચારેય શયતાની વિલન ડોઝોંગ અને તેના સાગરીતો દ્વારા શાસિત એલિયન ગ્રહને બચાવવા માટે નીકળી પડે છે. આટલું જ નહીં, તહેવારમાં વધુ મનોરંજક તત્ત્વ ઉમેરવા માટે બાળકોના મનગમતા શો સબ ઝોલમાલ હૈના મનોરંજક અને હાસ્યસભર એપિસોડ પણ પ્રસારિત કરવામાં આવશે.નવી મૂળ દેશી સિરીઝ પણ વધુ એક સરપ્રાઈઝ રહેશે, જેમાં ફેબ ૫ મિશન ટેન્ગોનો સમાવેશ થાય છે. નવો શો ભરપૂર કોમેડી સાથે સાહસથી સમૃદ્ધ રોલર કોસ્ટર રાઈડ બનવા માટે વચનબદ્ધ છે. ફેબ ૫- મિશન ટેન્ગો ત્રણ જોશીલા બાળકો હીર, બીર, મીરનો પ્રવાસ છે. તેમની સાથે નિવૃત્ત પણ જોશીલો પ્રોફેસર પ્રો. ખોડકર અને વફાદાર લેકી બોસ પણ છે, જે મિત્રોને મદદરૂપ થવા અને રહસ્યનું કોકડું ઉકેલવા માટે દુનિયાભરનો પ્રવાસ કરે છે.

# પાલવના પડછાયા

નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...




## ચટપટો નાસ્તો - મટર ચાટ

**સામગ્રી** - ૨ કપ સૂકા વટાણા, ૩ બટાક, એક ટામેટુ ઝીણુ સમારેલુ, ૨ લીંબુ, અડધી નાની ચમચી બેકિંગ સોડા, ૧ ચપટી હિંગ, ૧ કપ આમલીની ચટણી, ૧ કપ લીલી ચટણી, ૧ ચમચી લાલ મરચું પાવડર, ૧ ચમચી સંચળ, ૧ ચમચી જીરુ, મીઠુ સ્વાદમુજબ, ૨ ચમચી લીલા ધાણા ઝીણા સમારેલા, સજાવવા માટે સેવ, ૨ ચમચી તેલ, ૧ ચમચી ચાટ મસાલો, અડધી ચમચી ધાણાજીરુ, ૧/૪ ચમચી લાલ મરચુ, ૧/૪ આમચૂર પાવડર, ૨-૩ પાપડી.

બનાવવાની રીત - સૌ પહેલા વટાણાને ધોઈને ૫-૬ કલાક પલાળી લો. જ્યારે વટાણા સારી રીતે પલળી જાય ત્યારે પાણી કાઢી લો. હવે પલાળેલા વટાનાને એકવાર ધોઈને પ્રેશર કૂકરમાં વટાણા, બટાકા, થોડુ પાણી, બેકિંગ સોડા અને હિંગ નાખીને ૪ સીટી વગાડી લો.

- હવે એક ફ્રાઈ પેનમાં તેલ નાખો અને ગરમ થવા માટે તેજ ગેસ પર મુકો. જ્યારે તેલ ગરમ થઈ જાય તો તેમા જીરુ અને ટામેટા નાખીને ૨ મિનિટ સુધી થવા દો. પછી તેમા બાફેલા વટાણા અને બટાકા નાખો. ઉપરથી ધાણાજીરુ, લાલ મરચુ, આમચૂર નાખો અને સારી રીતે હલાવીને મિક્સ કરો અને સીઝવા દો.

હવે તેમા અડધો કપ પાણી અને મીઠુ નાખીને થવા દો. જ્યારે પાણી લગભગ સૂકાય જાય તો ગેસ બંધ કરી દો. હવે એક બાઉલમાં મટર ચાટ કાઢો. તેની ઉપર ડુંગળી નાખો સાથે જ બધા મસાલા અને લીંબૂનો રસ નાખીને જરૂર મુજબ આમલી અને લીલી ચટણી પણ નાખો.

તેના પર સેવ, પાપડી અને લીલા ધાણા નાખો અને સર્વ કરો.



# હીસ્ટ્રીઓનિક પર્સનાલીટી ડિસોર્ડર

### નારી ચેતના

વિજયના લગ્ન વીણા સાથે થયેલા. તેઓ વચ્ચે મનમેળ થયો નહીં. તેઓ વચ્ચે ઝઘડા થતાં રહેતા એ ઝઘડાથી વિજય તણાવમાં હતો જ તેવામાં વીણાએ વિજયનો ત્યાગ કર્યો. આ સ્થિતિ વિજય માટે ખુબ જ કપરી હતી. એ સ્થિતીને જીરવવા માટે વિજયે સાઈકોથેરાપીસ્ટનો સંપર્ક કર્યો. થેરાપીસ્ટે ચર્ચા બેઠકોના સત્ર કરવાનું કહ્યું.

પત્ની ત્યાગ કરે એ સ્થિતિ પતિ માટે વિવશ છે. સંબંધોમાં લાચારીની તીવ્ર વેદના અનુભવાયા એ વેદનાનો ઉભરો નીકળે. શરૂઆતની મુલાકાતોમાં વિજયની યાતના ઠલવાઈ. ધીમે ધીમે તે વસવસાની વેદનાથી હળવો થયો. પરિણામે તેનામાં આત્મવિશ્વાસ આવવા લાગ્યો. પરિણામે તેનું બોલવું વધી ગયું, વધુ વાતો કરવાથી તેનો સમય વેડફાતો અને એ થાકતો. વધુ નોંધો તો વાતો બોલ બોલ કર્યા પછી પણ મન ખાલી થતું નહીં. મનમાં તીવ્ર ગતિએ વિચારો ચાલુ રહેતા.

એવામાં એક દિવસ સાથે કામ કરતી પ્રાચી સામે મળી તેણે કહ્યું, 'તમે મારી સામે જોઈને સ્માઈલ પણ કરતા નથી ?' એ સાંભળીને વિજયે કહ્યું, 'બોલ કયારે સ્માઈલ કરવાનું છે ? વિજયે અભિનય કરતો હોય તેમ ચહેરો મલકાવ્યો, 'તેને જોઈને પ્રાચી હસી પડી.

ભોળાભાવે વિજયે અભિનય કર્યો. જે તેનો દંભ હતો. તેણે હાસ્ય કરવા જેવું વર્તન કરવાનો નિર્ણય સામી વ્યક્તિ પર આધાર રાખે છે. એના સાચા હોવાનો અનુભવ એવી રીતે કરે છે.

એ જાણીને થેરાપીસ્ટે કહ્યું, 'તમે લઘુતા અનુભવો છો એટલે જાતને યોગ્ય સમજવા નખરાં કરો છો.' એ જાણતાં વિજયે જાતને ઉતરતી સમજવાનું આપોઆપ ઘટાડયું.

વિજયની વકતૃત્વ કળા સારી હતી. તે પ્રિય શિક્ષક હતો. વિદ્યાર્થીઓ તેને ખુબ માન આપતા હતા. પ્રાંચી પણ તેનાથી પ્રભાવિત હતી. પ્રાચીના મનમાં સ્થાન અનુભવતાં વિજય મુંઝાતો હતો.

એ નોંધતાં થેરાપીસ્ટે કહ્યું, 'તમે કાંઈક છુપાવો છો' તેવે વખતે વિજયે જાતે જ કહ્યું, 'હું લોકપ્રિય બોલું છુ.' મારી બોલી પ્રભાવશાળી છે. તેથી હું સૌને ગમું છું. પરંતુ મારૂં જ્ઞાન છીછરૂં છે.'

વિજય હિસ્ટ્રીઓનીક કેમ કહેવાતો ? હીસ્ટ્રીઓનિક એટલે કે દાંભિક,તરૂણાવસ્થામાં જાતને યોગ્ય ગણવાનું મળ્યું ના હોય તો કેટલાક તરૂણો આકર્ષક દેખાઈને ફેશનકરીને ધ્યાનનું કેન્દ્ર બનીને ચાહકોનો વર્ગ બનાવે છે. કુટુંબમાં મળેલ વાતાવરણથી વિજયને શુદ્ધ ઉચ્ચાર મળેલા. અંગ્રેજી ભાષાના શબ્દો મળેલા. તે વાત વાતમાં બોલી જવાથી તેને અસરકારકતા લાગતી ત્યાંથી તેનો વિકાર શરૂ થયેલો.

વિજય ઓછું પણ સ્પષ્ટ વાંચતો. તેથી તેની વાણીમાં આંજી દે એવા શબ્દો સંભળાતા. તેણે વાંચીને જેટલું જાણ્યું તેની સરખામણી પ્રવચનનો સમય વધારે હતો. શરૂઆતમાં તર્કબદ્ધ શૈલીમાં વધારીને બોલેલો ત્યાં તે શ્રોતાને પ્રિય બની ગયો. પરિણામે તેને વધુ બોલીને છવાઈ જવાની સમજ આવી ગયેલી.

વિજય તેની માનસિક પ્રક્રિયાને સમજયો. તેણે અભ્યાસને વધાર્યો. તે પ્રવચન માટે પુર્વ તૈયારી કરવા લાગ્યો.તેને જ્ઞાન વધાર્યું તેથી બોલતી વખતે મગજનાં ઉંડાણમાં જવાનું ઘટયું. સાથે સાથે તેના દોડાદોડ કરતાં વિચારો ધીમા પડવા લાગ્યા.

મુળભુત રીતે સ્ત્રીઓને આવું વ્યક્તિત્વ મળ્યું છે. તેનું ઘડતર બીજાને ગમી જવા માટે થાય. તેને જ્ઞાનમાં ઓછો અને રંગીન વાતોમાં વધુ રસ પડે. તેમને વખાણ સાંભળવાની અને ધ્યાનનું કેન્દ્ર બનવાની ભુખ છે. અજાણતાં વિજયે તેને અપનાવેલી તેણે તરૂણાવસ્થામાં હેરસ્ટાઈલ કરાવીને હેરસ્ટાઈલ અને કપડાં દ્વારા ધ્યાનનું કેન્દ્ર બનતો. તેણે 'વાહ વાહ' મેળવતી આદતો કેળવેલી.અહીં દાંભિક વ્યક્તિત્વ વિકૃતિની વાત થાય છે. જે મુળ રૂપે હેતાળુ સ્વભાવ છે. બીજાના દિલમાં વસી જવું તેનો ગુણ છે. સહેલી અને મિત્રોએ સહેલાઈથી બનાવી લે છે. બની ઠનીને ફરવું, લોકોને


અનુસંધાન પાના નં.૬


# પ્રિતનાં દાન

### મન દર્પણ

**- મંજુ પ્રજાપતિ**

સાંજનો સમય છે. ગામના મંદિરમાંથી આરતીનો મધુર ઘંટનાદ સંભાઈ રહ્યો છે. જમના અને જીવો તાળાવને પાળે બેઠાં છે. જીવો જમનાને કાલાં વાલાં કરી મનાવવાની કોશિષ કરી રહ્યો છે. 'જમની..!તું મારા હૈયાનો હાર છે. તને હું કેવી રીતે ભુલીશ..? મારી સાથે આવું ના કરીશ. તને ખબર છે કે તારા સિવાય મારૂં બીજું કોઈ નથી. તું મને છોડીને જતી રહીશ તો હું કોના સહારે જીવીશ ! જીવો જમનાના હાથને હાથમાં લઈ એના પગ પાસે બેસી ગયો. અને જમનીના ખોળામાં માથું મૂકી દીધું. જમના જીવાના માથા પર પ્રેમથી હાથ ફેરવવા લાગી,અને બોલી.

'જીવા તુંય મારા કાળજાનો કટકો છે. જાણે છે ને..! તારા વિનાનું જીવતર એ જીવતર નથી પણ મુંઆ પછીની લાશ છે. પણ હુંયે શું કરું ? મારા બાપને કેમ કરીને સમજાવું ? અને કોઈ રીતે મને તારી હારે પરણવા રાજી નથી એને તો તું આંખમાં કાણાંની માફક ખૂંચે છે.'

'પણ જમની ..! તું ને હું બેય ભાગી જઈને પરણી લઈએ તો.! પછી એનું શું ચાલવાનું ? તને મારા પર વિશ્વાસ તો છે ને..?

'અરે જીવા..! તારા પર વિશ્વાસ ના હોત તો અત્યારે અહીં સંધ્યાકાળ મારી આબરૂને નેવે મૂકી તળાવને કાંઠે તારી હારે બેઠી ના હોત ! તને ખબર છે ને ગામમાં કોઈ જુવાનીયામાં તાકાત નથી કે જમની સામે ઉંચી આંખ કરીને જોવે. તારા માટે તો મારું આખું આયખું કુરબાન કરી દઉં પણ મને તારી માંની દયા આવે છે. બિચારી ભરજુવાનીમાં પતિનું છત્ર ગુમાવ્યું ને હવે ઘડપણમાં દીકરાથીયે વિખૂટી કરી દઉં એવી સ્વાર્થી હું નથી જીવા ! તને ખબર છે ને મારો બાપ આપણને ધરતીના પાતાળમાંથી યે ગોતી કાઢે ને પછી તારી તો શું મારી યે દયા એને ના આવે પળવારમાં રહેંસી નાખતાં એ વિચાર ના કરે. આપણે તો જાન બે જીવને સંગાથે મરતાં કદાચ હરખ આવે પણ એ તો બિચારું ખર્યું પાન સાવ નિરધાર બની જાય ! તું તો એના ઘડપણની લાકડી છે. જા જીવા..! મને ભુલવાનો પ્રયત્ન કરજે ..'

જીવો ગુસ્સે થઈ ગયો. તે મોટેથી બોલવા લાગ્યો.'મારી માની ચિંતા તું શું લેવા કરે છે ? હું છું ને એની ચિંતા કરવાવાળો તું બસ મારી સાથે લગ્ન કરવા રાજી થઈ જા. પણ મને લાગે છે કે પેલો પૈસાવાળો મુરતીયો જોઈ તારું પણ મન ફરી ગયું છે. એટલે મને આવા ઉડાઉ જવાબ આપે છે. એવું તો નથી ને ? જમની એક વાત કાન ખોલીને સાંભળી લે. મને જો પ્રેમમાં દગો દઈશ તો હું તને કોઈની પણ નહિ થવા દઉં.'

અરે જીવા..! તને મારા પર, મારા પ્રેમ પર સહજ પણ ભરોસો નથી ?તું આટલી હદે નફટાઈ ઉપર ઉતરી જઈશ એવી તો મને સપનેય ખબર નહોતી.મને તો એ વાતનું દુઃખ છે કે તું મને ના ઓળખી શક્યો.

'એમાં ઓળખવાની વાત જ ક્યાં આવે છે જમની!' જીવો વધારે ઉશ્કેરાઈને બોલવા લાગ્યો.'જે સાચું છે એ સામે જ દેખાય છે ને ! પૈસાવાળાને જોઈ તું મારાથી દૂર ભાગે છે. એ શું હું નથી ભાળતો..?'

'જીવા..જીવા.. તું શું બોલે છે તને ખબર છે ? તું મારા પર કેવો આળ ચડાવે છે. મને જવા દે.. આજે તું ભાનમાં નથી. ક્યાંક તારા મુખમાંથી એવા વેણ નીકળી જશે તો હું જિંદગીભર તારું મોઢું જોવા પણ રાજી નહિ રહું..મને જવા દે..!'

જમની જીવાને ધક્કો મારી રોષમાં ઉભી થઈ ગઈ. પગ પછાડી નારાજ થઈ ચાલવા લાગી . જીવો ઉભો થઈ એની પાછળ દોડ્યો. અને જોરથી જમીનનું કાડું પકડી લીધું.

'ઉભી રહે જમની, એમ મને અધવચ્ચે રસ્તે રઝળતો મૂકી તને સુખી સંસારમાં શમણામાં નહિ રચવા દઉં. તું મારી નહિ બને તો હું તને કોઈની નહિ બનવા દઉં..' જમની જીવાથી છટકવા માટે ઝપાઝપી કરવા લાગી.' જીવા, છોડ.., મને જવા દે.. તું આજે ભાનમાં નથી. તું શું બકે છે તને કાંઈ ખબર નથી. જા 'મા' પાસે જઈને બેસ,ઘડીક શાંતિથી વાતો કર. હું તને કાલે મળીશ. તું જે કહીશ તેમ કરીશ. આ જમની સાતે ભવ તારી જ છે. પણ હમણાં મને જવા દે.. તારા શબ્દો મારા હૃદયને ચીરી રહ્યાં છે. જીવા..મહેબાની કરી મને જવા દે..'

હવે જાજા..! વધારે વેવલાવેડા ના કર બધાં નાટકની મને ખબર પડી ગઈ છે. પેલો રૂપિયાવાળો ધણીને જોઈ ગઈ છે એટલે આ ગરીબ જીવલા પાસે બેસતાં શરમ આવે છે. મારી વાતો પણ હવે તને બકવાસ લાગે છે ને..! જીવલો આવેશમાં આવી ગયો, તે પોતાની જાન પરનો કાબુ ગુમાવી બેઠો હતો. એણે અત્યંત ક્રોધે ભરાઈ જમનીના ગાલ પર બે-ત્રણ તમાચા મારી દીધાં. જમની નીચે ભોંય પર પટકાઈ ગઈ. તે તીખી નજરથી જીવા સામે જોવા લાગી. જીવાને વધારે ગુસ્સો ચડ્યો. એણે જમનીને પેટમાં જોરથી પાટું મારી લીધું, જમની બેવડી વળી ગઈ, પીડાથી કણસવા લાગી. જીવાથી જમનીની વેદના સહન ન થઈ. કાંઈ સુઝયું નહિ ને નકરવાનું કરી લીધું હવે શું કરવું ? તે કાંઈ પણ બોલ્યા વિના ગામની બહાર જતાં ઉભાં રસ્તે દોડવા લાગ્યો.

ઘણાં દિવસ વીતી ગયા. જમનીનું વેવિશાળ નક્કી થઈ ગયું. પણ જીવાનો કોઈ પત્તો ન હોતો. એ એની માને લઈને ગામ ઘર છોડી રાતો-રાત શહેરમાં ચાલ્યો ગયો હતો. લગ્નની છેલ્લી રાત સુધી જમનીએ જીવાની ખૂબ રાહ જોઈ પણ જીવાનો કોઈ સંદેશ ન મળ્યો. છેવટે જમની


અનુસંધાન પાના નં.૬


### રસથાળ

## બ્રેક્ફાસ્ટ માટે ઈંસ્ટેંટ ઢોસા રેસીપી

આજે અમે તમને ઈંસ્ટેંટ ઢોસા બનાવાના વિધિ જણાવશે.આમ તો એ બજારમાં ઢોસા બનાવવાના ખીરું તૈયાર પણ મળે છે. પણ ઘર પર તૈયાર ખીરું જ સારું હોય છે. આ ઢોસા તમે મિનિટોમાં બનાવી શકો છો. કારણકે એમાં ચોખા પલાડવાની કે વાટવાની જરૂર નહી હોય. આ ઢોસા ટેસ્ટ્માં પણ સારું હોય છે .એને નારિયળની ચટણીના સાથે કે પછી સાંભરના સાથે સર્વ કરી શકાય છે. તો આવો જોઈએ એને બનાવાની વિધિ

તૈયારીમાં સમય -૧૦ મિનિટ
રાંધવાના સમય- ૧૦ મિનિટ

સામગ્રી : ઘઉંનો લોટ- ૨ કપ ચોખાના લોટ- ૧ કપ કોથમીર- ૧ ચમચી લીલી કે લાલ મરચા- ૪-૫ લીમડો-૧/૨ કપ જીરું ૧/૨ ચમચી મીઠું

**વિધિ**- એક વાટકીમાં ઘઉંના લોટ , ચોખા અને ચણા ના લોટ નાખો. ત્યારબાદ એમાં સમારેલા લીલા મરચા ,કોથમીર , જીરું , લીમડા અને મીઠું મિક્સ કરો. હવે એમાં ધીમે-ધીમે પાણી મિક્સ કરો અને ખીરું તૈયાર કરો. ખીરું વધારે પાતળું નહી હોવું જોઈએ નહી વધારે ઘટ્ટ નહી તો તો ઢોસા સારી રીતે ફેલશે નહી. હવે એક પેન લો. એને ગરમ કરો. પછી એમાં થોડા તેલ લગાડો. હવે એક મોટું ચમચી ઢોસાના ખીરું નાખી અને ફેલાવો અને શેકવા દો. પછી એન પલટીને બીજી તરફથી પણ શેકો ઢોસાને કિનારા ઓવર હળવું તેલ જરૂર લગાડો. નહી તો ઠીકથી નિકળશે નહી. હવે એમજ બાકીના ઢોસા બનાવી લો. તમારા ઢોસા તૈયાર છે એને પ્લેટમાં નારિયળની ચટણી સાથે સર્વ કરો.

## હલકી ફુલકી રેસીપી - વેજીટેબલ ખીચડી

**સામગ્રી** - ૨૫૦ ગ્રામ ચોખા, ૧૨૫ ગ્રામ તુવેર દાળ, અડધો કપ વટાણા, ફ્લાવરના ટુકડા, ટામેટા, આમલીનો ગૂદો ૧/૪ કપ, હીંગ, લાલ મરચાંનો પાવડર, હળદર, મીઠુ, કાજુ ટુકડી ૧૫-૨૦, કઢી લીમડો ૧૦-૧૨ પાન. ચાટ મસાલો ૧ ટી સ્પૂન, ઘી.

**બનાવવાની રીત** - ચોખા-દાળને ધોઈને અડધો કલાક પલાળી દો. કુકરમાં તુવેરદાળને એક સીટીમાં બાફી લો. પછી ચોખા, બધા શાકભાજી ભેળવીને એક સીટી વાગે ત્યાં સુધી બાફી લો. હવે બધા મસાલા તેમાં ભેળવી દો. આમલીનો ગૂદો નાખીને દસ મિનિટ સુધી બાફો. એક પેનામાં એક મોટી ચમચી ઘી ગરમ કરો. હીંગ, જીરૂ અને કઢી લીમડાંનો વઘાર લગાવી તેને ખિચડીમાં નાખી દો. પાપડ અને જીરાવન કે અથાણાં સાથે ખિચડી પરોસો.

# હવે કેટલું લોહી પીવાનું છે ?

### આગ ભીતર ભીતરની

**રેણુ વિષ્ણુકુમાર બારોટ**

પહેલા દસ વર્ષની સજા થઈ. સરકારી વકીલની સામે મેં હાથ જોડયા. પછી જજસાહેબ સામે હાથ જોડયા. મારી આંખોમાંથી આંસુ વહેતા હતા. ચહેરાના ભાગ પરથી એ દડદડતા મારી સફેદ સાડીમાં પડતા હતા. એ આંસુએ જાણે સજામાં ઘટાડો કરાવ્યો. દસમાંથી સાત થયા ત્રણ વર્ષ ઓછા થયા. જો કે સાત વર્ષ જેલમાં કાપવાના હતા. મારો અપરાધ હતો ચાર માસની મારી બાળકી, બેબી યામીને નદીમાં નાખ્યા પછી હું અંદર પડી હતી. મોત માટે પહેલા મારી માસુમ બેબી મરે પછી હું. અને જીવનનો કાયમી ખેલ ખલાસ..

મેં ધાર્યું હતું પણ કુદરતના આટાપાટા અવળા પડયા. મને અને બેબીને મોત મળશે એ મારા પાસા ઉંધા પડી ગયા હતા. નદીમાં નાખ્યા પછી બેબી એકદમ ડુબવા માંડી હતી. ચાર માસની એ મારી યામી કયાંથી મોતની સામે બાથ ભીડવાની હતી ? અને પછી હું પડી હતી. એક ધુબાકો અને હું ડુબવા માંડી હતી.. પણ.. પણ બીજી જ પળે કોઈ યુવાને નદીના બ્રીજ ઉપરથી છલાંગ મારી.. મને બહાર કાઢી હતી એ માણસ તરવૈયો હતો- ..એની ફરજ હતી નદી પરથી કોઈ ઝંપલાવે તો.. મેં બેબીને અંદર નાખ્યા પછીની કેટલીય ક્ષણો એવી ગઈ હતી કે બચાવનારો એ ભાઈ એક સમીકરણ સાધી ના શકયો.

હું બચી ગઈ, સરકારી હોસ્પિટલના બર્થ પર આવી. સામે પોલીસ હતી. મેં રડતા રડતા હકીકત વર્ણવી. મારી ચાર માસની બાળકી હતી. હું કહી ન શકી. વધુ એકવાર રડી પડી.

મારે મારા પતિની સાથે કજીયો થયેલો. કજીયા થવા એ કાંઈ નવાઈની વાત ન હતી.છાશવારે ઝઘડો થઈ જતો મારો મિસ્ટર ઘરમાં પેસતો કે જાણે લડવાના બહાના શોધતો. એને પુત્ર જોઈતો હતો અને મારી કુખે દિકરી આવી હતી.. બસ ઝઘડાખોર તો હતો જ.. એની તીવ્રતામાં વધારો થયો.

એક દિવસ તકરાર કોઈક હદ વટાવી ગઈ. બથ્થમ બથ્થા થઈ. એણે મને મારવા માટે સાણસી લીધી.. વાસ્તવમાં એને મારી હતી પણી મેં ઘાને એકદમ ચુકવી દીધો. છુટેલી સાણસી સીધી પાટ પર સુઈ ગયેલી બેબીના કપાળે અથડાઈ. વાસ્તવમાં સાણસીનો એક ભાગ બાળકીના આંખે વાગી. આંખ ફોડતો કપાળે અથડાતા એના કુમળા મગજ પર ભારે ઘા કર્યો હતો. યામીની જમણી આંખ ફુટી ગયેલી અને મગજમાં ગંભીર ઈજા થઈ હતી. રાત્રીના સાડા નવ થયેલા. સ્થાનિક દવાખાના મોટા ભાગના બંધ થઈ ગયા હતા. જે એક બે બાકી હતા ખુલ્લા હતા તેમને કેસ લેવાની ના પાડી. શહેરની મુખ્ય હોસ્પિટલમાં લઈ ગઈ.

એકલી હતી મારા મિસ્ટરે તો જાણે સાથે આવવાની પણ ફરજ ના જાણી. કેસ ટેબલ પર ગયો,પાટાપીંડી થઈ એ સાથે નગ્ન સત્ય સામે આવ્યું. બાળકીની આંખ ફુટી ગઈ છે. એનો કોઈ ઈલાજ નથી અને શકય છે એના માથે પણ ઈજા હોઈ શકે.

પણ આ થયું કેમ ? એક ડૉકટરે સવાલ કર્યો.

પાટ પરથી પડી ગઈ.. એ વાત હતી.. હકીકત અલગ હતી. ચાર પાંચ દિવસ બાદ રજા અપાઈ.

મારી બાળકીની એક આંખ ફુટેલી અને માથામાં ગંભીર ઈજા વાળી.. હું સતત ભ્રમણામાં રહેતી.. એના વિચારો જાણે મારો પીછો છોડતા નહીં.. એને જોતી કે, જાણે એક પગ થંભી જતો.. એક આંખવાળી મોટી થશે.. એને કોણ પરણશે ? સમાજમાં એ કેમ કરીને ઉભી રહેશે એનો બાપ તો...ના.. બાપ તરીકે જાણે મારો મિસ્ટર ના કોઈ ફરજ બજાવતો ના કોઈ જવાબદારી સમજતો..

બેબીની ચિંતાઓ સતાવ્યા કરતી.. ડૉકટરનો એક જ જવાબ હતો..માથાનો.. મગજનો ઈલાજ તો થઈ જશે પણ આંખને મામલે.. કશું નક્કર કહી ના શકાય.. જો કોઈ બેબીને આઈ ડોનેટ કરે તો ?

જો અને તો વચ્ચે આવી જતો હતો.. સતત ચિંતામાં રહેતી અને તાણમાં રહેતી.. વિચારો ફોલી ખાતા.. શું કરૂં તો યામીનો ઈલાજ થાય.. શું કરૂં તો.. હું ઉદાસ રહેતી વ્યાકુળ પણ બની જતી..આવી દશામાંય મારા મિસ્ટર મને દિલાસો આપવાને બદલે કહેતો હવે ફુટી ગઈ તો ફુટી ગઈ.. પાર આવ્યો સમાજના લોકો.. આજુબાજુના લોકો એને કાણી કહેશે બીજું શું ?

એમના નઠારા શબ્દોથી હુંવીંધાઈ જતી. .કોઈ બાપ જો સારો હોય તો આવા શબ્દોનું ઉચ્ચારણ કરતાં પહેલાં સો વાર વિચાર કરે.. આ તો કેવોક બાપ છે પડેલા ઘાને પુરી દેવા.. મીટાવી દેવાને બદલે એમાં નમક નાખેછે.

મને મોતના વિચારો આવતા.. આમેય ધણીનું સુખ નથી અને પેટે એક આંખવાળી પુત્રી.. એના કરતાં કેરોસીન છાંટી દેવું એનેઅને ખુદને.. સળગી મરવું પણ હું એવું કહી શકતી નહીં.. હું તોઆગ સહન કરીશ પણ મારી યામી.. કેરોસીન છાંટવાનો વિચાર કરી શકતી ન હતી.. નદીનો વિચાર આવતો.. મારા શહેરમાં ઘણા દુઃખી લોકો એમાં ઝંપલાવી દઈને છુટકારો પામતા હતા. આપઘાત કાયરનું કામ મનાતું હોવા છતાં એક સમય હતો. .ચોમાસાની વિદાય પછી નદી સુકી ભઠ્ઠ બની જતી હતી પણ સરકારે એનું કનેકશન બીજા રાજયની મોટી નદીની સાથે કરી નાખતા અમારા શહેરની નદી


અનુસંધાન પાના નં.૬


## જેને વાડમાં નથી રહેવું પણ 'વાડા' કુદાવી વિશાળ જનસમુદાયમાં એકરસ થવું તેવી ફાતિમાની હૃદયસ્પર્શી કથા

### શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

એક સર્જકની માઈન્ડ વર્કશોપ તો કયારેય બંધ થતી નથી. કયાંક જોયેલું, કયાંક સાંભળેલું કયારેક મનમાં ઉગી નીકળેલું એમ બધી બાજુથી તેના મનમાં હથોડાઓ ટીપાયા કરતા હોય છે અને ઘાટ ઘડાતા હોય છે. એમાંથી કયારેય સંઘેડા ઉતાર કૃતિ નિપજી આવે તો વળી કોઈપણ કાચાપાકા, આકારોના ટુકડાઓ મનની ભીતર પડયા પછી કોઈ નવી કૃતિ રચાતી હોય ત્યારે આપોઆપ તે પ્રગટતા રહે, અને તેના નવા સર્જનમાં ગોઠવાતા રહે.

એવું જ કંઈક વાડ નામે ઈલા આરબ મહેતાની નવલકથામાંથી પસાર થતાં લાગ્યા વિના રહેતું નથી. કારણ કે લગભગ ૨૮૫ પાનાંની આ નવલકથામાં લેખીકાએ જે વાત રજુ કરી છે તે સાંપ્રત બનાવો, ઈતિહાસના પુસ્તકો દ્વારા પ્રાપ્ત માહીતીઓના વાંચન અને એક ચોક્કસ વર્ગ પ્રત્યેનું વલણ વિગેરેથી પ્રભાવીત લેખીકાના મનમાં પડી રહેલ વ્યથાને વિતક રૂપે લેખીકાએ પોતાના વ્યથિત દીલની વાત પહેલાં તો છેલ્લો શોટ નામે ટુંકી વાર્તા લખીને કહેવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેનાથી તેમને સંતોષ ન થતાં વિશેષ કંઈક લોકો સુધી પહોંચાડવાની એક સર્જક પ્યાસ હતી. તેના પરિણામ સ્વરૂપ બસો અઢીસો પાનાનાં વ્યાપમાં વિસ્તારથી વાત કરવા માટે નવલકથાનું સાહિત્ય સ્વરૂપ તેમણે પ્રગટ કર્યું.

આ નવલકથા લખવા માટે તેમની સામે થોડા પડકારો જરૂર હતા. જોકે કોઈપણ ધર્મની નીંદા, હાંસી કે ખામીઓ લખવાનો તો સવાલ જ ન હતો. પણ પડકાર હતો. સ્થળ, કાળ અને પાત્રોનો. આ કથા ફાતિમાની કઈ ફાતીમી ? શિયા કે સુન્ની ? દાઉદી કે આગાખાની ? સંપ્રદાયોનો ઉલ્લેખ કહે તો કથા વાદવિવાદમાં ફસાઈ જાય તેથી ફાતીમાને ફાતીમા જ રાખી છે ? કયું સ્થળ ચોક્કસ સ્થળ અને કાળનો ઉલ્લેખ નવલકથામાં આવશ્યક છે. સમય ? કયો સમય ? તલવારની ધાર જેવો પ્રશ્ન ? ગોધરાકાંડ પહેલાનો કે પછીનો ? ફરી એ જ નિર્ણય, લેખીકાને વાત બે ઘટનાઓની નથી કરવી તેનો તો કંઈક જુદું કહેવું છે. તેવું જ શહેરની બાબતમાં પણ છે. કયાં શહેરમાં આવું બન્યું ? કયો બિલ્ડર ?

લેખીકાને નવલકથા લખવા માટે જે ઝબકાર, જે તણખો જોઈતો હોય તો શરીફા વીજળીવાળાના એક લેખમાંથી મળી ગયો જેમાં વિશાળ સમૃદ્ધ શહેરમાં એક સીંગલ મુસ્લીમ સ્ત્રી પર શોધવાની મથામણ કરે છે..

કોઈપણ સ્થળ કે કાળનો ઉલ્લેખ જરૂરી હતો તેમની સામે વાર્તાનું મુખ્ય પાત્ર ફાતીમા હતી. તે સુશિક્ષિત, સ્વમાની, મજહબના સાચા મર્મને પીછાણનારી, જેના એક હાથમાં પવિત્ર કુરાન હતું. અને બીજા હાથમાં જે ધરતી પર જીવી રહી છે તેમાં અન્ય ધર્મગ્રંથો, જ્ઞાન વિજ્ઞાનનાં પ્રેમ અને શાંતિના પયગામ આપતાં પુસ્તકોનો વારસો હતો. તે વિવિધ કર્મો, વિવિધ ભાષાઓ વિવિધ રીતરિવાજોવાળા સમાજનો એક ગૌ-રવવંતી નાગરિક બનીને ઉભી છે તેને વાડામાં નથી રહેવું પણ વાડા કુદાવીને વિશાળ સમુદાયમાં એક રસ થવું છે. તેના અંતરની ભાવના કઈ રીતે પ્રગટ કરવી તેની મથામણ લેખીકાને બહુ કરવી પડતી નથી.


અનુસંધાન પાના નં.૬


# આંતરિક ગુણોને આપો મહત્વ

### નારી

મહિલાઓમાં આ પ્રવૃત્તિ સ્વાભાવિક રીતે જ જોવામાં આવે છે કે સૌનું ધ્યાન પોતાની તરફ આકર્ષાય તે માટે બનતું બધું જ કરે છે. તેને માટે તે શણગાર સજે છે અને તેઓની કોશિશ રહે છે કે લોકોની નજરો તેમની ઉપરથી હટે નહિ. પરંતુ બાહ્ય સૌંદર્ય કરતાં વધારે જરૂરી છે આંતરિક સૌંદર્ય, આ એવું સૌંદર્ય છે જે તમને જીવનભર સાથ આપે છે

સૌંદર્યને આપણે ફક્ત દેખાડવાની વસ્તુ માનીએ છીએ. શું સૌંદર્ય તે છે જે આંખોને ગમે, પહેલી નજરમાં આકર્ષિત કરે છે, જેની પર જોનારા ફિદા થઈ જાય ! ના, આ તો ફક્ત નાશવંત છે જે કાલે નાશ પામશે. મહિલાઓ તો ગુણોની ખાણ હોય છે, જો તેઓ બહારની ચમક કરતાં બીજા ગુણોને વધારે મહત્વ આપે તો આંખને આંજી નાંખે તેવા વ્યક્તિત્વથી લોકોમાં ચમત્કાર સર્જી શકશે. આવા ગુણો કેટલાયે પ્રકારના હોય છે, જેમ કે - શક્તિ પ્રગટ કરો :- આંતરિક શક્તિમાં એટલી ઉર્જા હોય છે કે તે અશક્યને શક્ય બનાવી દે છે. મનની આ આંતરિક ઉર્જા અને ઉત્સાહ વડે માનવે મોટી મોટી શોધો કરી છે. મન આપણા મસ્તિકનો તે સુક્ષ્મ હિસ્સો છે જેમાં ભાવનાઓનો પ્રવાહ વહે છે. સારા અને ખરાબ ભાવ, હકારાત્મક અને નકારાત્મક ભાવ, આશા - નિરાશા સુખ દુઃખના ભાવ વગેરે. આ મનના શુદ્ધિકરણને માટે અલગથી પ્રયાસ કરવાની જરૂર નથી, જે શક્તિ તમારી અંદર પડી છે બસ, તેને યોગ્ય રૂપમાં યોગ્ય રીતે પ્રગટ કરો. સમજવાની પરખ :- બુદ્ધિ એક એવો ગુણ છે જેના વડે દરેક પ્રભાવિત થાય છે. આ ગુણ ભણેલી મહિલાઓમાં જ હોય તેવું માનવું ભૂલ ભરેલું છે. પરંતુ તમારી સમજ અને દુનિયાદારીને પારખી લેવાની શક્તિ તમને અસીમિત સૌંદર્યની રાણી બનાવે છે. પહેલાંના જમાનામાં મહિલાઓ સ્કૂલમાં જતી ન હતી છતાં પણ જીવનનું પુસ્તક ઘણી સહેલાઈથી વાંચી લેતી હતી. અને કોઈપણ સમસ્યાનો ઉકેલ ચપટી વગાડતાં કરી લેતી હતી. બાળકો પણ તમારા આ ગુણને જ પસંદ કરે છે. સ્વાભાવિક સૌંદર્ય :- દરેક પુરુષ ઈચ્છે છે કે તેની પત્ની સામાજિક હોય. તે ઘરે આવેલા મહેમાનો અને કુટુંબોજનોથી વિવેક રાખે અને તેઓની યથાશક્તિ સ્વાગત કરે છે જેથી સમાજમાં તેમની પ્રતિષ્ઠા વધે. સામાજિક થવાથી સૌની નજરોમાં તમારા માન - સન્માન પહેલાં કરતાં વધી જાય છે. સમર્પણની ભાવનાઓ ગુણ કુટંબીજનોને તમારી તરફ આકર્ષે છે. તેની સાથે જ દરેક સંબંધને મજબૂત બનાવવા માટે તેમાં ઔચિત્યનું હોવું ખૂબ જરૂરી છે. એક બીજાની સાથે જ દરેક સંબંધને મજબૂત બનાવવા માટે તેમાં ઔચિત્યનું હોવું ખૂબ જરૂરી છે. એક બીજાની સાથે તાલ - મેલ મેળવીને ચાલવું, બીજાની તકલીફો સમજવી અને ખભે મેળવીને ચાલનારી મહિલાઓ એક આદર્શ દૃષ્ટાંત પૂરું પાડે છે. સમજદારી :- સમજદાર વ્યક્તિને દરેક પસંદ કરે છે. તમે જેટલા સમજદાર હશો તમે તમારા સાથી પાસેથી તેટલો જ વધુ પ્રેમ મેળવશો. દરેક પતિ એવું ઈચ્છે છે કે તેની પત્ની તેની વાતોને ધ્યાનથી સાંભળે અને સમજે. સંતાનો પણ પોતાની માતા પાસેથી આવા ગુણની અપેક્ષા રાખે છે. કોઈ પણ ઘર, પરિવાર કે સમાજ એક મહિલાના સમજદાર બનવાથી બને છે અને સમજદારી ન હોય તો બગડે છે. તમે જોવામાં ભલેને સ્વર્ગની અપ્સરા લાગતી હો પરંતુ તમારા ઘરને શણગારી ન શકો તો આ સુંદરતાનો કોઈ અર્થ રહેતો નથી. મધુર વાણી :- મીઠા બોલ અને મધુરવાણી દરેકને આકર્ષે છે. માની લીધું કે તમે સૌંદર્યની મૂર્તિ છો પરંતુ તમારી વાણી કડવી હશે અને હંમેશા બીજાની નિંદા જ નીકળતી હશે તો કોઈ પણ તમારી સાથે સંબંધ નહિ રાખે. મીઠી વાણીથી તમે સૌને તમારી તરફ આકર્ષી શકો છો અને આ જ તમારું અસલી સૌંદર્ય છે. એટલે જ તો કાળી કોયલનો મીઠો મીઠો ધ્વનિ સાંભળવા સૌ કોઈ ઉત્સુક હોય છે ! હસમુખી વ્યક્તિને સૌ કોઈ ચાહે છે અને આદર આપે છે. આ સામાન્ય વાત છે કે પુરૂષો પણ આવી મહિલાઓને વધુ પસંદ કરે છે. જે હસમુખી સ્વભાવની હોય. ઘરમાં જો માતા, પત્ની, પુત્રી, સાસુ, વહુના રૂપમાં તમે આનંદનું વાતાવરણ બનાવી રાખશો તો ઘર હંમેશા આનંદ - કિલ્લોલ કિલકારીથી ગૂંજતું રહેશે. તેથી સદાયે ખુશ રહો. જો તમે તમારા મિત્ર સાથે હો અને વાતાવરણ વિનોદી હોય તો તમારે પણ તે જ અંદાજમાં રહેવું જોઈએ.

# કલરની પસંદગીમાં શું ધ્યાન રાખવું ?

### રૂપના રખોપા

હેરસ્ટાઈલની ફેશનમાં ખુબ અગત્યની બાબત એ છે કે આ ફેશનમાં ઘણી વખત મુશ્કેલીઓ પણ થતી હોય છે. તેથી જ જ્યારે પણ કલર કરવાનો હોય ત્યારે કેટલીક ખાસ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. તેની કેટલીક ટીપ્સ આજકાલ હેર કલર ખુબ ફેશનમાં છે અને જો તમે તમારી ચામડીના કલર મુજબ કલરની પસંદગી કરશો તો તમને કલરમાં પણ વિકલ્પ ઉપલબ્ધ થઈ જશે પરંતુ સૌથી મહત્વની વસ્તુ એ છે કે તેની કાળજી વાળને કલર કરતી વખતે જો ધ્યાન રાખવામાં ન આવે તો તેના કેટલાક ખરાબ પરીણામો ભોગવવા પડતા હોય છે. કલર કરતાં પહેલાં વાળને કલર કરાવતાં પહેલાં તેને ધોવાનું ખાસ ન ભુલશો. જો વાળ ચીકણા હશે તનો યોગ્ય રીતે કલર લાગી શકશે નહીં અને તેથી તમારા દ્વારા કરાયેલ કલર કેટલાક વાળને લાગશે અને કેટલાક વાળને નહીં લાગે તેથી જયારે પણ તમે માથું ધોશો ત્યારે કલર કરવામાં કેટલોક ભાગ રહી ગયો હોય તેવું લાગશે. જો તમે વાળને વાંકડીયા કે સીધા કરાવવાનું પ્લાનીંગ કર્યું હોય તો વાળને કલર કરાવતાં પહેલાં આ કાર્ય કરો અને તે પણ ત્રણ અઠવાડીયા પહેલા તમે વાળ વાંકડીયા કરાવીને તરત કલર ન કરાવી શકો. વાળ પર કયારેય કોઈ પ્રક્રિયા અને વાળના કલર વચ્ચે ઓછામાં ઓછા ત્રણ અઠવાડીયાનો સમય રાખો તમારે એ વાત યાદ રાખવાની છે કે વાળને વાંકડીયા કે સીધામ કરવા માટે પણ કેમીકલ વાપરવામાં આવે છે અને વાળને કલર કરવા માટે કેમીકલનો ઉપયોગ થતો હોય છે તેથી આટલા મોટા પ્રમાણમાં એક સાથે કેમીકલ માથામાં નાખવામાં આવે તે યોગ્ય નથી. તેથી બંને વચ્ચે ત્રણ અઠવાડીયાનો સમય રાખો. જો તમે બંને સાથે કરાવશો તો એવું પણ બની શકે કે તમારા વાળ ખરાબ થઈ જાય અથવા કોઈ રીએકશન આવે.

જો વાળમાં મહેંદી લગાવેલ છે તો તેની પરી કલર કયારેય ન લગાવશો. ખાસ કરીને તે જાણી લો કે મહેંદી કલરને વાળ પર સારી રીતે ચડવા દેતી નથી તેથી મહેંદી ઉતરે તેની રાહ જુઓ.મહેંદી જ્યારે પુરી ઉતરી જાય ત્યારબાદ જ કલર કરાવો. જ્યારે પણ વાળને કલર કરો ત્યારે તે તમારી ચીમડીને ન અડે તે ખાસ ધ્યાન રાખો.જો કલરમાં તમે કોઈ નવી બ્રાન્ડ ટ્રાઈ કરવા જઈ રહ્યા હો તો સૌ પ્રથમ તેને તમારા શરીરના બીજા કોઈ ભાગ પર લગાવીને જોઈ લો પંદર મીનીટ પછી કોઈ ચેર કે રીએકશના આવતું નથી ને જો તમે આ રીતે પ્રયોગ કર્યા બાદ ચેર આવે કે ચામડી લાલ થઈ જાય કે કોઈ ચકામા પડી જાય તો બ્રાન્ડ પર ચોકડી મારી દો. જો ખીલની સમસ્યા હોય તો તબીબની સલાહ લઈને આગળ વધો. કેમ કે કેમીકલના વાળ પર લાગવાથી તે ખોપડી પર પણ લાગશે જ અને એવું પણ બની શકે કે આ સમસ્યા વધી જાય. કલર કર્યા બાદ પણ તમને સંભાળની વધુ જરૂરીયાત છે. જો આ દરમ્યાન તમે સંભાળ રાખતા નથી તો વાળ ઉતરવાની સમસ્યા પણ થઈ શકે છે.શકય હોય ત્યાં સુધી કલર પ્રોટેકટીવ શેમ્પુનો ઉપયોગ કરો. આ કારણે તમારા વાળનો રંગ લાંબા સમય સુધી રહે છે. આવા કલર કરેલ વાળ પર હાર્ડ શેમ્પુ કે એન્ટી ડેન્ડ્રફ શેમ્પુનો ઉપયોગ કરવો,

શેમ્પુ કર્યા બાદ વાળમાં કન્ડીશનર ખાસ લગાવો. આ કારણે તમારા વાળની ચમક યથાવત રહે છે. વળી કન્ડીશનર વાળને સૂર્યના હાનીકારક કીરણોથી પણ રક્ષણ આપે છે. જો તમને વાળની સમસ્યા વધુ રહેતી હોય તો કયારેક કયારેક હેયર સીરમનો પણ ઉપયોગ કરી શકાય. ઓછામાં ઓછું એક વાર અઠવાડીયામાં માથામાં તેલ નાખો. આ કારણે વાળ હેલ્ધી રહે છે.વળી જો વાળ ઉતરવાની સમસ્યા હોય તો તેલ લગાવવાથી ઓછી થઈ જાય છે.શકય હોય ત્યાં સુધી તેની કેપ પહેરો અને તમારે નિયમિત ટ્રીમીંગ કરાવવું જોઈએ.

## કડીમાં ટ્રક એક્ટીવાને અથડાતાં એકનું મોતઃ ટ્રક ચાલક વિરૂધ્ધ ફરિયાદ

મહેસાણા

કડી શહેર ખાતે ટ્રક અને એક્ટીવા વચ્ચે અકસ્માત સર્જાતા એક્ટીવા પાછળ બેઠેલા શખ્સને માથાના ભાગે ઈજા થવાથી તેનું મોત નિપજ્યું હતું. આ અંગે ટ્રક નંબરના આધારે તેના ચાલક સાથે કડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી છે.

જાણવા મળતી વિગતો અનુસાર કડીના બોરીસણાના મનીષ મહેન્દ્રભાઈ પટેલ અને જયરામભાઈ વશરામ રબારી એક્ટીવા પર શનિવારે કડી ખાતે અંડર બ્રીજમાંથી પસાર થતા હતા ત્યારે એક ટ્રકની ટક્કર લાગતા એક્ટીવા પાછળ બેઠેલા જયરામભાઈ રબારીના માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેનું મોત નિપજ્યું હતું.

આ બાબતે મનિષભાઈ પટેલે ટ્રક નંબરના આધારે ચાલક સામે કડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## હિંમતનગરમાં યુવાનનું અપહરણ કરી માર મારતા પાંચ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર

હિંમતનગરના બેરણા રોડ પર આવેલી ફેઈથ હાઈસ્કુલની પાછળ ખુલ્લી જગ્યામાં પાંચ અજાણ્યા શખ્સોએ વાહનમાં આવી ગમે તે કારણસર એક યુવાનને માર મારી ઈજાઓ કરી નાસી ગયા હતા.

જે બાબતે યુવાનના પિતાએ શુક્રવારે પાંચ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ હિંમતનગર એ ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે સેક્ટર-૧ માં રહેતા ભાવેશકુમાર ચંદુલાલ જયસ્વાલે એ ડિવીઝન પોલીસ સ્ટેશને ફરિયાદમાં જણાવેલ કે તેમનો પુત્ર યશ ( (ઉ.વ.૧૭ ) ને ગત શુક્રવારે સવારથી જ પાંચ શખ્સો વાહનમાં આવી ઉઠાવી ગયા હતા અને કોઈ અજાણ્યા સ્થળે લઈ જઈ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડ્યા બાદ પાંચે નાસી ગયા હતા. બાદમાં યશને હિંમતનગર સિવીલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જે બાબતે હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવામાં આવી હતી.

## ચાણસ્મા નગરની વિવિધ શૈક્ષણિક, આરોગ્ય, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓની સ્થાપનામાં મહત્વપૂર્ણ યોગદાન



ચાણસ્મા

ચાણસ્મા નગરની વિવિધ શૈક્ષણિક, આરોગ્ય, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓની સ્થાપનામાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા કામદાર નેતા અમથાભાઇ દેસાઇની પુણ્યતિથિ નિમિત્તે સોમવારે ગોગા મહારાજ પરિવાર દ્વારા ચાણસ્માના જૂના રબારીવાસમાં તેમની પ્રતિમાને પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે ગોગા મહારાજના મંદિરે વિષ્ણુ સહસ્ત્રનામ પાઠ, વિવિધ ભજન મંડળો દ્વારા ભજન સતસંગ, યતિમખાના તેમજ ઘરડાઘરમાં રહેતા વડીલોને ભોજન તેમજ અબોલ પશુઓને ઘાસચારો નાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે પરિવારના મહેન્દ્રભાઇ દેસાઇ સહિત સ્થાનિક અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ધાનેરા** | જુવાર | ૪૭૪-૫૭૧ |
| ઘઉં | ૩૧૫-૩૪૦ | એરંડા | ૮૩૦-૮૮૮ |
| બાજરી | ૨૪૦-૩૨૦ | મગ | ૭૪૨-૭૭૫ |
| મગ | ૮૬૬-૯૬૯ | અડદ | ૬૨૧-૮૯૦ |
| ચોળા | ૬૪૦ | રાયડો | ૬૭૦-૬૯૫ |
| ગવાર | ૬૫૫-૭૩૫ | ગવાર | ૬૫૦-૭૩૨ |
| બીજડા | ૧૧૦૦-૧૪૦૦ | કપાસ | ૯૦૦-૧૦૩૯ |
| મગફળી | ૬૫૦-૮૦૬ | | **પાટણ** |
| રાયડો | ૬૫૦-૬૮૩ | એરંડા | ૮૬૬-૮૮૫ |
| એરંડા | ૮૫૦-૮૭૪ | મેથી | ૫૧૦-૬૧૧ |
| જીરૂ | ૨૫૯૧-૩૮૯૧ | સુવા | ૮૫૦-૧૦૨૮ |
| તલ | ૧૨૮૦-૧૬૮૦ | રાયડો | ૬૨૧-૬૯૫ |
| મેથી | ૫૩૧-૫૮૧ | જીરૂ | ૩૧૪૦-૩૪૯૨ |
| સુવા | ૯૮૦-૧૦૧૬ | વરી. | ૯૫૦-૧૨૫૦ |
| વરી. | ૧૦૦૦-૧૦૫૮ | જુવાર | ૪૦૦-૫૫૫ |
| રાજગરો | ૬૮૦-૭૦૧ | તલ | ૧૩૮૦-૧૬૭૨ |
| | **થરાદ** | મગફળી | ૭૧૬ |
| એરંડા | ૮૬૦-૮૭૧ | ઘઉં | ૩૧૦-૩૬૧ |
| મગફળી | ૭૦૦-૭૬૫ | બાજરી | ૨૩૦-૨૯૦ |
| રાયડો | ૬૮૫-૭૧૦ | બંટી | ૩૫૮-૩૬૪ |
| ઈસ. | ૧૭૫૦-૨૦૧૯ | અજમો | ૮૬૧-૧૦૯૬ |
| બાજરી | ૩૦૦-૩૪૦ | અડદ | ૭૭૦-૯૧૦ |
| ગવાર | ૭૦૦-૭૪૦ | ગવાર | ૬૭૭-૭૩૫ |
| તલ | ૧૩૨૬-૧૬૦૦ | કપાસ | ૯૨૫-૧૦૪૪ |
| જીરૂ | ૩૨૦૦-૪૧૦૦ | | **થરા** |
| મગ | ૭૦૦-૯૫૦ | જીરૂ | ૩૬૫૬-૩૭૫૦ |
| મઠ | ૫૭૦-૬૦૨ | એરંડા | ૮૬૦-૮૭૫ |
| | **રાહ** | રાયડો | ૬૫૦-૬૬૦ |
| રાયડો | ૬૯૦-૭૦૦ | ગવાર | ૬૯૦-૭૨૪ |
| એરંડા | ૮૫૦-૮૭૦ | ઘઉં | ૩૧૬-૩૪૦ |
| બાજરી | ૩૪૦-૩૬૫ | બાજરી | ૨૩૫-૨૬૦ |
| | **સિદ્ધપુર** | મેથી | ૬૦૦-૬૦૫ |
| ઘઉં | ૩૩૦-૩૮૦ | બંટી | ૩૪૫-૩૫૦ |
| બાજરી | ૧૮૦-૨૮૦ | મગફળી | ૯૦૦ |

## શંખેશ્વરમાં વહીવટી તંત્રની ઉદાસીનતાથી વિકાસ ખોરંભે

પાટણ

પાટણ જિલ્લાનું શંખેશ્વર ધામ જૈનો અને શ્રધ્ધાળુઓ માટેનું પવિત્ર સ્થાન ગણાય છે. પણ અહીં વહવટીતંત્ર અને સ્થાનિક ગ્રામ પંચાયત તેમજ વિઘ્ન સંતોષીઓના ચંચુપાતના કારણે ગામનો વિકાસ ખોરંભે પડ્યો છે.

શંખેશ્વર ધામમાં માળખાગત સુવિધાઓનો અભાવ તો છે જ ત્યારે સ્થાનિક રાજકારણમાં વિવાદો ઉભા કરીને પોતાનો અહમ સંતોષે છે. હાલમાં શૌચક્રિયા અને અન્ય પ્રશ્નોને લઈ કેટલાક વિઘ્ન સંતોષીઓ દ્વારા અહીં સંસ્થાઓને હેરાન પરેશાન કરવામાં આવી રહી હોવાનું ચર્ચાય છે. અહીં આવેલ સંસ્થાઓની સ્વચ્છતા જાળવવામાં અત્રેના કર્મચારીઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. પરંતુ સ્થાનિક રોજગારી મેળવતા લોકો તેમજ કેટલાક તત્વો દ્વારા અત્રેની સંસ્થાઓને હેરાન પરેશાન કરવામાં આવી રહી હોવાનું ચર્ચાય છે.

અહીં આવેલ સંસ્થાઓની સ્વચ્છતા જાળવવામાં અત્રેના કર્મચારીઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. પરંતુ સ્થાનિક રોજગારી મેળવતા લોકો તેમજ કેટલાક તત્વો દ્વારા અત્રેની સંસ્થાઓને બદનામ કરવા વારંવાર પ્રયાસો કરી વિકાસના કામોમાં રોડા નાંખતા હોવાની બૂમ ઉઠી છે.

અહીં શિક્ષણ માટે ૧૦૮ દ્વારા કોલેજ સુધીની વ્યવસ્થા સાથે માળખાગત સુવિધા વિદ્યાર્થીઓને મળી રહે તે માટે કોલેજનું નિર્માણ થયેલ છે.

શંખેશ્વરમાં વર્ષોથી બસસ્ટેન્ડ જર્જરીત છે. બસ સ્ટેન્ડમાં આવેલ સુલભ શૌચાલય ચાલુ કરીને લોકોને સુવિધા મળે તેવા પ્રયાસો કરવા જોઈએ.

શંખેશ્વરમાં જીઆઈડીસી નથી. જેથી લોકોને રોજગાર મળી રહે તેવા પ્રયાસો થવા જોઈએ.

## પાટણના અજીયાણા ગામે મહિલા સરપંચને માર મારી સોનાના હારની લૂંટ થતાં ફરિયાદ

પાટણ

પાટણ તાલુકાના અજીયાણા ગામે દેસાઈ રીટાબેન વિક્રમભાઈ ચૂંટણીના દિવસે ઉભા હતા. તે વખતે પટેલ હસમુખભાઈ સવજીભાઈ ગાડી લઈને આવ્યા હતા અને તેઓ કહેવા લાગ્યા હતા કે તમે ભાજપ પક્ષમાં છે અને જો તમે કોંગ્રેસ પક્ષમાં મતદાન નહિં કરાવો તો તમારા બુરા હાલ થશે.

ત્યારે મહિલાએ કહેલ કે હું તો ભાજપ પક્ષમાં માનું છું અને તેને જ માનવાની છું. જેથી તે વાત સાંભળીને બીજા ચાર જણા ઉશ્કેરાઈ ગયા હતા અને મહિલાને પકડીને તેણીએ ગળામાં પહેરેલ સોનાનો હાર (પાંચ તોલાનો) જેની કિમંત રૂા.૧.૫૦ લાખ થાય છે તેમજ મહિલાના હાથમાં રહેલ પર્સ જેમાં રૂા.૫૫૦૦ હતા તે ઝુંટવી લઈ ગાડીમાંથી ધોકો લઈ મહિલાને બરડામાં મારી પાંચ શખ્સો ફરાર થઈ ગયા હતા. તેઓએ મહિલાને મારી નાંખવાની પણ ધમકી આપી હોવાની મહિલા સરપંચે ફરિયાદમાં જણાવેલ.

ઉપરોક્ત લૂંટ સંદર્ભમાં પટેલ હસમુખ સવજીભાઈ, દેસાઈ રાજુ ધરમસીભાઈ, દેસાઈ હરગોવનભાઈ, ધરમશીભાઈ દેસાઈ, દેસાઈ અજાભાઈ હરગોવનભાઈ અને દેસાઈ બચ્ચાભાઈ તળજાભાઈ (રહે.તમામ અજીયાણા) વગેરે વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ છે.

## ઊંઝામાં કોંગ્રેસના ઉમેદવારની જીતને લઈને લાખો રૂપિયાનું દારૂખાનું ફૂટ્યું

મહેસાણા

ગુજરાત વિધાનસભાની મહેસાણા જિલ્લાની કુલ સાત બેઠકોના પરિણામો જાહેર થતાં ગત ૨૦૧૨ ની જેમ ૨૦૧૭ માં પણ ભાજપ અને કોંગ્રેસે સરખી બેઠકો જાળવી રાખી છે. જિલ્લામાં પાટીદારોનું વર્ચસ્વ ધરાવતી બેચરાજી અને ઊંઝા બે બેઠકો ભાજપ પાસેથી કોંગ્રેસે આંચકી લીધી છે. તો કડી બેઠક કોંગ્રેસ પાસેથી ભાજપે આંચકી લીધી છે. સને ૧૯૯૫ થી ઊંઝા વિધાનસભા સીટ પર ભાજપનો દબદબો રહ્યો હતો. પરંતુ ૨૦૧૭ ના વર્ષની ચૂંટણીમાં ભાજપ તરફથી સતત છઠ્ઠીવાર ચૂંટણી લડેલા વર્તમાન પીઢ ધારાસભ્ય નારાયણભાઈ એલ. પટેલની કારમી હાર થઈ છે. અહીં કોંગ્રેસના મહિલા ઉમેદવાર ડૉ.આશાબેન પટેલ ૧૯૫૨૯ મતોની જંગી સરસાઈથી વિજયી થયા છે. ઘણા વર્ષો બાદ ઊંઝા બેઠક પર કોંગ્રેસની ઐતિહાસિક જીત થતા શહેરના જુદા જુદા વિસ્તારોમાં કોંગી આગેવાનો કાર્યકરો સમર્થકોએ ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી હતી. કહે છે કે ઊંઝામાં કોંગ્રેસની જીતને લઈને લાખો રૂપિયાનું દારૂખાનું ફોડવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લામાં કુલ સાત સીટો પૈકી બેચરાજી અને ઊંઝા બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો અનુક્રમે ભરતજી ઠાકોર અને ડૉ.આશાબેન પટેલ વિજયી થયા હતા. જ્યારે મહેસાણા બેઠક પર રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ખેરાલુ બેઠક પર ભરતસિંહ ડાભી, વિસનગર બેઠક પર ઋષિકેશભાઈ પટેલ, વિજાપુર બેઠક પર રમણભાઈ પટેલ અને કડી (અ.જા.) સીટ પર કરસનભાઈ સોલંકી પાંચેય ભાજપના ઉમેદવારોની જીત થઈ હતી. આમ જિલ્લામા સાત બેઠકો પૈકી પાંચ લોકો ભાજપને અને બે બેઠકો કોંગ્રેસને ફાળે ગઈ છે. જિલ્લામાં ભાજપનું વર્ચસ્વ ધરાવતી કેટલીક બેઠકો પૈકી બે બેઠકો પર ભાજપને ધોબી પછાડ મળી છે.

જિલ્લામાં મતોની સરસાઈમાં સૌથી વધુ ૨૧૪૧૫ મતોની લીડથી ભાજપના ઉમેદવાર ખેરાલુ બેઠક પરથી વિજેતા થયા છે. જ્યારે સૌથી ઓછી ૧૧૬૪ મતની સરસાઈથી વિજાપુર બેઠક પર ભાજપના ઉમેદવાર જીત મેળવી છે. જ્યારે ઊંઝા બેઠક પર કોંગ્રેસના મહિલા ઉમેદવાર ૧૯૫૨૯ મતોથી વિજયી થયેલ છે.

જિલ્લામાં ભાજપના બે પૂર્વ પ્રધાનો રજનીકાંત પટલ એન નારાયણભાઈ પટેલની કારમી હાર થતાં રાજકીય વર્તુળમાં સોંપો પડી ગયો છે.

## રાધનપુર કોલેજમાં આરોગ્ય વિષયક વ્યાખ્યાન યોજાયા


કમલ ચક્રવર્તી

રાધનપુર

હિંમતવિદ્યાનગર સ્થિત શ્રી ટી.એ. ચતવાણી આર્ટસ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટના પ્રમુખ મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને આરોગ્ય વિષયક વ્યાખ્યાનો યોજાયા. સદર વ્યાખ્યાનમાં ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, શ્રીમતી કિષ્નાબેન મુલાણી ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાનના વકતા તરીકે ર્ડા.પ્રવિણભાઈ ઓઝા તથા શ્રીમતી ર્ડા. અસ્મિતાબેન જાની ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાનના શરૂઆતમાં કોલેજના પ્રિ.ર્ડા.સી. એમ.ઠક્કરે શાબ્દિક સ્વાગત કરી વકતાને આવકાર્યા હતા. તથા વિદ્યાર્થીઓને સ્વસ્થ આરોગ્ય અને એઈડ્ઝ જાગૃતિ વિશે પ્રવચન આપ્યું હતું. ર્ડા.પ્રવિણભાઈ ઓઝાએ "તંદુરસ્ત જીવન શૈલી એઈડ્સ જાગૃતિ" વિષય પર યોજાયેલ વ્યાખ્યાનમાં વિદ્યાર્થીનીઓને તંદુરસ્તી, સ્વસ્થ આરોગ્ય માટે વ્યાખ્યાના અને ખોરાકનું મહત્વ વિવિધ સ્લાઈડ્સ દ્વારા સમજાવ્યું. હતું. તેમજ એચ.આઈ.વી એઈડ્સ વિશે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યુ હતું. દ્વિતીય વ્યાખ્યાનમાં ર્ડા. અસ્મિતાબેન જાનીએ વિદ્યાર્થીઓને સ્ત્રી આરોગ્ય જાગૃતિ વિષય પર રસપ્રદ વ્યાખ્યાનના આયોજનમાં પ્રા. ર્ડા. કુસુમબેન અખાણી, પ્રા. ફરહાનાબાનુ દિવાન, પ્રા.ર્ડા. કુંજનબેન બારોટ, પ્રા. સ્નેહલતાબેન ગામીત તથા રંજનબેન ગોહિલ વગેરેએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજની વિદ્યાર્થીનીઓ નાગોરી અનિશા અને તન્ના કૃત્રિએ કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ ર્ડા. કુસુમબેન ડી. અખાણીએ કરી હતી.

## રાધનપુર શહેરમાંથી કોંગ્રેસના અલ્પેશ ઠાકોરે ૨૭૯૯ મતની લીડ મેળવી

### ત્રણેય તાલુકામાંથી કોંગ્રેસને લીડ મળી,વારાહીમાંથી ૪૯૩ની લીડ


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠકની યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અલ્પેશજી ઠાકોરનો ૧૪૮૫૭ મતથી વિજય થયો હતો,જેમાં મતવિસ્તારના તમામ વિસ્તારોમાંથી લીડ મળ્યાના આંકડા મળી રહ્યા છે,સાંતલપુર તાલુકામાંથી કોંગ્રેસના ઉમેદવાર અલ્પેશજી ઠાકોરને ૨૯૧૯૯ મત મળ્યા હતા, જયારે ભાજપના લવિંગજી સોલંકીને ૨૨૯૧૨ મત મળતાં સાંતલપુર તાલુકામાં કોંગ્રેસને ૬૨૮૭ મતની લીડ મળી હતી,જેમાં વારાહીની વાત કરીયે તો વારાહી ગામમાંથી કોંગ્રેસને ૨૧૫૭ અને ભાજપને ૧૬૬૪ મત મળ્યા હતા,કોંગ્રેસને ૪૯૩ મતની સરસાઈ મળવા પામી હતી,રાધનપુર તાલુકાની વાત કરીયે તો કોંગ્રેસને ૩૮૪૪૮ મત મળ્યા જેની સામે ભાજપને ૩૦૬૨૨ મત મળતા રાધનપુર તાલુકામાં પણ કોંગ્રેસને ૭૮૨૬ મતની સરસાઈ મળી હતી,રાધનપુર શહેરની વાત્ત કરીએ તો કુલ ૩૧ બૂથમાં મતદાન થવા પામ્યું હતું,જેમાં કોંગ્રેસને ૧૧૦૭૧ અને ભાજપને ૮૨૭૨ મત મળતાં શહેરમાં પણ ભાજપને ૨૭૯૯ મતની સરસાઈ મળી હતી.છેલ્લે સમી તાલુકામાં પણ કોંગ્રેસને આછી-પાતળી સરસાઈ મળી હતી. રાધનપુર શહેરમાં દલિત,મુસ્લિમ અને ઠાકોર સમાજના બુથોમાંથી કોંગ્રેસ માટે જથ્થાબંધ મત નીકળ્યા હતા,દલિત સમાજના ૧૬૬ નંબરના બૂથમાંથી કોંગ્રેસને ૫૫૭ અને ભાજપને ૧૨૭ મત ,૧૬૩ નંબરના બૂથમાંથી કોંગ્રેસને ૪૧૪ અને ભાજપને માત્ર ૧૬૮ મત મળ્યા હતા,જયારે ઠાકોર સમાજના વિસ્તારમાં આવેલા ૧૭૦ નંબરના બૂથમાંથી કોંગ્રેસને ૭૩૪ અને ભાજપને માત્ર ૧૭૦ માટે મળ્યા હતા.મુસ્લિમ વિસ્તારોમાં આવેલા બુથોમાંથી પણ કોંગ્રેસને ખોબલે-ખોબલા મત મળ્યા હતા.દલિત મહોલ્લામાં દલિત નેતા જીગ્નેશ મેવાણીની જોરદાર સભા થતા સમગ્ર તાલુકામાંથી દલિત સમાજના મત કોંગ્રેસ તરફ વળ્યાં હતા.

**લીમગામડામાં કોંગ્રેસને ઓછા મત મળ્યા**

સાંતલપુર તાલુકાના લીમગામડામાં કોંગ્રેસના ઉમેદવાર અલ્પેશજી ઠાકોરે જબરજસ્ત સભા કરી હોવા છતાંય બંને બૂથમાં કોંગ્રેસને ઓછા માટે મળ્યા, લીમગામડાના બુથ નંબર ૧ માંથી કોંગ્રેસને ૨૫૧ અને ભાજપને ૨૯૮ મત મળ્યા હતા,જયારે બુથ નંબર ૨ માં કોંગ્રેસને માત્ર ૫૪ અને ભાજપને ૨૦૬ મત મળ્યા હતા.

**આરોગ્યમંત્રીના ગામમાં ભાજપને લીડ**

રાજ્યના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના વતન વડનગરમાં બંને બુથ ઉપર ભાજપને લીડ મળી હતી,જેમાં બુથ નંબર ૧૫૦ માં ભાજપને ૨૮૩ અને કોંગ્રેસને ૧૧૬ અને બુથ નંબર ૧૫૧ માં ભાજપને ૨૭૯ અને કોંગ્રેસને માત્ર ૩૩ માટે મળ્યા હતા. આમ આરોગ્યમંત્રીના ગામમાં ભાજપે લીડ મેળવી હતી.

**અલ્પેશજી ઠાકોરે હીમજા માતાજીના દર્શન કર્યાં**

કોંગ્રેસના ઉમેદવાર અલ્પેશજી ઠાકોરે વિધાનસભા બેઠા ઉપર ઝળહળતો વિજય મેળવતા સૌ પ્રથમ વરાણા ખોડિયાર માતાજીના દર્શન કર્યાં બાદ દેવ ગામે જઈને હીમજા માતાજીના મંદિરે જઈને માં ના ચરણોમાં શીશ નમાવીને વંદન કર્યા હતા.

## યુવાનોને નોકરી અપાવવાના બહાને ૪૮ લાખની છેતરપીંડી કરનાર મહાઠગ ઝડપાયો

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ અને ઈડર તાલુકામાં નોકરી અપાવવાના બહાને લાખો રૂપિયાની છેતરપીંડી કરનાર મુળ ઊંઝા તાલુકાના હાજીપુર ગામના અને હાલ અમદાવાદ રહેતા આ મહાઠગને પોલીસે વસ્ત્રાલ વિસ્તારમાંથી ઝડપી લઈને ગત ગુરૂવારે ગાંભોઈ પોલીસના હવાલે કર્યો હતો.

જાણવા મળતી વિગતો અનુસાર થોડા સમય અગાઉ હિંમતનગર તાલુકાના એક ગામમાં ભાડાના મકાનમાં રહેતા એક શખ્સે મકાન માલિકની દિકરીને ઓએનજીસીમાં નોકરી અપાવવાના બહાને રૂા. ૧૫ લાખ લીધા હતા પરંતુ ઓએનજીસીમાં નોકરી ન અપાવીને

છેતરપીંડી કરતા ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી. ઉપરાંત આજ શખ્સે ઈડર અને પ્રાંતિજ તાલુકામાંથી પણ કેટલાક યુવાનોને નોકરી આપવાના બહાને રૂા. ૪૮ લાખ નકલી ઈન્કમટેક્ષ ઓફિસરને નામે ખંખેર્યા હતા. જેથી પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ ચલાવતા વસ્ત્રાલમાંથી આ મહાઠગને ઝડપી લીધો હતો.

## માત્રાસણ કેનાલમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો

મહેસાણા

બહુચરાજી તાલુકાના માત્રાસણ ગામે નર્મદાની મુખ્ય કેનાલમાંથી કોઈ અજાણ્યા યુવાનની લાશ મળી આવતા મોઢેરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર મોઢેરા ખાતે નર્મદા કેનાલમાં કોઈ અજાણ્યા યુવકે ઝંપલાવી આપઘાત કર્યો હતો. જે બાબતે કેનાલ ઉપર ફરજ બજાવતા સંદિપસિંહ સોલંકીએ મોઢેરા પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસે ઘટના સ્થળે પહોંચીને તરવૈયાઓની મદદથી લાશની શોધખોળ ચલાવી હતી. પરંતુ તેનો પત્તો ન મળતાં મહેસાણા ફાયરબ્રિગેડની મદદથી ગત રવિવારે સવારે ૩૫ વર્ષના યુવાનની લાશ આયફનમાંથી બહાર કાઢી હતી.

મૃતકે જીન્સ પેન્ટ અને શર્ટ પહેરેલ છે. મૃતકનું પીએમ કરાવી મોઢેરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ ચલાવેલ છે.

## કટકમાં ભારત શ્રીલંકાની પહેલી ટી ટવેન્ટી મેચને લઈ સુરક્ષા કડક

(હિં.સ.) કટક

કટકના બારાબતી સ્ટેડિયમમાં આવતીકાલ તા.૨૦ ડિસેમ્બરના રોજ યોજાનાર ભારત શ્રીલંકાની વચ્ચે યોજાનાર ત્રણ મેચોની સીરીજની પ્રથમ ટી ટવેન્ટી મેચને ધ્યાનમાં રાખી કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

પોલીસ મહાનિર્દેશક ડો રાજેન્દ્ર પ્રસાદ શર્માએ સ્ટેડિયમમાં જઈને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી સ્ટેડિયમમાં આવનાર તમામ આયોજન અને સુરક્ષા વ્યવસ્થાને લઇ પોલીસ કમિશ્નર યોગેશ બહાદુર ખુરાનિયા અને કટકના ડીસીપી અખિલેશ્વર સિહથી પણ તેમણે ચર્ચા કરી હતી.

પોલીસ ડીજીએ કહ્યું કે બારાબતીમાં મેચને શાંતિપૂર્ણ રીતે ખત્મ કરવા માટે તમામ પગલા ઉઠાવવામાં આવશે. ફકત પોલીસ જ નહીં પરંતુ સીસીટીવી કેમેરા દ્વારા સ્ટેડિયમની અંદર અને બહારની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવશે. કટક ભુવનેશ્વરમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવસે અને સુરક્ષા કર્મચારીઓને તહેનાત કરવામાં આવશે જેથી મેચ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઇ શકે.

## મહેસાણામાં મહિલાના ગળામાંથી સોનાની ચેઈનની તફડંચી

મહેસાણા

મહેસાણાના મોઢેરા રોડ પર મહિલાના ગળામાંથી રૂા.૨૫ હજારની કિંમતની સોનાની ચેઈનની ચીલઝડપ કરવામાં આવતાં શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

જાણવા મુજબ મહેસાણા ખાતેના મોઢેરા રોડ પર મહેસાણા નગર સોસાયટીમાં રહેતા ભારતીબેન જયેશભાઈ દેસાઈ ગત શનિવારે સોસાયટીના બોર્ડ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા યુવકોએ તેણીના ગળામાંથી સોનાની ચેઈનની તફડંચી નાસી છુટ્યા હતા.

# ગુજરાત વિધાનસભા ચૂંટણી + પક્ષો = શાણી પ્રજા, મર્યાદા ઓળંગવી નહીં

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ ની ચૂંટણી ઉપર દેશ અને દુનિયાની નજર રહી હતી. આ કારણે જ તમામ દેશોમાં ગુજરાત રાજ્યની વિશેષ નોંધ લેવામાં આવી હતી. જો ફરી એકવાર રાજ્યમાં ભાજપનું શાસન આવે તો વિકાસની હરણફાળ તો યથાવત રહેશે તેમજ આ ઉપરાંત વિદેશી રોકાણ પણ વધશે. આ ઉપરાંત દર વર્ષની જેમ રોજગારીની નવી તકો સર્જાશે આવી જાહેરાતો ટૂંક સમયમાં આપણા કાનમાં પડવા લાગશે.રાજ્યમાંથી નરેન્દ્ર મોદી દિલ્હીની સર્વોચ્ચ સત્તા ઉપર બિરાજમાન થયા બાદ ભાજપ સરકારની ગુજરાત ઉપર પકડ ઢીલી થઈ હતી. રાજ્યમાં આનંદીબેન પટેલની સરકાર રચાઈ. આ સરકાર બનતા પહેલા પણ અનેક વિરોધના વંટોળ ઉઠ્યાં હતા. પરંતુ મોદી - શાહની જોડીએ તમામને ચૂપ કર્યા અને આનંદીબેનની સત્તા ઉપર આવ્યા બાદ ગુ-જરાતમાં જુદા - જુદા સ્થળોએ આંદોલનના જન્મ થયા અને તેના પુરમાં આનંદીબેનના આનંદને ગ્રહણ લાગી ગયું. રાજ્યની કમાન કોણ સંભાળશે ? કે પછી રાજ્યમાં અધ્ધ વચ્ચે ચૂંટણી આવી પડશે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. પરંતુ તમામ વસ્તુઓ થાળે પડી અને પાણીની તંગી સાથે વિજયભાઈ રૂપાણીએ કમાન સંભાળ્યું.

ભાજપના શાસનમાં કદાચ આવી ઘટના પહેલીવાર બની હશે કે, નરેન્દ્ર મોદી દિલ્હી ગયા અને ગુજરાતની કમાન ભાંગી પડી. થોડા મહિના બાદ ફરી એક વખત તે - જ સિલ-સિલો યથાવત રહ્યો હતો.

વડાપ્રધાન મોદીએ વડાપ્રધાનનું સર્વોચ્ચ પદ ઉપર પહોચ્યા તે બાદ વર્ષમાં બે મોટા નિર્ણયો કર્યા. એક તો નોટબંધી અને બાદમાં જીએસટી હવે નોટબંધીનો એકાએક નિર્ણયથી જનતા માથે તો જાણે આભ ફાટી પડયું હોય તેવી સ્થિતિનું સર્જન થયું. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આશરે પાંચથી છ મહિના સુધી તમામ ધંધાઓ મૃત : પ્રાય બન્યા હતા. હજુ તો નોટબંધીના નિર્ણયને આઠ - નવ માસનો સમય વીત્યો હતો જનજીવન ધીમે ધીમે પાટા ઉપર આવતું હતું ત્યાં બીજો નિર્ણય જીએસટીનો આવ્યો.

વેપારીઓ માટે આ નિર્ણય વ્રજઘાત સમાન બનીને રહ્યો. આ નિર્ણયથી વેપારી આલમમાં રોષની લાગણી ફેલાઈ હતી. જીએસટી નિર્ણયમાં ફેરફાર કરવા, રદ કરવા, અનેક જિલ્લાઓમાં વેપારીઓએ આંદોલનો શરૂ કર્યા અંદરખાને તમામ વેપારી મંડળોએ સરકારને હવે પુનરાવર્તન નહી કરે તેવા સુર પણ નીકળ્યા હતા. પરંતુ ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીકમાં આવતી હોય કદાચ વેપારીઓ પણ આ તકની રાહ જોઈને બેઠા હતા અને રોષ 'મત' દ્વારા પ્રગટ કર્યો.

સામાન્ય રીતે રાજયમાં છેલ્લા ૨૦ વર્ષથી ભાજપની સરકાર રહી છે. પરંતુ ૧૯ માં વર્ષથી જ અનેક નિર્ણયો, આંદોલને રાજયમાં સરકાર પરિવર્તન થવાની આગાહી કરી હતી. પરંતુ આ બધી વાત આગળ પ્રજાની વાત કોઈ પણ નેતાઓ સાંભળવા તૈયાર હતા નહી એટલે એકંદરે પ્રજામાં પણ સરકારની બેવડી નીતિ, રીતી સામે આક્રોશ હતો.

હવે ગુજરાત વિધાનસભા ચૂંટણીની વાત કરીએ તો જયારથી ચૂંટણીની તારીખો નક્કી થવાની વાતો ચાલતી હતી તે પૂર્વે જ નરેન્દ્ર મોદી વિવિધ યોજનાઓને ખુલ્લી મુકવા માટે રાજયમાં આવતા હતા. ત્યારથી જ કદાચ ચૂંટણી પ્રચારનો પ્રારંભ થઈ ગયો હતો. થોડા દિવસો બાદ રાહુલ ગાંધી પણ ગુજરાતમાં આવેલા લગભગ તમામ મંદિરોમાં દર્શન કરીને સોફટ હિન્દુત્વનો રાગ આલોપ્યો હતો.

ગુજરાતમાં મોદી - ગાંધીની સભાઓ તો બીજી બાજુ હાર્દિકનું ફેસબુક લાઈવ તમામ જગ્યાએ વિશાળ જનમેદનીના દર્શન થયા. પ્રજાએ ભાજપની સીટો ઓછી કરવાનું ધારી લીધું હતું. અને આમ પણ કહેવત પ્રમાણે, 'સાંભળવાનું બધાનું, જોવાનું બધાનું પણ કરવાનું આપણું પોતાનું' એટલે કે આપણને જે ગમે તેજ કરવાનું.

આ તમામ લોકોનો રોષ વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળે છે. ગત ચૂંટણીમાં જે સરકારને સર્વોચ્ચ બહુમતી મળી હતી તે સરકારને આ વખતે માત્ર ૯૯ સીટ આપી તો મૃત થવાની આરે ઉભેલી કોંગ્રેસને ૮૦ જેટલી સીટ આપીને નવા પ્રાણ આપી સજીવન કરી, તો ભાજપને પણ ઈશારો કર્યો કે પ્રજા છે ત્યારે સત્તા આવે છે., તો બીજી તરફ હાર્દિકને પણ ઈશારો કર્યો કે, તું જો બધુ બદલવાની વાત કરતો હોય તો તે શક્ય નથી. આમ પ્રજાએ એકંદરે બધાને ઈશારો કર્યો કે, મર્યાદા ઓળંગશો નહી. આમ ગુજરાતની શાણી પ્રજાએ તમામ શાન ઠેકાણે પાડી દીધી.

## ભાભર ખાતે કોંગ્રેસના વિજેતા ઉમેદવાર ગેનીબેન ઠાકોરના વિજય સરઘસ બાદ સભા યોજાઈ


વનરાજસિંહ રાઠોડ

તા. પ્રતિ. ભાભર

વાવ વિધાનસભાની સીટ ઉપર કોનો વિજય થશે ? તે ઉત્સૂકતા ગુજરાતભરમાં હતી અને રસાકસી ભરી બની ગઈ હતી. જેમાં રાજ્ય સરકારના સક્ષમ ગણાતા નેતા અને સહકારી આગેવાન એવા શંકરભાઈ ચૌધરીને હરાવી કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર વિજેતા બનીને રાજકરણમાં અપસેટ સર્જયો હતો. ગઈકાલે મંગળવારે ભાભર ખાતે નિર્વાચીત ધારાસભ્ય ગેનીબેન ઠાકોર વિજય સરઘસ કોંગ્રેસ દ્વારા કાઢવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં સર્મથકો ઉમટી પડ્યા હતા. હાઈવે રોડ કલાકો સુધી ચક્કા જામ થઈ ગયો હતો. હાઈવેથી બજાર અને બાદમાં ખાડીયા મેદાનમાં જાહેર સભા યોજાઈ હતી.

નવનિર્વાચીત ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે તેમને વિજેતા બનાવવા બદલ ભાભર, વાવ અને સુઈગામના કોંગ્રેસ અગ્રણીઓ, કાર્યકરો અને મતદારભાઈ-બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો. ગતરોજ વિકાસ કામો પુર ઝડપે કરીને વાવ-વિધાનસભા વિસ્તારને વિકાસની નવી દિશા આપીશ તેવું વચન આપ્યુ હતુ.

# ડીસામાં કોંગ્રેસનો અતિ ઉત્સાહ ભારે પડયો અને ભાજપે બાજી મારી

### કોંગ્રેસના ઉમેદવારે કોઈપણ પ્રકારનો પ્રચાર ન કર્યો : સ્ટાર પ્રચારકો ન આવ્યા

ડીસા

ડીસા વિધાનસભા બેઠકની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈ પંડ્યાએ કોંગ્રેસના દિગ્ગજ ગોવાભાઈ રબારી ને ચૌદ હજાર મતથી વધુ લીડથી કારમી હાર આપી છે. ગોવાભાઇ દેસાઇ ની હાર પાછળ તેમનો અતિ ઉત્સાહ અને કોઈપણ પ્રકારના પ્રચાર કાર્ય વગર ચૂંટણી જીતી જીતી જવાશે તેવો આત્મવિશ્વાસ ભારે પડ્યો હતો.

ડીસા વિધાનસભા બેઠકની ચૂંટણીમાં કોંગ્રેસે વર્તમાન ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ ને ઉમેદવાર બનાવ્યા હતા જયારે ભાજપે ઉમેદવારીપત્રક ભરવાના છેલ્લા દિવસ સુધી કોને ટિકિટ આપવી તેની ભારે મથામણ બાદ શશીકાંત પંડ્યાને ટિકિટ આપી હતી. ભાજપે ટિકિટ આપી ત્યારે કેટલાક મોટા સમાજો અને સંગઠનમાં પણ નારાજગી હોય તેવી સ્થિતિ હતી. જેથી ગોવાભાઇ ની જીત નિશ્ચિત મનાતી હતી. પરંતુ ડીસા ના ઉમેદવાર શશીકાંત પંડ્યા અમિત શાહના નિકટવર્તી હોવાથી અમિત શાહે જાતે જ રસ લઈ પક્ષની અને અન્ય સામાજિક ડેમેજ કંટ્રોલ કરવાની કવાયત કરી હતી. જેનો લાભ ખૂબ મોટાપાયે મળ્યો.

જયારે ડીસા બેઠક પર છેલ્લા ઘણા સમયથી ભાજપ અને કોંગ્રેસ બંને ના ઉમેદવાર ગ્રામ્ય વિસ્તારોમાંથી કે બહારથી આવતા હતા ત્યારે આ વખતે ભાજપે શશીકાંત પંડ્યાને ટિકિટ આપતા શશીકાંત પંડ્યા પોતાની જાતને શહેરના ઉમેદવાર તરીકે પ્રસ્થાપિત કરવામાં સફળ થયા હતા. જેનો સીધો લાભ મળતા શહેરમાંથી તેમને ૧૧ હજાર મતની લીડ મળી હતી જે તેમની જીત માટે મોટી મોટી સાબિત થઇ હતી.

જયારે સામા પક્ષે કોંગ્રેસના ગોવાભાઈ દેસાઈ વધુ પડતા આત્મવિશ્વાસમાં રહ્યાં અને તેઓએ ડીસા શહેરમાં કોઇપણ પ્રકારનું પ્રચાર કાર્ય કર્યું ન હતું કે કોંગ્રેસ દ્વારા કોઇપણ સ્ટાર પ્રચારક કે સ્થાનિક નેતાઓની સભા પણ યોજાઇ ન હતી. ગોવાભાઈ જાતે ગ્રામ્ય વિસ્તારોમાં નાની મોટી સભાઓ કરી અને શહેરમાં સામાજિક સંગઠનો સાથે બેઠકો યોજી હતી. પરંતુ કોઈ પ્રકારનું આંખે ઊડીને વળગે તેવું પ્રચારકાર્ય કોંગ્રેસનું ડીસા શહેરમાં જોવા મળ્યું ન હતું. જેથી ગોવાભાઈને તેમનો આત્મવિશ્વાસ હરાવી ગયો હોવાની ચર્ચા છે.

# અમીરગઢ મત વિસ્તારમાં ધારાસભ્યનું વિજય સરઘસ



પ્રતિનિધિ અમીરગઢ

દાંતા વિધાનસભા મત વિસ્તારમાંથી જીતેલા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર કાન્તિભાઈ ખરાડીનો ભવ્ય વિજય થતાં ગઈકાલે અમીરગઢ તાલુકાના ધનપુરા, બંધ, ખાપા, અમીરગઢ વગેરે ગામોમાં તેમનું વિશાળ વિજય સરઘસ નીકળ્યું હતું.

વિજય સરઘસમાં કોંગ્રેસના દાંતા વિધાનસભાના નિરીક્ષક નિસારભાઈ, દિનેશભાઈ ગઢવી તથા ઈકબાલગઢના પ્રખર કોંગ્રેસ કાર્યકર્તા રફીકભાઈ તથા અન્ય કાર્યકરો, ધનપુરાના કાર્યકરો તથા અમીરગઢના રમેશભાઈ અગ્રવાલ, અશોકભાઈ નાયી, બાબુભાઈ પટેલ, ચમનજી ડામેચા, જીવણભાઈ ડાભી, મેલાપચંદ સોની સહિત અન્ય અગ્રણીઓ જોડાયા હતા. બેન્ડવાજા સાથે ધારાસભ્યનું સ્વાગત કરી સરપંચ રાજેન્દ્ર અગ્રવાલે તેમને ઉલ્લાસભેર આવકારી અભિનંદન આપ્યા હતા. કાંન્તિભાઈ ખરાડીએ વિજય અપાવવા બદલ તમામ કાર્યકરો અને મતદારોનો આભાર માની, વિસ્તારના કાર્યો માટે હંમેશા તત્પર રહીશ તેવી ખાત્રી આપી હતી.

### અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૫.૭ ડિગ્રી

# રાજ્યમાં ૨૪મી ડિસેમ્બરથી ઠંડીનું પ્રમાણ વધશે : રિપોર્ટ

### ૨-૩ દિવસ વાદળછાયુ વાતાવરણ રહેશે તેવી આગાહી

અમદાવાદ

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી જોવા મળેલી ઠંડીની અસર બાદ આજે આકાશ વાદળછાયુ જોવા મળ્યું હતું. ઘાડ ધુમ્મસ અને વાદળછાયા આકાશની વચ્ચે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, આગામી ચાર દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઇ ખાસ નોંધપાત્ર વધારો થવાની સંભાવના નથી. આ સાથે જ આકાશ વાદળછાયુ રહેશે પરંતુ ૨૪મી ડિસેમ્બરથી રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો કરવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસતી જમ્મુ કાશ્મીર અને ઉત્તર ભારતના વિવિધ વિસ્તારોમાં થયેલ હિમવર્ષાના પગલે મહત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો હતો જેને લઇને રાજ્યમાં અમદાવાદ સહિત છેક કચ્છમાં આવેલા નલિયા ખાતે પણ નોંધપાત્ર અસર જોવા મળી હતી. બીજી તરફ રાજ્યના લોકો માટે રાહતના સમાચાર આપતા હવામાન વિભાગે આગાહી કરી છે કે, આવનાર ચાર દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ખાસ કોઇ ફેરફાર નોંધાશે નહીં. આજે નલિયા અને ભુજ ખાતે લઘુત્તમ તાપમાન ૧૧.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાવા પામ્યું હતું જ્યારે અમદાવાદ ખાતે લઘુત્તમ તાપમાન ૧૫.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાવા પામ્યું છે. આ સાથે જ ૨૪મી ડિસેમ્બરથી રાજ્યના લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઘટાડો થવાની પણ હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે.

આમ ક્રિસમસ અગાઉ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ ફરી એકવખત અનુભવાશે. રાજ્યમાં ગત સપ્તાહે ૧૪મી ડિસેમ્બરથી રાજ્યના લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવાયો હતો જેને લઇને રાજ્યમાં નગરજનોએ સાંજના અને વહેલી સવારના સમયે પણ તીવ્ર ઠંડીનો અનુભવ કર્યો હતો

# ડીસા સહિત જિલ્લાના હવામાનમાં પુનઃ પલટો

### વાદળા છવાતા ઠંડીમાં ઘટાડો : ડીસામાં લઘુત્તમ તાપમાનનો પારો ૧૨.૬ ડીગ્રી


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં ગત પખવાડિયે આવેલા હવામાનના પલટાના પગલે અનેક સ્થળો પર મધ્યમ વરસાદ થવા પામ્યો હતો. જથી ભરશિયાળે ચોમાસુ માહોલ ઉભો થયો હતો. ત્યારે ફરી એક વાર ગઈકાલે જિલ્લાના હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. કાશ્મીર સહિત ઉત્તર ભારતના પહાડી પ્રદેશોમાં થયેલી હિમવર્ષાના કારણે સમગ્ર જિલ્લામાં ઠંડીનું મોજુ ફરી વળ્યુ હતું. પણ ત્યારબાદ અચાનક મંગળવારની સવારથી જ હવામાનમાં પલટો જોવા મળતા આકાશમાં વાદળો છવાતા ઠંડીનું પ્રમાણ પણ ઓછુ થયુ છે. જેથી હવામાનમાં આવેલ પલટાના કારણે મહત્તમ તાપમાનમાં પણ વધારો થતા ૨૮.૮ ડીગ્રી નોંધાયો છે.

મંગળવારની વહેલી સવારે જિલ્લાના આકાશમાં વાદળોનું પડ છવાતા વાતાવરણમાં પુન પલટો આવ્યો છે હવામાનમાં આવેલા પલટાના કારણે જિલ્લાના ખેડુત વર્ગ પણ ચિંતામાં ઘેરાયો છે. વાદળ છાયા વાતાવરણથી રવિ સીઝનના ઉભા રવિપાક પર તેની અસર થતી હોય છે. જો સતત બે ત્રણ દિવસ સુધી વાદળછાયુ વાતાવરણ રહે તો ઉભા પાકમાં જીવાત પડવાની શકયતાઓ રહેતી હોય છે આ ઉપરાંત એરંડા,ઘઉં, જીરૂ, રાયડો જેવા પાકોને આવા હવામાનથી મોટુ નુકશાન થતુ હોય છે ત્યારે ડીસા સહિત જિલ્લાના હવામાનમાં પલટાના પગલે વિધિતમ અને મહત્તમ તાપમાનમાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે ઠંડીના પ્રમાણમાં પણ આંશીક ઘટાડો થયો છે ત્યારે વાદળો વિખેરાતા ફરી એકવાર ઠંડીનું પ્રમાણ વધશે તેમ હવામાન વિભાગ દ્વારા જણાવવા મળ્યું છે ડીસા હવામાન વિભાગ દ્વારા મતી માહિતી પ્રમાણે ડીસાનું મહત્તમ ૨૮.૮ જ્યારે લધુત્તમના પારો ૧૨.૬ ડીગ્રી રહેવા પામ્યો છે. જ્યારે આગામી ૪૮ કલાક સુધી વાદળછાયુ વાતાવરણ રહેવાની સંભાવના છે.

# ડીસાના જુનાડીસા નજીકથી કેનાલમાંથી યુવકની લાશ મળી

### આશરે ૪૦ વર્ષના યુવકની લાશ તણાઈને કેનાલમાં આવી : પોલીસે લાશ બહાર કાઢી તપાસ હાથ ધરી

ડીસા

ડીસા પાટણ હાઈવે પર જુનાડીસા અને ખરડોસણ વચ્ચેથી પસાર થતી દાંતીવાડા સિંચાઈ યોજનાની મુખ્ય કેનાલમાંથી મંગળવારે અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. ડીસા તાલુકા પોલીસે લાશ બહાર કાઢી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ડીસા પાટણ હાઈવે પર ખરડોસણ નજીકથી પસાર થતી દાંતીવાડા કેનાલમાંથી યુવકની લાશ પડી હોવાની માહિતી ડીસા તાલુકા પોલીસને મળતા પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. લાશ એકાદ દિવસથી પડી જશે પરંતુ કેનાલમાં પાણીનો પ્રવાહ ઓછો થતાં આજે લાશ દેખાઈ હતી. જેથી લાશ કોહવાઈ ગયેલી હાલતમાં હતી. આશરે ૪૦ વર્ષના યુવકની લાશ છે અને યુવક પાસેથી ઓળખ થાય તેવી કઈ પણ મળ્યું નથી. જેથી પોલીસે લાશ બહાર કાઢી પીએમ અર્થે ડીસા સિવિલમાં મોકલી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## મહેસાણામાં વાટકી ચોર્યાના આરોપમાં પરિણિતાએ ઝેર પીધું

મહેસાણા

સાસરીયાઓનાં ત્રાસથી પરણિતાએ ઝૈર ગટગટાવ્યું હોવાનું સામે આવ્યું છે. મહેસાણાની પરણિતા પર સાસરીયાઓએ ચાંદીની વાટકી ચોર્યાનો આરોપ લગાવ્યો હતો. જે બાદ પરણિતાને લાગી આવતા તેણે ઝેર પીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

## બાલીસણા ખાતે ટ્રકની ટક્કરથી રાહદારીનું મોત

પાટણ

પાટણ નજીકના બાલીસણા સરદાર ચોક પરથી ગત રવિવારે સાંજે ૫-૩૦ કલાકે આવી રહેલી ટ્રક જીજે ૦૨ વીવી ૫૩૭૪ ના ચાલકે માર્ગ પરથી પસાર થતાં ત્રણ ચાર રાહદારીઓને અડફેટે લેતાં જેમાં સરદાર ચોક પાસેથી પસાર થતાં ફારૂક અલ્લારખા ઈબ્રાહીમ નામના ૪૦ વર્ષિય યુવાનને ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટના સ્થળે મોત થયું હતું. ભાગી છુટેલા ટ્રક ચાલક વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રથમ વાર્ષિક અશ્રુભરી શ્રધ્ધાંજલિ


સ્વ.મફતલાલ દીપાજી શાહ (બાગરેચા)
સ્વ.તા.૨૦/૧૨/૨૦૧૬

અચાનક વિદાય લઈ લીધી પપ્પા તમે, મારે હજુ જરૂરત હતી તમારી ને સાથ છોડી દીધો તમે, હવે તમારો લાડ કોણ લડાવશે તમારી દિકરીને, પણ પપ્પા અમારા દિલમાં રહેવાના છો તમે સદાય, પપ્પા બસ એક જ છે અરજ અમારી તમે સદા રાખજો હાથ તમારો માથે અમારે, ભગવાન આપના આત્માને શાંતિ પ્રદાન કરે.

લિ.
મહેન્દ્રકુમાર મફતલાલ શાહ (પુત્ર)
રેણુકાબેન મહેન્દ્રભાઈ શાહ (પુત્રવધુ)
દિનેશભાઈ બાદરમલ શાહ (ભત્રીજા)
ટીનાબેન દિનેશભાઈ શાહ (પુત્રવધુ)
પુષ્પાબેન બાદરમલ શાહ (ભત્રીજી)
રેખાબેન પ્રવિણભાઈ શાહ (પુત્રી)
ઉષાબેન રાકેશભાઈ શાહ (પુત્રી)
જયોત્સનાબેન મફતલાલ શાહ (પુત્રી)
ભીખીબેન પરખાજી શાહ (બહેન)
શાન્તાબેન અમરતલાલ શાહ (બહેન)
નાજુબેન ભેમાજી શાહ (બહેન)
તથા સમસ્ત બાગરેચા પરિવાર
રામપુરા (દામા), તા.ડીસા

જાહેર આભાર

ડીસા વિધાનસભા વિસ્તારના તમામ મતદાર ભાઈ - બહેનો, વકીલો, સ્નેહીજનો, કાર્યકર મિત્રો તથા સમગ્ર પ્રજાજનોનો વિધાનસભાની ચૂંટણીમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મને સાથ અને સહકાર આપવા બદલ હું તમામનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરૂં છું. હું સદાય પ્રજાકીય અને સેવાકીય કાર્યો માટે સતત આપણી વચ્ચે રહી પ્રયત્નશીલ રહીશ.



લિ.
ગોવાભાઈ રબારી - ડીસા

હાર્દિક અભિનંદન


શ્રી શશીકાંતભાઈ પંડયા
નવનિર્વાચીત ધારાસભ્યશ્રી, ડીસા વિધાનસભા

બનાસકાંઠા જિલ્લાની મહત્વની ડીસા બેઠકના ભાજપના ફાયર બ્રાન્ડ લોકલાડીલા ઉમેદવાર શ્રી શશીકાંતભાઈ પંડયાનો જંગી બહુમતિથી વિજય થવા બદલ તેમને અંતઃકરણપૂર્વકના અભિનંદન... આપ રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર આગળ વધો તેવી શુભકામના...

લિ.
ભોજરાજ એમ. ખત્રી (છાટબાર)
પૂર્વ સિટીઝન સેલના કન્વીનર - ડીસા શહેર ભાજપ
જયરામભાઈ એમ.ખત્રી | મંઘારામભાઈ એમ.ખત્રી
ભગવાનદાસ એમ.ખત્રી | ચંદુલાલ એમ.ખત્રી
સમસ્ત છાટબાર પરિવાર - ડીસા

હાર્દિક અભિનંદન


શ્રીમતિ ગેનીબેન ઠાકોર
નવનિર્વાચીત ધારાસભ્યશ્રી, વાવ વિધાનસભા

૦૭ - વાવ વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર શ્રીમતિ ગેનીબેન ઠાકોર જંગી બહુમતિથી વિજય બન્યા તે બદલ ખુબ ખુબ અભિનંદન તથા આપ રાજકીય, સહકારી ક્ષેત્રે અને સમાજ સેવામાં ઉત્તરોત્તર પ્રગતિના પંથે આગળ વધો તેવી મારી અંતરની શુભેચ્છાઓ...


લિ.
શ્રી વસરામભાઈ કાનજીભાઈ ઠાકોર
પ્રમુખ, ભાભર તાલુકા કોંગ્રેસ સમિતિ
પૂર્વ સરપંચ, ચાતરા ગ્રામ પંચાયત

જાહેર આભાર

આપશ્રીની થરાદ તાલુકા ભારતીય જનતાપાર્ટીના થરાદ વિધાનસભા બેઠકના ધારાસભ્ય તરીકે જંગી બહુમતીથી જીત થવા બદલ અમો હર્ષ અને ગર્વની લાગણી અનુભવીએ છીએ તથા આપશ્રી ઉત્તરોતર પ્રગતિના સોપાન સર કરો તેવી હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.


શ્રી પરબતભાઇ પટેલ
નવનિર્વાચિત, ધારાસભ્યશ્રી થરાદ બેઠક

લિ.
શ્રી પ્રવિણજી ગેનાજી ઠાકોર
યુવા અગ્રણી ઠાકોર સમાજ
મોરથલ તા.થરાદ

શ્રી ગેનાજી હેંદુજી ઠાકોર
(પૂર્વ સરપંચશ્રી, મોરથલ ગૃપ ગ્રામ પંચાયત, તા.થરાદ)

જીતશે વિકાસ, જીતશે ગુજરાત